બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** (માસિક)

**જાન્યુઆરી-૨૦૨૫**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૨, અંક : ૧, સળંગ અંક : ૨૫૨

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | રજબ મહીનાની ફઝીલતો | 04 |
| 02 | **મેઅરાજમાં ખુદાના દીદાર વિશે વાંધાઓ અને તેના જવાબ** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 14 |
| 06 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 17 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ | 20 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 22 |
| 09 | રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 25 |
| 10 | *(બીજી સદીના મુજદ્દિદ : ૬)* ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ | 30 |
| 11 | પાંચ નબવી નસીહતો | 33 |
| 12 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 38 |
| 13 | ઝર્બે હૈદરી | 44 |
| 14 | શબે મેઅરાજના નવાફિલ | 49 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


### ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

ખ્વાજા જી દિલમેં મેરે ક્યા ગુલ ખિલાયા આપને
ઝુલ્મતોં મેં નૂર કા દીપક જલાયા આપને
તા કે યે બન જાએ વલિયોં સૂફિયોં કી સરઝમીં
ઈસ લિયે ભારત મેં હી ડેરા લગાયા આપને
સુન્નતે ગૌષુલ વરા કો આપને જારી રખા
મકરે શૈતાં સે મુરીદોં કો બચાયા આપને
આપને બખ્શા તસવ્વુફ કો કમાલે જાવીદાં
ખાનકાહોં કા ચલન કિસને બઢાયા આપને
થા જો એક ઉજડા હુવા સા શહર રેગિસ્તાન કા
ઉસકો અજમેરે મુક઼દ્દસ કહેલવાયા આપને
ફૈઝે ખ્વાજા સે ચલા હૈ આજ 'નઝમી' કા ક઼લમ
મુઝ કો કુછ લિખને કે ભી ક઼ાબિલ બનાયા આપને

અઝ : હસ્નૈનમિયાં 'નઝમી' મારહરવી

## રજબ મહીનાની ફઝીલતો

કાર્યાલય

### છે કોઈ અલ્લાહના મહીનાની બરકતો લૂંટનાર !!!

રજબુલ મુરજ્જબ તે ચાર મહીનાઓમાંથી છે જેને કુર્આન મજીદે ઝિક્ર કરેલ છે : مِنْهَا اَرْبَعَةٌ حُرُمٌ એટલે કે ચાર મોઅઝ્ઝમ મહીનાઓમાંથી એક મોઅઝ્ઝમ મહીનો રજબ છે. હદીષોમાં પણ એની ઘણી ફઝીલત આવી છે.

**હદીષ** : રજબ અલ્લાહનો મહીનો છે અને શાબાન મારો મહીનો છે અને રમઝાન મારી ઉમ્મતનો મહીનો છે.

*(માષબત મિનસ્સુન્નહ્, પેજ–૧૨૬)*

### ★ રજબના રોઝાની ફઝીલત ★

**હદીષ** : બેશક ! રજબ અઝમતવાળો મહીનો છે એમાં નેકીઓનો સવાબ બમણો થાય છે. જે વ્યક્તિ રજબનો એક દિવસ રોઝો રાખે તો (જાણે) તેણે વરસભરના રોઝા રાખ્યા.

*(હવાલો ઉપર મુજબ, પેજ–૧૨૬)*

વધુમાં ફર્માવ્યું નબી કરીમ ﷺ એ કે, જે કોઈ રજબના સાત દિવસના રોઝા રાખશે તો તેના પર દોઝખના સાત દરવાજા બંધ કરવામાં આવશે. અને જો કોઈ તેના આઠ દિવસના રોઝા રાખે તો તેના માટે જન્નતના આઠ દરવાજા ખોલવામાં આવશે અને જો કોઈ માણસ રજબના દસ દિવસના રોઝા રાખશે તો અલ્લાહ કરીમને જે ચીજનો સવાલ કરે તે એને આપશે. અને જો કોઈ રજબના પંદર દિવસના રોઝા રાખે તો આસ્માનેથી એક મુનાદી નિદા કરે છે કે તારા પાછલા ગુનાહો માફ થઈ ગયા છે અને હવે નવેસરથી અમલ શરૂ કર ! અને જે અધિક રોઝા રાખશે તેને અલ્લાહ કરીમ અધિક આપશે. *(હવાલો ઉપર મુજબ)*

**હિકાયત** : સૈયેદના ઈસા રૂહુલ્લાહ علیہ السلام એકવાર એક પહાડની પાસેથી પસાર થયા તો જોયું કે પહાડથી નૂરના કિરણો નીકળી રહ્યાં છે. આપે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી તો પહાડે અર્ઝ કરી, રૂહુલ્લાહ ! علیہ السلام તમે શું ચાહો છો ? તો આપે પૂછયું કે આ તારી ચમક દમક કેવી છે ? પહાડે અર્ઝ કરી કે મારી અંદર એક મર્દે ખુદા છે એની આ બધી બરકત છે. પછી આપે રબથી અર્ઝ કરતાં એક હસીનો જમીલ બુઝુર્ગ આપના સમક્ષ જાહેર થયા અને કહ્યું કે, હું સૈયેદના મૂસા علیہ السلام ની કૌમમાંથી છું. મેં ખુદા તઆલાથી દુઆ માંગી હતી કે મને એટલી લાંબી ઉમર આપ કે હું હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ ની ઉમ્મતમાં સામેલ થઈ જાઉં. જેથી અત્યારે ૬૦૦ વરસથી હું ઈબાદતમાં અહીં મગ્ન છું !

સૈયેદના મૂસા علیہ السلام એ અર્ઝ કરી કે ઈલાહી ! શું પૃથ્વીના ઉપર તારી નજીક આથી વધીને કોઈ બુઝુર્ગ છે ? તો રબે ફર્માવ્યું કે હે ઈસા ! ઉમ્મતે મુહમ્મદીની જે વ્યક્તિ રજબ મહીનામાં એક દિવસ રોઝો રાખશે તો તે મારી નજીક આ શખ્સથી અધિક બુઝુર્ગ હશે.

### ★....તો જે દુઆ માગશે કબૂલ થશે !★

રજબની પહેલી જુમેરાત રાત (લૈલતુલ્ રગાઈબ)માં મગરિબની નમાઝ બાદ ૧૨ રકાતો નફ્લ છ સલામ સાથે (બે બે કરીને) પઢવામાં આવે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી *ઈન્નાઅન્ઝલ્ના* ૩ વાર અને *કુલ્હુવલ્લાહ* ૧૨ વાર પઢે. નમાઝથી પરવારીને આ દુરૂદ શરીફ ૭૦ વાર પઢે : *અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિનિન્નબિય્યિલ ઉમ્મિય્યિ વ અલા આલિહી વ અસ્હાબિહી વસલ્લમ.* પછી સિજદામાં જઈને ૭૦ વાર આ પઢો : *સુબ્બુહુન્ કુદુસુન્ રબ્બુના વ રબ્બુલ્ મલાઈકતિ વર્રૂહ.* અને સિજદાથી સર ઉઠાવીને ૭૦ વાર પઢે : *રબ્બિગ્ફિર વર્હમ વતજાવઝ્ અમ્મા તઅ્લમુ અન્તલ્ અલિય્યુલ્ અઅ્ઝમ* પછી બીજો સજદો કરે અને એમાં એ જ દુઆ પઢે અને પછી સજદામાં દુઆ માંગે. જે દુઆ માંગશે કબૂલ થશે.

*(પેજ–૧૩૬, ગુન્યતુત્તાલિબીન, ભાગ–૧, પેજ–૧૮૨)*

### ★ રજબની ૨૭ મી ના રોઝાની ફઝીલત ★

રજબની ૨૭ મી રાતે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મેઅરાજ શરીફ માટે તશરીફ લઈ ગયા અને દીદારે ઈલાહીની દૌલતથી મુશર્રફ થયા જેથી ૨૭ મીના દિવસનો રોઝો રાખવો જોઈએ. તેની ફઝીલતમાં નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "જે ૨૭ મી રજબનો રોઝો રાખશે તેને ૬૦ મહીનાઓના રોઝાઓનો સવાબ મળશે." *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૧૮૨)*

### ★ રજબની ૨૭ મી રાતના નફ્લો ★

રજબની ૨૭ મી રાતે બે રકાત નમાઝ નફ્લ પઢે અને દરેક રકાતમાં *અલ્હમ્દુ* શરીફ પછી *કુલ્હુવલ્લાહ* ૨૧–વાર પઢે. નમાઝથી ફારિગ થઈને ૧૦ વાર દુરૂદ શરીફ પઢે અને પછી કહે :–

اَللّٰھُمَّ اِنِّیۡ اَسۡئَلُكَ بِمُشَاهِدَةِ اَسۡرَارِ الۡمُحِبِّيۡنَ وَبِالۡخِلۡوَةِ الَّتِیۡ خَصَّصۡتَ بِهَا سَيِّدَ الۡمُرۡسَلِيۡنَ حِيۡنَ اَسۡرَيۡتَ بِهٖ لَيۡلَةَ السَّابِعِ وَالۡعِشۡرِيۡنَ اَنۡ تَرۡحَمَ قَلۡبِیَ الۡحَزِيۡنَ وَتُجِيۡبَ دَعۡوَتِیۡ يَااَكۡرَمَ الۡاَكۡرَمِيۡنَ۔

તો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ ફર્માવશે. અને જ્યારે અન્યોનાં દિલ મુર્દા થઈ જશે તો તેનું દિલ જીવંત રહેશે.

*(નુઝહતુલ્ મજાલિસ, ભાગ–૧, પેજ–૧૩૦)*




# મેઅરાજમાં ખુદાના દીદાર વિશે

## વાંધાઓ અને તેના જવાબ

**तूरे मूसा और है, अर्शे मुअल्ला और है**
**अपना जाना और है, उस्का बुलाना और है**

"પાક છે તે ઝાત જેણે સૈર કરાવી પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી."

*(સૂ. બની. ઈસ્રાઈલ, આ. ૧)*

શબે મેઅરાજ (૨૭ રજબ શરીફ) નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા પહોંચી ત્યાં સર્વ અંબિયાની ઈમામત કરી ત્યાર બાદ આસ્માનોની સૈર કરી, જન્નત તથા દોઝખનો મુશાહિદો કર્યો તથા રબ્બે કરીમના દીદારથી મુશર્રફ થયા. રબ તઆલાએ પોતાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ શાનો શૌકત સાથે બોલાવ્યા કે જન્નતને દુલ્હન જેમ શણગારવામાં આવી, હૂરોને સજાવવામાં આવી, જહન્નમની તીવ્રતાને નરમ કરવામાં આવી, આસ્માનોના ફરિશ્તાઓને બાઅદબ હાથ બાંધીને ઊભા રહેવાનો હુકમ થયો, આસ્માનોના દરવાજાઓના દરવાનોને ચાવીઓ સાથે બાઅદબ ઊભા રાખવામાં આવ્યા..... સારાંશ કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને ખૂબ ઈજ્જત આપી અને પોતાના દીદાર કરાવ્યા.

પણ રબના દીદાર બાબતે કેટલાક લોકો વાંધા રજુ કરીને તેનો ઈન્કાર કરે છે તો એના રદિયામાં આ લેખ રજુ કરીએ છીએ જેને વાંચો અને ઈમાનને મજબૂત બનાવો.

**और कोई गैब क्या तुम से निहां हो भला–जब न खुदा ही छुपा तुम पे करोडों दुरूद**

### ★ રબના દીદાર કરવા વિશે હદીષો ★

મરફુઅન હદીષો થકી ઈમામ અહમદ પોતાની "મુસ્નદ"માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે. ફર્માવે છે, **મેં મારા રબ عزوجل ને જોયો**. ઈમામ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી "ખસાઈસે કુબરા" અને અલ્લામા અબ્દુર્રઉફ મુનાવી તયસીર શરહે "જામેઉસ્સગીર"માં ફર્માવે છે, આ હદીષ સનદ સાથે સહીહ છે.

ઈબ્ને અસાકિર હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂર સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, **"બેશક ! અલ્લાહ તઆલાએ મૂસા علیہ الصلوٰۃ والتسلیم ને કલામની દૌલત બખ્શી અને મને પોતાનો દીદાર અતા ફર્માવ્યો, મને શફાઅતે કુબરા અને હૌઝે કૌષરથી ફઝીલત બખ્શી."**

એ જ મોહદ્દિષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما થી રિવાયત કરે છે : "રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, મને મારા રબ عزوجل تعالیٰ એ ફર્માવ્યું, મેં ઈબ્રાહીમને મારી દોસ્તી આપી અને મૂસા સાથે કલામ ફર્માવ્યું અને હે મુહમ્મદ ! મવાજેહ બખ્શયું કે **બેપર્દા તથા બેહિજાબ તમને મારો જમાલે પાક દેખાડયો."**

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર સિદીક رضی اللہ عنہا થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સિદરતુલ્ મુન્તહાની સ્થિતિ બયાન ફર્માવી રહ્યા હતા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરે તેની પાસે શું જોયું ? ફર્માવ્યું, **"મને તેની પાસે દીદાર થયો !"**

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મેઅરાજ શરીફમાં રબ તઆલાના દીદાર કર્યા તેના સમર્થનમાં આ ઉપરાંત ઘણી હદીષો બયાન

કરવામાં આવી છે. પરંતુ કેટલાક તેના ઈન્કારમાં અમુક વાંધાઓ રજુ કરે છે તો તેને રજુ કરીને તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**વાંધાઓ** : હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, જો કોઈ કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહને જોયો, તો મારાં રુવાંટાં ઊભા થઈ જાય છે. તદ્‌ઉપરાંત હઝરત આઈશા સિદ્દીકા ફર્માવે છે કે જે કહે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના રબને જોયો તેણે અલ્લાહ તઆલા પર ઘણી જ મોટી તોહમત બાંધી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ પણ હુઝૂર صلی اللہ علیہ وسلم ના માટે રબના દીદારના મુન્કિર છે, બલ્કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, મેં હુઝૂર صلی اللہ علیہ وسلم થી "સૂરએ વન્નજમ"ની આયત **વલકદ્ રઆહુ નઝ્લતન્ ઉખ્રા**ના વિશે સવાલ કર્યો તો હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **ઈન્નમા રઅય્તુ જિબ્રીલ મુન્હબિતન્.**

આ હદીષથી માલૂમ થયું કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ જિબ્રઈલ علیہ السلام ને જોયા, અલ્લાહ તઆલાને નહીં.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની હદીષથી પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થકી અલ્લાહના દીદાર ન થવું સાબિત થાય છે. એટલા માટે ઈમામ કસ્તલાની શારેહે બુખારીએ ફર્માવ્યું કે હદીષમાં જે "દના" અને "તદલ્લા"નો ઉલ્લેખ છે તે "સૂરએ નજ્મ"માં વર્ણન થયેલ "દના" અને "તદલ્લા"ના ગૈર છે. કેમ કે સૂરએ નજ્મમાં જિબ્રઈલ علیہ السلام ના "દના" "તદલ્લા" દીદારમાં મુરાદ છે.

વળી મુસ્લિમ શરીફમાં હઝરત અબૂઝરની હદીષ છે, જેમાં આવ્યું છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સવાલ પૂછયો કે હુઝૂર ! તમે અલ્લાહ તઆલાને જોયો છે ? તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **નૂરુન્ અન્ના અરાહુ** "તે નૂર છે, હું તેને કેવી રીતે જોઈ શકુ છું !" એ ઉપરાંત માથા મુબારકની આંખ વડે રબ તઆલાને જોવાની નફી (ઈન્કાર) હદીષમાં પણ આવેલ છે, જેમ કે "રૂહુલ મઆની" વગેરેમાં મૌજૂદ છે અને લુત્ફની વાત એ છે કે એના રાવી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ છે.

તેમજ એ દીદાર સમય, દિશા, તથા દિશાનું અંતર અને જે તે ચીજના ઘેરાવ વિના અશક્ય છે. જો દીદારે અયનીને સાબિત કરવામાં આવે તો અલ્લાહ તઆલાના માટે મઆઝલ્લાહ ! દિશા, સમય, અંતર અને મર્યાદા (હદબંધી) સર્વ સાબિત થઈ જશે !"

**જવાબ** : અહીં વાંચકોને સરળતાપૂર્વક સમજમાં આવે એ રીતની જરૂર પૂરતી રજુઆત કરવામાં આવશે.

ઈમામ અહમદ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે આપ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહને જોવું સાબિત કરો છો, તો હઝરત આઈશા رضی اللہ عنہا ની હદીષનો શો જવાબ આપશો કે તેમણે ફર્માવ્યું કે હુઝૂરે અલ્લાહને નથી જોયા ! તો હઝરત ઈમામ અહમદ رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે હું હઝરત આઈશાની હદીષનો જવાબ હુઝૂરની હદીષ મુબારકથી આપીશ. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું, **રઅય્તુ રબ્બી.** હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم નો કૌલ મુબારક હઝરત આઈશાના કૌલ (કથન)થી ઘણો મહાન અને ભારે છે. *(ફત્હુલ્ બારી)*

અને ઈમામ અહમદથી જ રિવાયત થયેલ છે. જ્યારે તેમને પૂછવામાં આવતું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ તઆલાને જોયો છે ?! તો આપ ફર્માવતા, "હા ! હા ! જોયો છે...! સતત કહેતા રહેતા એટલે સુધી કે □ાસ સુધી તૂટી જતો." *(રૂહુલ મઆની, માખૂઝ, **અઝ** : ફત્હુલ્ મુલ્હિમ, પેજ-૩૩૮)*

**હઝરત અબૂઝર** رضی اللہ عنہ **ની હદીષ** : હઝરત અબૂઝર ફર્માવે છે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું, હુઝૂર ! આપે અલ્લાહને જોયો ? તો ફર્માવ્યું, **નૂરુન્ અન્ના અરાહુ.** "મેં તેને જ્યાંથી પણ જોયો તે નૂર જ નૂર છે." એ જ પ્રમાણે તેમની બીજી હદીષ છે જે એના પછી મુસ્લિમ, ભાગ-૧ માં વર્ણન થયેલ છે. હઝરત અબૂઝર ફર્માવે છે કે મારા જોવા વિશેના સવાલના જવાબમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **રઅય્તુ નૂરન્.** "મેં નૂરને જોયું" આ બંને હદીષોમાં "નૂર"

શબ્દથી નૂરનો મશહૂર માયનો મુરાદ નથી. કેમ કે નૂર એક ''અર્દ'' (જે પોતાના વજૂદમાં બીજાનો મોહતાજ હોય) છે. (મઆઝલ્લાહ !) અલ્લાહ તઆલા ''અર્દ'' તથા ''જૌહર''થી પાક છે. બલ્કે અહીં નૂરથી ઝાતની તજલ્લી મુરાદ છે અને અર્થ એ છે કે, ''મેં જ્યાંથી પણ જોયું ઝાતની તજલ્લીને જોઈ.''

હઝરત ઈકરમાએ જ્યારે રૂયતે બારી તઆલા (ખુદાના દીદાર)ની અશક્યતાના બારામાં આયતે કરીમા **લા તુદરિકુહુલ્ અબ્સાર**થી દલીલ કરી તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ જવાબ આપ્યો, **વયૂહક ઝાલિક ઈઝા તજલ્લા બિનૂરિહિલ્લઝી હુવ નૂરુહૂ** તારા પર અફસોસ છે ! દીદાર ન પામવું તો ત્યારે છે કે અલ્લાહ તઆલા પોતાના તે નૂરની સાથે તજલ્લી ફર્માવે જે તેનું નૂર છે. એટલે ગૈર મુત્નાહી (અસીમ) ઝહૂરની તજલ્લી ફર્માવે, જેનો ઈદરાક (પામવુ) અને ઘેરાવ કરવો અશક્ય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ દીદાર કર્યો એ ગૈરમુત્નાહી ઝહૂરનો ઘેરાવ નથી, જેના (ઘેરાવ કરી લેવાના) અશક્ય હોવાનું આયત **લા તુદ્રિકુહુલ્ અબ્સાર**થી સાબિત કરાવમાં આવે.

*(રૂહુલ મઆની, પારા–૨૭, પેજ–૪૫)*

જે હદીષોમાં દીદારની નફી (નકાર) છે તે સૌ એ પ્રમાણેના દીદાર પર આધારિત છે જે ''ઘેરાવની સાથે'' હોય. (નજરોમાં સંપૂર્ણ ઘેરાઈ જાય.) હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નું આયતે કરીમા **લા તુદરિકુહૂલ્ અબ્સાર**થી દલીલ કરવું એ તેનો સ્પષ્ટ પ્રકાર છે. કેમ કે ઈદરાક (પામી લેવું) ઘેરાવને કહે છે. અને ઘેરાવનો ઈન્કાર એ મુત્લક જોવાની નફી (નકાર) માટે લાગુ થતી નથી. એ જ પ્રમાણે રૂયતે અયની (દીદારે અયની)ની નફી (નકાર) વિશે છે. **જમ્અન બયનલ અદિલ્લાહ્.** કેમ કે આગળના લખાણોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે અલ્લાહ તઆલાની રૂયતે અયની (અયની દીદાર માથાની આંખો વડે)ની સાબિતીમાં સ્પષ્ટ અને સાફ હદીષ (જેની સનદો સહીહ અને અતિ મજબૂત છે) વાંચકો સમક્ષ રજુ કરવામાં આવેલી છે. નફી (નકારવું)એ સાબિતીથી વિરૂધ્ધ છે, માટે હવે વિવાદના નિવારણની એ જ સ્થિતિ હોઈ શકે છે કે નકારનારી (નફીવાળી) તમામ હદીષો ''ઘેરાવ સાથે દીદાર'' પર અવલંબિત અનુમાનવામાં આવે, નહીં તો ટકરાવ દૂર થશે નહીં. અને જો આ રીતે વિવાદ (ટકરાવ) દૂર કરવામાં ન આવે તો પછી ઉસૂલી તૌર પર અમારા તરફથી એ જ જવાબ હશે કે જે ''તફસીરે મઝહરી''એ આપ્યો છે :

''ખુદાના દીદારની હદીષોના મુકાબલામાં હઝરત ઈબ્ને મસ્ઊદ અને હઝરત આઈશાના કથનો નફીની સાક્ષી પૂરે છે. અને જાહેર છે કે સાબિતીની સાક્ષીઓ અધિક્તર થાય છે જેથી દીદારની નફી (નકાર)નો કૌલ મરજૂઅ (રુજૂઅ કરેલો, પાછો ખેંચેલો) ઠરશે.''

એનું દૃષ્ટાંત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કા'બા શરીફની અંદર નમાઝ પઢવું છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના (ખાનએ કા'બાની અંદર) નમાઝ પઢવાની ''નફી'' કરે અને હઝરત બિલાલ رضی اللہ عنہ તેને (પઢવાને) ''સાબિત'' કરે છે અને ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખાનએ કા'બાની અંદર નમાઝ પઢી. નકાર તથા હકાર બંનેની હદીષો સહીહ બુખારીમાં મૌજૂદ છે. મુહદ્દિષોએ આ વિવાદને એ રીતે હલ કર્યો કે ઈસ્બાત (સાબિતી) નફીથી બેહતર છે, જેથી સાબિતીની હદીષ પર સરસાઈ પામશે. (રાજેહ થશે.)

## ★ દીદારે ઈલાહીના મસ્અલા વિશે અંતિમ શબ્દો ★

ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہ એ ''મવાહિબે લદુનિય્યહ્''માં ઉસ્તાઝ અબ્દુલ અઝીમ મહદી رحمۃ اللہ علیہ નો કૌલ નકલ કર્યો છે, જેનો ખુલાસો અંતમાં રજુ કરીએ છીએ :–

''હુઝૂર ﷺ જ્યારે મેઅરાજની સફરથી પાછા આવ્યા તો હુઝૂર ﷺ એ દરેકને તેની બુદ્ધિ અને મર્તબા પ્રમાણે હાલતો વર્ણવી. કાફિરોને જેઓ સૌથી નીચે અને અતિશય પસ્તીમાં હતા તેમને કેવળ ''આલમે અજસામ''ની વાતો બતાવી. દા.ત. મસ્જિદે અકસાની સ્થિતિ જે તેઓને પહેલેથી જાણમાં હતી અથવા માર્ગના કાફલાની સ્થિતિ બતાવી જે વહેલી તકે તેમના સુધી આવી ગયા. જેના કારણે તેમનાં દિલો આ પ્રસંગમાં હુઝૂર ﷺ નું સમર્થન કરવા મજબૂર થઈ ગયાં. ત્યારબાદ હુઝૂર ﷺ એ (મેઅરાજનો વાક્યો બયાન કરવામાં) કાંઈક તરક્કી કરી અને આસ્માનો પર તશરીફ લઈ જવાના અને ત્યાંની અજીબો ગરીબ ચીજોનો અનુભવ વર્ણન કર્યો. પરંતુ દરેક સહાબીને તેની હાલત પ્રમાણે ખબર આપી. જે, જે મર્તબાના હતા તેની સાથે તેના મુજબ વાત કરી. અને સાતેવ આસ્માન સુધીની વિગતો રોકટોક વિના વર્ણવી.

(પ્રસંગો વર્ણવતાં) હુઝૂર ﷺ જ્યારે મકામે જિબ્રઈલ પર પહોંચ્યા તો ઉફકે મુબીનની વાત બતાવી અને તેનાથી ઉપરના મકામ **''દના ફતદલ્લા''** અને **ફઅવ્હા ઈલા અબ્દિહુ મા અવ્હા**નું તે બુલંદ મુકામ જ્યાં મખ્લૂકાતની કલ્પનાઓ પણ ખત્મ થઈ જાય છે અને અલ્લાહ સિવાય તમામ સૂરતો અદ્રશ્ય થઈ જાય છે, એ બારગાહે અકદસની ખબર પર સહાબાએ કિરામને (તેમના મર્તબાને અનુરૂપ) આપી. આ મેઅરાજનું બયાન જાણે કે સાંભળનાર સહાબાઓ માટે મર્તબા મુજબની મેઅરાજ હતી, એટલા માટે દરેકે એમાં પોતાના મર્તબા પ્રમાણે હિસ્સો લીધો. કોઈ મકામે જિબ્રઈલ (ના બયાન) સુધી રહ્યું, કોઈ રૂયતે ફવાદ તથા બસીરત સુધી પહોંચ્યું અને કોઈને રૂયતે (દીદાર) અયનીના બયાનનો હિસ્સો નસીબ થયો. એટલા માટે કોઈએ કહ્યું કે, હુઝૂર ﷺ એ જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام ને જોયા, તેણે પણ સાચુ જ કહ્યું, કોઈએ કહ્યું, હુઝૂર ﷺ એ અલ્લાહ તઆલાને જોયો, તેની વાત પણ હક્ક છે. વળી જેના હિસ્સામાં રૂયતે કલ્બીનું બયાન આવ્યું તેણે કલ્બી (દિલથી) દીદારનું બયાન કર્યું અને જેણે અયની દીદારની વાત સાંભળી તેણે સાફ કહ્યું કે મુહમ્મદ મુસ્તફા ﷺ એ પોતાના માથા મુબારકની આંખો વડે પોતાના રબને જોયો. સારાંશ એ કે દરેકે પોતાના મર્તબા અને મકામ મુજબની વાત કરી અને યકીનન સાચી વાત કરી. જ્યારે આ હકીકત સ્પષ્ટ થઈ ગઈ તો સારી પેઠે જણાઈ ગયું કે જિબ્રઈલના દીદાર તથા રબ તઆલાના કલ્બી દીદાર તથા અયની દીદારના વિશે સર્વ મકામો અને તેના વિશેના મતભેદપૂર્ણ કથનો સર્વ સાચાં છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, હઝરત આઈશા સિદીકા, હઝરત કઅબ કરઝી, હઝરત અબૂઝર ગફ્ફારી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن સૌ હક્ક પર છે.'' *(મવાહિબે લદુનિય્યહ્, ભાગ–૩, પેજ–૩૭/૩૮)*

**વળી અંતિમ વાંધો** કે દિશા, સમય અને અંતર તથા મર્યાદા વગેરેનો ઉલ્લેખ કરી જે માણસ દીદારે ઈલાહી બાબતે વાંધો ઉઠાવતો હોય તેને પૂછવામાં આવે કે તે આખેરતમાં મો'મિનોને અલ્લાહનો દીદાર થશે એવું માને છે કે નહીં ? જો તે માને છે કે આખેરતમાં મો'મિનોને અલ્લાહ તઆલાનો દીદાર થશે, તો તેને અમારો પ્રશ્ન છે કે તે દીદાર દિશા, અંતર, મુકાબલા (સામનો) વગેરેથી થશે કે નહીં ? જો કહે કે વગર મુકાબલે તથા દિશાએ મો'મિનોને અલ્લાહનો દીદાર થશે. તો અમારું પણ કહેવું છે કે એ જ રીતે મેઅરાજની રાત્રે હુઝૂર ﷺને પણ દીદાર થયો. અને આ દુનિયવી જીવનમાં સરકાર ﷺ ની જ એ વિશિષ્ટતા છે કે આપે માથાની આંખો વડે પોતાના રબના દીદાર કર્યા. આપના જેવો પૂરી દુનિયામાં કોઈ માણસ નથી થયો ન થશે કે જેણે આ જીવનમાં હુઝૂર ﷺની જેમ રબના દીદાર કર્યા હોય. આ પરથી તે વહાબીઓ જેઓ હુઝૂરને પોતાના જેવા માનવ કહે છે તેઓ સબક લે અને હઠધર્મી તથા ગુમરાહીથી તૌબા કરે.

વળી જો આ દીદાર સંબંધે વાંધો ઉઠાવનાર જો આખેરતમાં મો'મિનોને રબના દીદાર થશે એનો વિરોધી હોય તો તે કેટલીયે આયતો તથા હદીષોનો ઈન્કાર કરીને બદ્અકીદાના જહન્નમી ગિરોહ **મોઅતઝલા**માં દાખલ થાય છે, જેથી તેને તેના હાલ પર છોડી મૂકીએ છીએ. ● ● ●

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન, રહેમવાળો (છે)[૧૨૩]**

હે મેહબૂબ ! એક કિતાબ તમારી તરફ ઉતારવામાં આવી. તો તમારો જીવ એનાથી રોકાઈ ન જાય.[૧૨૪] એટલા માટે કે તમે એના વડે ડર સંભળાવો, અને મુસલમાનોને નસીહત (૨) હે લોકો ! તેના પર ચાલો જે તમારી તરફ તમારા પરવરદિગાર તરફથી ઉતર્યું.[૧૨૫] અને એને છોડીને બીજા સત્તાધારીઓ પાછળ ન જાવ. ઘણું જ ઓછું સમજો છો (૩) કંઈ કેટલીયે વસ્તુઓનો અમે નાશ કર્યો.[૧૨૬] તો તેમના પર અમારો અઝાબ રાત્રે આવ્યો, અથવા ત્યારે જ્યારે તેઓ બપોરે સૂતા હતા[૧૨૭] (૪) તો તેમના મોઢેથી કશું ન નીકળ્યું જ્યારે અમારો અઝાબ તેમના પર આવ્યો. પણ એટલું જ બોલ્યા કે, ''અમે જાલિમ હતા''[૧૨૮] (૫) તો અવશ્ય અમારે તેમને પૂછવું છે[૧૨૯] જેમની પાસે રસૂલ ગયા. અને બેશક ! જરૂર અમારે રસૂલોને (પણ) પૂછવું છે[૧૩૦] (૬) તો જરૂર અમે તમને અમારા જ્ઞાનથી બતાવી આપીશું,[૧૩૧] અને અમે કંઈ અનઉપસ્થિત ન હતા (૭) અને તે દિવસે તોલ જરૂર થવાનું જ છે.[૧૩૨] તો જેમના પલડાં ભારે થયાં,[૧૩૩] તેઓ જ

**આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ
الٓمّٓصٓ ۝١ كِتٰبٌ اُنْزِلَ اِلَيْكَ فَلَا يَكُنْ فِيْ صَدْرِكَ حَرَجٌ مِّنْهُ
لِتُنْذِرَ بِهٖ وَ ذِكْرٰى لِلْمُؤْمِنِيْنَ ۝٢ اِتَّبِعُوْا مَاۤ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ
رَّبِّكُمْ وَ لَا تَتَّبِعُوْا مِنْ دُوْنِهٖۤ اَوْلِيَآءَ ؕ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ ۝٣ وَ
كَمْ مِّنْ قَرْيَةٍ اَهْلَكْنٰهَا فَجَآءَهَا بَاْسُنَا بَيَاتًا اَوْ هُمْ
قَآئِلُوْنَ ۝٤ فَمَا كَانَ دَعْوٰىهُمْ اِذْ جَآءَهُمْ بَاْسُنَاۤ اِلَّاۤ اَنْ قَالُوْۤا
اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ۝٥ فَلَنَسْـَٔلَنَّ الَّذِيْنَ اُرْسِلَ اِلَيْهِمْ وَ لَنَسْـَٔلَنَّ
الْمُرْسَلِيْنَ ۝٦ فَلَنَقُصَّنَّ عَلَيْهِمْ بِعِلْمٍ وَّ مَا كُنَّا غَآئِبِيْنَ ۝٧ وَ
الْوَزْنُ يَوْمَئِذِ ِالْحَقُّ ۚ فَمَنْ ثَقُلَتْ مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ هُمُ
الْمُفْلِحُوْنَ ۝٨ وَ مَنْ خَفَّتْ مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ الَّذِيْنَ خَسِرُوْۤا
اَنْفُسَهُمْ بِمَا كَانُوْا بِاٰيٰتِنَا يَظْلِمُوْنَ ۝٩ وَ لَقَدْ مَكَّنّٰكُمْ فِي
الْاَرْضِ وَ جَعَلْنَا لَكُمْ فِيْهَا مَعَايِشَ ؕ قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ۝١٠ وَ
لَقَدْ خَلَقْنٰكُمْ ثُمَّ صَوَّرْنٰكُمْ ثُمَّ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا
لِاٰدَمَ ۗ فَسَجَدُوْۤا اِلَّاۤ اِبْلِيْسَ ؕ لَمْ يَكُنْ مِّنَ السّٰجِدِيْنَ ۝١١
قَالَ مَا مَنَعَكَ اَلَّا تَسْجُدَ اِذْ اَمَرْتُكَ ؕ قَالَ اَنَا خَيْرٌ مِّنْهُ ۚ
خَلَقْتَنِيْ مِنْ نَّارٍ وَّ خَلَقْتَهٗ مِنْ طِيْنٍ ۝١٢ قَالَ فَاهْبِطْ مِنْهَا فَمَا
يَكُوْنُ لَكَ اَنْ تَتَكَبَّرَ فِيْهَا فَاخْرُجْ اِنَّكَ مِنَ الصّٰغِرِيْنَ ۝١٣

*નિર્ધારિત સ્થાને પહોંચ્યા (૮) અને જેમના પલડાં હલ્કાં થયાં,[૧૩૪] તો તેઓ જ છે જેમણે પોતાના પ્રાણ ખોટમાં નાખ્યા, બદલો તે જુલ્મનો જે તેઓ અમારી આયતો પર કરતા હતા[૧૩૫] (૯) અને બેશક ! અમે તમને પૃથ્વીમાં સ્થાન આપ્યું, અમે તમારા માટે તેમાં જીવનની જરૂરિયાત બનાવી.[૧૩૬] (છતાં તમે) ઘણો જ ઓછો આભાર માનો છો[૧૩૭] (૧૦) અને બેશક ! અમે તમને જન્માવ્યા, પછી તમારી મુખાકૃતિઓ બનાવી, પછી અમે ફરિશ્તાઓને કહ્યું કે : "આદમને સિજદો કરો" તો બધાં સિજદામાં નમ્યા, પરંતુ ઈબ્લીસ એ સિજદાવાળાઓમાં ન થયો (૧૧) (અમે) ફર્માવ્યું, "કઈ વસ્તુએ તને રોક્યો કે તેં સિજદો ન કર્યો ? જ્યારે કે મેં તને હુકમ આપ્યો હતો"[૧૩૮] બોલ્યો : "હું એનાથી ઉત્તમ છું. તેં મને આગથી બનાવ્યો અને એને માટીથી બનાવ્યો"[૧૩૯] (૧૨) (અમે) ફર્માવ્યું, "તું અહીંથી ઉતરી જા, તને અહીં રહીને ઘમંડ કરવાનો (હક) પહોંચતો નથી. નીકળ ![૧૪૦] તું અપમાનિતોમાં છે.[૧૪૧] (૧૩)*

**૧૨૩ :** આ સૂરત મક્કા શરીફમાં ઉતરી. અને એક રિવાયતમાં છે કે પાંચ આયતો સિવાય આ સૂરત મક્કી છે. તે પાંચમાંની પહેલી وَسْئَلْهُمْ عَنِ الْقَرْيَةِ વાળી આયત છે.

આ સૂરતમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ અને ૩૩૨૫ વાક્યો અને ૧૪૦૧૦ શબ્દો છે.

**૧૨૪ :** એવા વિચારથી કે કદાચ લોકો નહીં માને અને એનાથી મોઢું ફેરવશે, અને એને જૂઠાડવા મંડી પડે.

**૧૨૫ :** એટલે કે કુર્આન શરીફ, જેમાં હિદાયત અને નૂરનું બયાન છે. ઝુઝાજે કહ્યું છે કે; કુર્આનને અને જે જે વસ્તુ હુઝૂર ﷺ લાવ્યા છે તેને અનુસરો કારણ કે એ બધું જ અલ્લાહનું ઉતારેલું છે. જેમ કે કુર્આન શરીફમાં કહેવાયું છે કે; وَمَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ۔۔۔الاٰیۃ એટલે કે રસૂલ જે કાંઈ તમારી પાસે લાવે તેને ગ્રહણ કરો, અને જેનાથી મનાઈ કરે તેનાથી દૂર રહો.

**૧૨૬ :** હવે અલ્લાહના હુકમનો અનાદર કરવાના તેમજ તેનાથી મોઢું ફેરવવાના પરિણામ આગલી કૌમોની હાલતમાં દર્શાવવામાં આવે છે.

**૧૨૭ :** મતલબ એ છે કે અમારો અઝાબ એવા સમયે આવ્યો જ્યારે તેમને ખ્યાલ ન પણ હતો, તેઓ આરામની નિદ્રામાં પડેલા હતા. અથવા તે દિવસે ભરબપોરના આરામમાં રાહતનો શ્વાસ લઈ રહ્યા હતા. અઝાબ ઉતરવાની ન કોઈ નિશાની હતી ન કોઈ એંધાણ કે જેથી અગાઉથી ચેતી જાય, ઓચિંતો જ આવી ચઢયો. આથી કાફિરોને ચેતવણી અપાય છે કે તેઓ શાંતિ અને રાહતના સાધનોના કારણે ગર્વિત ન બને, અલ્લાહનો અઝાબ આવે છે ત્યારે ઓચિંતો જ આવે છે.

**૧૨૮ :** અઝાબ આવ્યો ત્યારે તેમણે પોતાના ગુનાહોનો એકરાર કર્યો પણ તે સમયનો એકરાર પણ ફાયદો દેતો નથી.

**૧૨૯ :** કે તેમણે રસૂલોના નિમંત્રણનો શું જવાબ આપ્યો ? અને તેમના આદેશોને કેવા અનુસર્યા ?

**૧૩૦ :** કે તેમણે પોતાની ઉમ્મતોને અમારા સંદેશા પહોંચાડયા ? અને તે ઉમ્મતોએ શું જવાબ આપ્યો ?

**૧૩૧ :** રસૂલોને પણ તેમની ઉમ્મતોને પણ કે તેમણે દુનિયામાં શું કર્યું ?

**૧૩૨ :** એ રીતે કે અલ્લાહ એક ત્રાજવું મૂકશે,

જેનું દરેક પલડું પૂર્વ પશ્ચિમ વચ્ચેના અંતર જેટલું પહોળુ હશે.

ઈબ્ને જૌઝીએ કહ્યું છે કે; હદીષ શરીફમાં છે કે; હઝરત દાઊદ عليه السلام એ ત્રાજવું જોવાની દુઆ કરી, જ્યારે તે દેખાડવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું, "યા અલ્લાહ ! કોની મગદૂર છે કે આને નેકીઓથી ભરી શકે ?" જવાબ મળ્યો; "હે દાઊદ ! હું જ્યારે મારા બંદાઓથી રાજી થાઉં છું, ત્યારે એક ખજૂરથી એને ભરી આપું છું." અર્થાત થોડી નેકી પણ જે સ્વીકારાઈ જાય તો અલ્લાહની કૃપાથી એટલી વધી જાય છે કે ત્રાજવાને ભરી દે.

**૧૩૩ :** નેકીઓ વધી ગઈ.

**૧૩૪ :** અને તેમાં કોઈ નેકી નથી. એ હાલત કાફિરોની છે જેઓ ઈમાનથી વંચિત છે, અને એ કારણે તેમનું કોઈ કામ સ્વીકૃત નથી.

**૧૩૫ :** તેમને ત્યજતા હતા, જૂઠાડતા હતા, તેમને અનુસરવાથી મોઢું મચકોડતા હતા.

**૧૩૬ :** અને પોતાની કૃપાથી તમને રાહતો આપી.

**૧૩૭ :** આભાર (શુક્ર)ની હકીકત એ છે કે નેઅમતને ધ્યાનમાં રાખે, અને તેને જાહેર કરે અને નાશુક્રી એ છે કે તેને ભૂલી જાય અને છુપાવે.

**૧૩૮ : મસ્અલો** : આથી સાબિત થાય છે કે (અલ્લાહનો) હુકમ (જે તે વસ્તુને) વાજિબ કરવા માટે હોય છે, અને સિજદો નહીં કરવાનું કારણ પૂછવું એ ધમકી માટે છે. અને એટલા માટે કે શૈતાનની શત્રુતા તેનું કુફ્ર અને ઘમંડ, તેમજ પોતાના ઉત્પત્તિ પદાર્થ પર હેંકડી કરવી, અને હઝરત આદમના ઉત્પત્તિ પર્દાથની ઠેકડી ઉડાડવી વગેરે જાહેર થઈ જાય.

**૧૩૯ :** એનાથી તેનો હેતુ એ જાહેર કરવાનો હતો તે આગ માટી કરતાં શ્રેષ્ઠ અને ચઢિયાતી છે, તો જે આગમાંથી ઉત્પન્ન હોય તે માટીમાંથી જન્મેલાં કરતાં શ્રેષ્ઠ કહેવાય. તે કમીનાનું એ મંતવ્ય ખોટુ અને અસત્ય છે. કારણ કે શ્રેષ્ઠ તે છે જેને માલિક શ્રેષ્ઠતા આપે. શ્રેષ્ઠતાનો આધાર ઉત્પત્તિ પદાર્થ પર નથી, પણ માલિકને આજ્ઞાંકિત રહેવામાં અને તેની તાબેદારી પર છે. અને આગનું માટીથી શ્રેષ્ઠ હોવું પણ ખરું નથી. કારણ કે આગમાં ક્રોધ, તેજી અને મોટાઈ છે, એ (ટેવો) ગર્વિત બનવાના કારણરૂપ બને છે, અને માટીથી ઈલ્મનો પ્રભાવ, હયા અને સબ્ર હાંસલ થાય છે. મટોડી અમાનતદાર હોય છે, કે જે વસ્તુ તેમાં મૂકવામાં આવે તેને જાળવી રાખે છે, અને તેને વધારે છે. જ્યારે આગ તેનો નાશ કરે છે. છતાં મજાની વાત એ છે કે મટોડી આગને હોલવી નાખે છે, આગ મટોડીને નાશ કરી શકતી નથી. અને એ સિવાય ઈબ્લિસની મૂર્ખતા અને બદ્બખ્તી એ કે તેણે નસ્સ (સ્પષ્ટ ખુદાઈ આદેશ) હોવા છતાં તેની વિરુદ્ધ કિયાસ (અનુમાન) (બુદ્ધિથી કોઈ વાત સમજવી) કર્યો, અને કિયાસ નસ્સના વિરુદ્ધ હોય તો અવશ્ય મરદૂદ (અસ્વીકાર્ય) છે.

**૧૪૦ :** જન્નતમાંથી. કારણ કે એ જગ્યા આજ્ઞાંકિત અને આજિઝી કરનારાઓ માટે છે. મુન્કિર અને માથુ ઊંચકનારાઓ માટે નથી.

**૧૪૧ :** કે માનવી તારી બુરાઈ કરશે, અને દરેક જીભ તારા પર ફિટકાર વરસાવશે. અને ઘમંડીનું પરિણામ એ જ છે. ● ● ●


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દર્સે હદીષે પાક એટલે મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને આ મિમ્બરના તખ્તાઓ પર ફર્માવતાં સાંભળ્યા કે જે દરેક નમાઝ બાદ આયતુલ કુર્સી પઢે તો તેને મૌતના સિવાય જન્નતમાં પ્રવેશથી રોકી શક્શે નહીં[૧]. અને જે બિસ્તર પર સૂતી વખતે એને પઢી લે તો અલ્લાહ તેના ઘર અને તેના પડોસીના ઘર, આસપાસનાં ઘરવાળાઓ પર અમ્ન આપશે[૨]. (બયહકી, શોઅબુલ ઈમાન) ફર્માવ્યું, એની અસ્નાદ ઝઈફ છે[૩]."*

**૧.** એટલે કે તે મૃત્યુ પામતાં જ જન્નતમાં જશે. કયામતથી પહેલાં રૂહાની તૌર પર અને કયામત બાદ શારીરિક રીતે પણ. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે કયામતથી પહેલાં જન્નતમાં પ્રવેશ કેવો. યાદ રાખશો આમ મુસ્લિમોની કબરોમાં જન્નતની હવા તથા ખુશ્બૂ આવે છે, એ પોતે ત્યાં નથી પહોંચતા. ન શારીરિક રીતે ન રૂહાની. જન્નતમાં પહોંચી જાય છે જેવી રીતે શહીદો તથા આ લોકો.

**૨.** એટલે કે **એની બરકતથી પૂરા મહોલ્લામાં ચોરી, આગ લાગવી, મકાન પડી જવું બલ્કે સર્વ આકસ્મિક આફતોથી સવાર સુધી અમ્ન રહેશે. આ અમલ ખૂબ જ મુજર્રબ છે.**

**૩.** કોઈ વાંધો નહીં, કેમ કે ફઝાઈલે આમાલમાં ઝઈફ હદીષ મોઅતબર છે. તેમજ એનો આગલો હિસ્સો હિસ્ને હસીન શરીફે નિસાઈની રિવાયતથી ઈબ્ને હબ્બાન, ઈબ્ને અલ્સની, અબૂ ઉમામાથી નકલ કર્યો. તેમજ તિબ્રાની વગેરેએ આયતુલ કુર્સીના ઘણા ફઝાઈલ વર્ણન કર્યા છે, તે સર્વ હદીષો એને સમર્થન કરે છે. તેમજ તમામ ઉલમા, અવલિયા તથા આમ મુસલમાનો એના પર અમલ કરતા રહ્યા અને કરી રહ્યા છે. અને ઉમ્મતના અમલથી ઝઈફ હદીષ કવી (મજબૂત) થઈ જાય છે.

*"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ગનમ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી ﷺ થી રિવાયત કરે છે. ફર્માવ્યું કે જે મગરિબની તથા ફજરની નમાઝથી ફરે (પરવારે) અને પગોને વાળતા પહેલાં[૧] દસવાર આ પ્રમાણે કહી લીધા કરે, અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે, તેનો કોઈ શરીક નથી, એનો જ મુલ્ક છે. તેની જ તારીફ છે તેના કબજામાં ખૈર છે. જિંદગી તથા મૌત આપે છે અને દરેક ચીજ પર કાદિર છે[૨]. તો તેના માટે દરેકના બદલામાં દસ નેકીઓ લખવામાં આવશે અને દસ ગુનાહ મિટાવવામાં આવશે અને દસ દરજા બુલંદ કરવામાં આવશે[૩]. દરેક બુરાઈથી તેની હિફાઝત તથા મરદૂદ શૈતાનથી અમ્ન થશે અને શિર્કના સિવાય કોઈ ગુનોહ તેને સ્પર્શશે નહીં[૪] અને તે લોકોથી અમલમાં અફઝલ હશે , તેના સિવાય જે એના કરતાં વધારે કહી લે, તે એનાથી વધે થશે[૫]." (અહમદ)*

**૧.** એટલે કે મગરિબની સુન્નતો અને નફ્લોથી ફારિગ થઈને એ રીતે દોઝાનુ બેસે. એવું કરી લીધા કરે. મગરિબના ફર્ઝ મુરાદ નથી કેમ કે એના બાદ સુન્નતો છે, જેથી ટૂંકમાં માગવી જોઈએ.

**૨.** એટલે કે ચોથો કલમો. યાદ રાખશો કે જો કે ખૈર તથા શર (ભલાઈ–બુરાઈ) સૌ અલ્લાહના કબજામાં છે પણ

અદબ એ છે કે તેની તરફ કેવળ ખૈરને સંબંધિત કરવામાં આવે.

**૩.** જ્યારે એકને બદલે દસ હોય, તો દસને બદલે યક઼ીનન ! સો હશે.

**૪.** એટલે કે અલ્લાહ તઆલા એની બરકતથી તેને ગુનાહોથી બચાવશે, અને જો ભૂલથી ગુનાહ કરશે તો તૌબાની તૌફીક઼ મળશે અને રબ તઆલાની તરફથી માફી મળશે. હા ! જો કુફ્ર કરી બેઠો તો તેની માફી થશે નહીં. એ જ આ હદીષનો મતલબ છે.

**૫.** એનાથી જાણવા મળ્યું કે દસવારની ક઼ેદ નથી, જેટલી ખુદા તૌફીક઼ આપે પઢે.

*"તિર્મિઝીએ એના જેમ અબૂ દાઊદથી الاالشرک સુધી, અને ન એણે મગરિબની નમાઝનો ઉલ્લેખ કર્યો અને ન بیدہ الخیرનો. અને ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ ગરીબ છે[૧]."*

**૧.** એટલે કે આ હદીષ ત્રણ અસ્નાદોથી રિવાયત પામેલી છે, એક અસ્નાદમાં હસન, એકમાં સહીહ, એકમાં ગરીબ.

*'હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلمએ નજદની તરફ એક લશ્કર મોકલ્યું. તે ખૂબ જ ગનીમતો લાવ્યા અને જલ્દી પરત આવી ગયા[૧]. તો અમારામાંથી એક શખ્સ બોલ્યો જે એમનામાં ન ગયો હતો કે અમે કોઈ એવું લશ્કર ન જોયું જે આ લશ્કર કરતાં જલ્દી પરત થયું હોય અને અધિક ગનીમત લાવ્યુ હોય[૨]. ત્યારે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે શું તમને તે ક઼ૌમ ન બતાવું જે ગનીમતમાં બેહતર છે. તે ક઼ૌમ જે ફજરની નમાઝમાં હાજર થાય પછી સૂરજ નીકળવા સુધી બેસીને તેનો ઝિક્ર કરે. એ લોકો જલ્દી પરત થનારા તથા બેહતર ગનીમતવાળા છે[૩]. (તિર્મિઝી) આ હદીષ ગરીબ છે હમ્માદ ઈબ્ને અબી હુમૈદ રાવી હદીષમાં ઝઈફ છે[૪]."*

**૧.** નજદ અરબનું પાંચમુ રાજ્ય છે. હિજાઝ તથા તહામાની વચ્ચે. કેમ કે એ ઊંચાઈ પર આવેલુ છે એટલા માટે નજદ કહેવાય છે. નજદનો અર્થ બુલંદી છે.

**૨.** એટલે કે આ લશ્કર ઘણુ બાબરકત છે કે સફરમાં થોડુ રહ્યું અને ઘણુ બધુ લઈને આવ્યું. યાદ રાખશો કે **જે લશ્કરમાં નબી صلی اللہ علیہ وسلم જાતે પોતે તશરીફ ન લઈ જાય તેને સરિય્યહ કહેવામાં આવે છે.** લગભગ એ શખ્સે હસ્રત (અફસોસ)ના રૂપે કહ્યું હશે કે કાશ ! એમાં હું પણ જાત. એટલા માટે હુઝૂર صلی اللہ علیہ وسلمએ આગલો જવાબ આપ્યો.

**૩.** એટલે કે ગનીમત કેવળ માલની જ નથી હોતી બલ્કે અજરો સવાબની પણ હોય છે. ઈશ્રાક઼ પઢવાવાળો જલ્દી ઘરે પરત આવે છે અને પૂરો અજ્ર (બદલો) લઈને આવે છે.

**૪.** જેથી તેમને બુખારીએ મુન્કરુલ હદીષ કહ્યા. નિસાઈએ કહ્યું, એ ષિક઼હ નથી. ઈબ્ને મુઈન કહે છે કે એમની હદીષ કાંઈ નથી. મિર્ક઼ાતે ફર્માવ્યું કે એમની યાદશક્તિ ખરાબ છે.


**ક઼ાનૂને શરીઅત**

(ભાગ-૧ તથા ભાગ-૨) (કુલ-૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૩૦૦/-**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા**

**મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

## શરહે હ઼દાઈકે બખ્શિશ ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**કભી ખંદા ઝેરે લબ હૈ કભી ગિર્યા સારી શબ હૈ**
**કભી ગમ કભી તરબ હૈ ન સબબ સમઝમેં આયા**

**અર્થાત :** (દરે મુસ્તફા પર ગુમ થનારા પોતાની કૈફિયતો વર્ણવે છે) અજબનું દીવાનુ દિલ છે ક્યારેક મૂછોમાં હસે છે અને ક્યારેક દીદારની હસરતમાં આખી આખી રાત રડતુ રહે છે. ક્યારેક ગમથી નિઢાલ છે તો કદીક ખુશીથી ફૂલ્યુ નથી સમાતુ. આ કૈફિયતોના કારણે ન મને ખુદ સમજમાં આવ્યું અને ન તેણે કદી મને કાંઈ બતાવ્યું.

*યા રબ મેરે દિલમેં ઈશ્ક઼ અપના દે દે – જબ નબીકા સર મેં સોદા દે દે*
*હય બે સરો સામાં 'જમીલે રઝવી' – રહનેકા મદીને મેં ઠિકાના દે દે*

**કભી ખાક પર પળા હૈ સર ચર્ખ ઝેરે પા હૈ**
**કભી જોશે દર ખળા હૈ સરે બંદગી ઝુકાયા**
**તો ક઼દમમેં અર્શ પાયા**

*(ઝેરે પા = પગ નીચે, પેશે દર = દરવાજા સામે)*

**અર્થાત :** ક્યારેક મારું દીવાનુ દિલ ખાક પર લોટપોટ થાય છે તો કદી આસ્માનની ઉપર ઉડવાનું શરૂ કરી આપે છે અને આસ્માન તેના પગો નીચે થઈ જાય છે. ક્યારેક રોઝા પાકના દરવાજા પર અદબથી ગુલામીનો હક્ક઼ અદા કરવા માટે ઉભુ થાય છે અને એક ક્ષણમાં અર્શથી ઉપર પહોંચી જાય છે અને મેઅરાજુન્નબીના ખયાલોમાં ગુમ થઈ જાય છે.

**કભી વો તપકકે આતિશ કભી વો ટપકકે બારિશ**
**કભી વો હુજૂમે નાલિશ, કોઈ જાને અબ્ર છાયા**
**બળી જોશિશોંસે આયા**

*(તપક = દર્દની ગરમી, ટપક = ટપકવું, આતિશ = આગ, હુજૂમ = ભીડ, નાલિશ = રડવું, અબ્ર =વાદળ)*

**અર્થાત :** ક્યારેક તે દર્દના કારણે એટલા પ્રમાણમાં તડપે છે કે આગ બની જાય છે અને કદીક એ આગને પોતાના આંસુઓની વર્ષાથી બુઝાવે છે. ક્યારેક એના પર ગમોની એટલા પ્રમાણમાં ભીડ થઈ જાય છે કે જાણે કાળાં વાદળો છવાઈ ગયાં છે. આ હાલત એના પર ઘણી જ સખ્તી સાથે તથા જોશભેર થાય છે.

**કભી ચહકકે બુલબુલ કભી વો મહકકે ખૂદ ગુલ**
**કભી વો લહકકે બિલ્કુલ ચમને જિનાં ખિયાલા**
**ગુલે કુદ્દસ લહલહાયા**

*(ગુલે કુદ્દસ = મુબારક ફૂલ)*

**અર્થાત :** ક્યારેક મહબૂબની યાદ આવે છે તો મારુ દિલ એવું ગીત ગાનાર બને છે કે જાણે કોયલ જણાય આવે છે અને કદીક એમાં મહબ્બતે રસૂલની એવી ખુશ્બુ પેદા થઈ જાય છે કે સરાપા ફૂલ જણાવા લાગે છે અને પછી જ્યારે તેને મહબૂબના દીદાર લિજ્જત મળી જાય છે તો ખીલીને જન્નતનો બાગ બની જાય છે, અને પછી એ બાબરકત બાગ ફરી ખીલી ઉઠી લહેરાવા લાગે છે.

**કભી ઝિંદગી કે અરમાં કભી મર્ગે નવકા ખ્વાહાં**
**વો હયા કે મર્ગે કુરબાં વો મવા કે ઝીસ્ત લાયા**
**કહે રૂહ હાં જિલાયા**

*(અરમાં = ઉમ્મીદ, મર્ગે નવ = નવુ મૃત્યુ, ખ્વાહાં = તાલિબ, મવા = મુર્દા, ઝીસ્ત = (જિંદગી)*

**અર્થાત :** ક્યારેક જીવંત રહેવાની ખ્વાહિશ કરે છે તો ક્યારેક દરેક પળે નવી મૌતનો તલબગાર બને છે, પણ એની જિંદગી એવી છે કે મૌત એના પર કુર્બાન થઈ જાય છે, અને તેની મૌત પણ મામૂલી નથી બલ્કે એવી છે કે હજારો જિંદગીઓ એના પર નિછાવર થઈ જાય છે અને મરીને પણ જીવંત જ રહે છે, કેમ કે મહબ્બતે રસૂલમાં શહીદ થયો છે અને શહીદ ઝિંદા જ હોય છે, બલ્કે લાખોને ઝિંદા રહેવાનો સલીકો શિખવાડી જાય છે. તેની જિંદગીને જોઈને ખુદ રૂહ પોકારી ઉઠે છે કે અસલ જિંદગી તો આ છે.

*ક્યા અક્લને સમઝા હૈ ક્યા ઈશ્કને જાના હૈ–ઈન ખાક નશીનોંકી ઠોકરમેં ઝમાના હૈ*

**કભી ગમ કભી અયાં હૈ કભી સર્દ, ગહ તપાં હૈ**
**કભી ઝેરે લબ ફગાં હૈ કભી ચુપ કે દમ ન થાયા**
**રુખ કામ જો દિખાયા**

*(અયાં = જાહેર, સર્દ = ઠંડુ, ગહ = કદીક, તપાં = ગરમ, ફગાં =રડવુ, ચીખવું, દમ = શ્વાસ)*

**અર્થાત :** ક્યારેક મારું દીવાનુ દિલ (મહબૂબના જલ્વામાં) ગાયબ થઈ જાય છે અને ક્યારેક જાહેર તથા ઉઘાડુ થઈ જાય છે. ક્યારેક બિલ્કુલ ઠંડુ બરફ થઈ જાય છે. વળી પછી ક્યારેક એવું ગરમ થાય છે કે તન બદનને આગ લગાડી આપે છે. ક્યારેક હોઠ નીચે રડવાનુ શરૂ કરી આપે છે અને કદીક એવું ચુપ થઈ જાય છે કે એવું લાગે છે જાણે તેમાં દમ જ નથી રહ્યો. રૂહે પોતાના કામનો ચહેરો દેખાડયો છે. (એટલે કે પોતાનુ કામ બતાવી આપ્યું છે.)

આ'લા હઝરત رحمۃ اللہ علیہની આ રહસ્યમય દિલની વાતોને અવામ (પબ્લિક), ખાસ કરીને આ'લા હઝરતના દુશ્મનો તો પાગલપન કહેશે પણ અહલે દિલથી પૂછો કે એમને કેટલા પ્રમાણ લિજ્જત મળે છે.

*મહબ્બત મઅના વ અલ્ફાઝમેં લાઈ નહીં જાતી – યહ એક ઐસી હકીકત હૈ જો સમઝાઈ નહીં જાતી.*

**યહ તસવ્વુરાતે બાતિલ તેરે આગે ક્યા હૈ મુશ્કિલ**
**તેરી કુદરતેં હૈં કામિલ ઉન્હેં રાસ્ત કર ખુદાયા**
**મૈં ઉન્હેં શફીઅ લાયા**

*(તસવ્વુરાતે બાતિલ = ગલત ખયાલો. કુદરતેં = શકિતઓ. રાસ્ત = સાચુ)*

**અર્થાત** : હે મારા અલ્લાહ ! તારી કામિલ કુદરતની સામે શું મુશ્કેલ છે કે તું મારા એ ફાસિદ ખયાલો (જે હજી સુધી પૂર્ણ નથી થઈ શક્યા એટલે બાતિલ કહ્યા)ને હક઼ીક઼તમાં તબદીલ કરી આપે અને મારા દિલને એ જ કૈફિયતો તથા બુલંદીઓ અતા ફર્માવી આપે. હું તારી બારગાહમાં તારા મહબૂબ ﷺની સિફારિશ લાવ્યો છું કે મારા એ દાવાઓને હક઼ીક઼ત બનાવી આપે.

ઈઝ્ઝત વ ઐશ વ ઉલૂમ વ ફઝ્લ દે–હશ્ર તક યહ સિલસિલા જારી રહે
હો જમીલે ક઼ાદરી કી હર દુઆ–યા ખુદા મક઼બૂલ બહરે મુસ્તફા (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)

**હમેં અય 'રઝા' તેરે દિલકા પતા ચલા બમુશ્કિલ**
**દરે રોઝાકે મુક઼ાબિલ વો હમેં નઝર તો આયા**
**યહ પૂછ કૈસા પાયા**

*(મુક઼ાબિલ = સામે)*

**અર્થાત** : (શેઅર નં. ૯ જેમાં આ'લા હઝરતે પોતાના દિલના ગુમ થઈ જવાનું એલાન શરૂ કર્યું અને પછી એની નિશાનીઓ બતાવતા બતાવતા અહીં સુધી પહોંચ્યા, જેમ કે ગુમ થયેલ બાળકનું એલાન કરે છે : ઉમર આટલા વરસ આ રંગનાં કપડાં... વગેરે વગેરે. જ્યારે લોકોએ આ'લા હઝરતની દુહાઈ સાંભળી તો તેમણે ગુમ થયેલને શોધવાનું શરૂ કરી દીધું અને من جد و جد "જેણે કોશિશ કરી તે કામયાબ થઈ ગયો." છેવટે તેમણે દીવાના દિલની ખબર આપી જ દીધી અને આ'લા હઝરતને બોલાવીને અર્ઝ કરે છે :)

હે રઝા ! આ તરફ આવ ! અરે જલ્દી આવ ! તારા દિલના બારામાં તને કાંઈક બતાવીએ ! સાંભળો ! અમે ઘણી કોશિશ કરી, એને શોધતા રહ્યા, જંગલ રણો ફેંદી વળ્યા, ગલી કૂચાઓમાં ફરી ફરીને અમારા ખયાલોના પગોમાં છાલાં પડી ગયાં પરંતું અમે તારા દિલની ભાળ છેવટે મેળવી જ લીધી. (આ'લા હઝરત ખુશ થઈને તેમને પૂછે છે, અરે ! હવે બતાવશો પણ અથવા વાત લંબાવતા જ રહેશો ? તેમણે વજ્દમાં આવીને કહ્યું,) હે ગદાએ દરે મુસ્તફા ! પ્યારા અહમદ રઝા ! તારા દિલે જ્યાં જવું જોઈતુ હતું ત્યાં જ ગયું છે અને એક આશિકે મુસ્તફાના દિલે જે કરવું જોઈતુ હતું તારુ દિલ તે સર્વ કરી રહ્યું છે. (આ'લા હઝરત ફરી બેતાબ થઈને પૂછે છે, જલ્દી બતાવો ક્યાં હતું ?! અને શું કરી રહ્યું હતું ? તો તેઓ ખુશીના આવેશમાં જવાબ આપે છેઃ) હે ઈમામે અહલે સુન્નત ! ગભરાવ કેમ છો ?! ક્યાં જવાનું હતું ?! મદીનામાં ! બીજે ક્યાં ?! અને શું કરી રહ્યું હતું ?! રોઝએ રસૂલનો તવાફ કરી રહ્યું હતું અને ઝુમી ઝુમીને પઢી રહ્યું હતું :

*મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ – શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ*

(આ આ'લા હઝરતનો મુસ્તઝાદ કલામ હતો, એટલે દરેક શેઅર પર શબ્દોના વધારાવાળો કલામ જે દરેક મિસ્રાના રુકને અવ્વલ અને આખિરના બરાબર હોય) –*(ક્રમશઃ)*

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### છવ્વીસમી મજલિસ

એ જ વરસે અને એ જ મહીનાની ૨૧ મી તારીખે બુધના રોજ ક્દમબોસીની દોલત નસીબ થઈ. ફર્માંબરદારી (તાઅત)ની કોશિશનો ઉલ્લેખ થયો. ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે શરૂ શરૂમાં જ્યારે લોકો તાઅતની શરૂઆત કરે છે તો યકીનન ! નફસ પણ ભારે ગુજરે છે અને મુશ્કેલ લાગે છે. પરંતુ જ્યારે કોઈ દિલથી એમાં લાગી જાય છે તો હક્ક્ તબારક વ તઆલા તૌફીક્ અતા કરે છે અને એ કામને એના માટે આસાન કરી આપે છે. એ જ પ્રમાણે જે પણ કામ હોય પ્રારંભમાં મુશ્કેલ જણાય છે પણ જ્યારે લોકો શરૂ કરી દે છે તો આસાનીપૂર્વક પૂર્ણ થઈ જાય છે.

ત્યારબાદ હિકાયત વર્ણવી કે શયખ નજીબુદ્દીન મુતવક્કિલ رحمۃ اللہ علیہની ઘણીવાર ખ્વાહિશ થઈ કે જવામિઉલ હિકાયાતની એક કોપી નકલ કરાવી લે. આવક ઘણી સીમિત હતી અને કિતાબનો સામાન અને કાતિબની મજૂરી વેઠવી ઘણી અસહ્ય હતી. ત્યાં સુધી કે જો કાગળ પ્રાપ્ત કરતા તો કિતાબત (લખાવવા)નો ખર્ચ ન હોતો. અને જો એ ખર્ચ હાથ આવતો તો કાગળ અને બીજો સામાન ન હોતો. સારાંશ એક દિવસ હમીદ નામનો એક કાતિબ (લહીયો, લખનાર) તેમની પાસે આવ્યા. શયખ નજીબુદ્દીને ફર્માવ્યું કે એક જમાનાથી આરઝૂ છે કે જવામિઉલ હિકાયાતને લખાવડાવું પણ કોઈ રીતે શક્ય નથી બનતુ. હમીદે અર્ઝ કરી, અત્યારે શું હાજર છે ? શયખે ફર્માવ્યું, એક દિરહમ. હમીદે તે એક દિરહમ લીધો અને તેનાથી કાગળ ખરીદી લાવ્યો અને કિતાબત કરવા લાગ્યો. જાહેર છે કે એક દિરહમથી થોડાક જ કાગળ આવ્યા હશે.

ટૂંકમાં એ કે તેણે હજી એ કાગળો પણ કિતાબત સંપૂર્ણ પણ કરી ન હતી એવામાં બીજી ભેટ (હઝરત મુતવક્કિલ رحمۃ اللہ علیہને) પહોંચી ગઈ અને અધિક કાગળોનો સામાન થઈ ગયો અને અન્ય ચીજો પણ મયસ્સર થઈ ગઈ, અને કિતાબતની મજૂરી પણ એમાંથી નીકળી ગઈ. એના પછી સતત કાંઈ ન કાંઈ આવતુ રહ્યું અને તે કિતાબ ઘણી જિલ્દોમાં અને ખૂબીપૂર્વક સંપૂર્ણ થઈ ગઈ. સારાંશ કે જ્યારે કામની શરૂઆત થઈ ગઈ તો પૂર્ણ પણ થઈ ગયું.

પછી શયખ નજીબુદ્દીન મુતવક્કિલ رحمۃ اللہ علیہની ખૂબીઓ અને એમના એતેક્ાદની ખૂબીઓ સુધી વાત પહોંચી. ફર્માવ્યું કે એક દિવસ હું એમની ખિદમતમાં બેઠો હતો અને એ વખતે મારા માથા પર વાળ હતા.★

હું તેમનાથી સંબોધિત થયો તો અર્ઝ કરી કે

*★ લગભગ હઝરતની મુરાદ એ છે કે એ સમય સુધી હઝરત મુરીદ થયા ન હતા. મુરીદ થતી વખતે વાળોની એક લત કાપવામાં આવે છે અને અમુક માથુ પણ મૂંડાવે છે જેને મહલૂક્ થવું કહે છે.*

એકવાર સૂરએ ફાતિહા એ નિય્યતે પઢો કે હું કાઝી (જજ) બની જઉં. શયખ નજીબુદ્દીન ખામોશ થઈ ગયા. મને ખયાલ થયો કે કદાચ સાંભળ્યું નથી. બીજીવાર અર્ઝ કરી કે એકવાર સૂરએ ફાતિહા એ મક્સદથી પઢો કે હું કોઈ જગાએ કાઝી (જજ) બની જઉં. છતાં પણ કોઈ જવાબ ન આપ્યો ત્યાં સુધી કે ત્રીજીવાર જ્યારે મેં અર્ઝ કરી તો હસ્યા અને બોલ્યા, તમે કાઝી ન બનો તમે કાંઈ અન્ય ચીજ બનો. સારાંશ હઝરત ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ફર્માવ્યું કે તેમને એ કામથી કેટલી હદે નફરત હતી કે ફાતિહા (પણ) ન પઢી.

પછી બખ્શિશ તથા મગફિરતનો ઉલ્લેખ થયો. ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે જો કોઈ શખ્સ પાસે એક દિરહમ થેલીમાં હોય અને તે જરૂરતના સમયે ચાહે કે એ દિરહમને થેલીમાંથી કાઢે અને તે દિરહમ થેલીના કોઈ ખૂણામાં છુપો રહી જાય અને તે શખ્સના હાથ ન આવે અને તે વિચારે કે ક્યાંક ખોવાય ગયો અને તે ગમગીન થઈ જાય તો અલ્લાહ તઆલા તેની મગફિરત ફર્માવી દે છે. ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આ હદીષમાં એ શખ્સના બારામાં વાયદો છે કે જેની પાસે બસ તે જ એક દિરહમ હોય, કેમ કે જો કોઈની પાસે ઘણા બધા દિરહમ હોય અને તેમાંથી એક દિરહમ ગુમ થઈ જાય તો તે ગમગીન નથી થતો. અલ્બત્ત ! તે શખ્સ જેની પાસે બસ એક જ દિરહમ હોય તે ગુમ થઈ જાય તો તે ગમગીન થઈ જાય છે અને હક્ક તઆલા તેની બખ્શિશ કરી આપે છે. આ મતલબનું પ્રદર્શન એ દિવસે થયું અને એ જ દિવસે ખિલ્અત તથા ખાસ જૂતીઓ બખ્શિશ ફર્માવી. اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

## (મજલિસ – ૨૭)

એ જ વરસે એ જ મહીનાની અઠ્ઠાવીસમી તારીખ બુધવારે કદમબોસીની દોલત હાંસલ થઈ. આદત મુજબ ઘરની છત (મેડી) પર હતા. દરવાજા પાસે એક દાદર હતો. હું હાજર થયો તો ફર્માવ્યું કે ત્યાં જ દાદર પાસે બેસી જાવ, તો હું બેસી ગયો. જ્યારે પણ દરવાજાની એક બારી પર હવાનો ઝોંકો લાગતો તો તે બંધ થઈ જતો. બંદાએ એ દરવાજાને પોતાના એક હાથ વડે મજબૂતીથી પકડી લીધો જેથી ખુલ્લો રહે. કેટલોક સમય પસાર કર્યો. બંદાની તરફ નિગાહ કરી, જોયું કે દરવાજો પકડીને બેઠો છું. ફર્માવ્યું, છોડી કેમ નથી દેતા ? બંદાએ આજીજીપૂર્વક અર્ઝ કર્યું કે મેં આ દર પકડી લીધુ છે ! સ્મિત કર્યું અને ઈર્શાદ થયો કે તમે આ દર પકડયું છે અને મજબૂત પકડયુ છે ! ત્યારબાદ ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہ ઘણીવાર ફર્માવતા કે "હર દરી હર સરી" ન બનો, એક દરવાજો પકડો અને મજબૂત પકડો. ત્યાર બાદ હિકાયત વર્ણવી કે એક દિવસ સવારના સમયે કોઈ દીવાનો એક દરવાજા પર ઉભો હતો. જ્યારે દરવાજો ખોલવામાં આવ્યો તો લોકો બહાર આવ્યા. દરેક શખ્સ કોઈક બાજુ રવાના થઈ ગયો. કોઈ જમણી તરફ કોઈ ડાબી તરફ, કોઈ સામેની બાજુ, દરેક કોઈ ન કોઈ બાજુ ચાલ્યો ગયો. દીવાનાએ જ્યારે આ જોયું તો બોલ્યો કે આ લોકો વિખેરાયેલા અને અલગ અલગ તથા વિરૂધ્ધ બાજુ જાય છે જેથી જ તો કોઈ ઠેકાણે નથી પહોંચતા. જો સૌ એક રસ્તે જાય તો હેતુ સુધી પહોંચી જાય.

ઓછા ખોરાકની વાત નીકળી અને એ વાતની કે ભરેલા પેટ પર કાંઈ ખાવાનો લાભાલાભ શું છે ? તો ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે ભરેલા પેટે કાંઈક ખાવું બે માણસો સિવાય કોઈના માટે દુરુસ્ત નથી, એક તો જેને ત્યાં કોઈ મહેમાન આવ્યું હોય, તો ભલે તે શખ્સ ધરાઈ ચૂકયો હોય છતાં એ ખયાલથી ખાય કે મહેમાન કાંઈક ખાય લે. તેના માટે એ જાઈઝ છે કે ભરેલા પેટ પર પણ અધિક ખાય લે. બીજો તે રોઝાદાર જેના માટે સેહરીનો સામાન ન હોય, તે જાણતો હોય કે સેહરીના સમયે કોઈ ચીજ હશે નહીં, જો તે ધરાઈલો હોવા છતાં કાંઈક ખાય લે તો જાઈઝ છે.

### ★ રંજથી મુક્તિ માટેનો અમલ ★

પછી મસ્નૂન દુઆઓની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે જો કોઈ શખ્સ કોઈ મુસીબત અને બલામાં સપડાયેલો હોય કે કોઈ ઈલાજથી પણ તે મુસીબત તથા બલા દૂર થતી ન હોય તો જુમ્આના દિવસે અસરની નમાઝ બાદ ગુરૂબ (સૂર્યાસ્ત)ના સમય સુધી કોઈ કામમાં ન લાગે આ ત્રણ નામોના ઝિક્ર સિવાય અને એ ત્રણેવને એક સાથે પઢે. એ ત્રણ નામો આ પ્રમાણે છે : یااللہ، یارحمٰنُ، یارحیمُ તો જરૂર તે રંજથી તેને મુક્તિ મળી જશે.

**(મજલિસ – ૨૮)**

એ જ વરસે શવ્વાલ મહીનાની આઠમી તારીખે શનિવારે કદમબોસીની સઆદત નસીબ થઈ. એ દિવસે આ અદના ગુલામ (હસન અલા સંજરી) આદાબ બજાવી લાવ્યો અને બોલ્યો કે મારી એક અરજ છે, જો હુકમ હોય તો રજૂ કરું ! આદેશ થયો, જરૂરથી કહો ! બંદાએ અરજ કરી કે એક વરસથી વધુ થઈ ગયું કે મખ્લૂકની ગુલામીમાં સામેલ છું અને દરેક વખતે જ્યારે પણ કદમબોસીની દોલત નસીબ થાય છે ત્યારે દરેક વખતે મોતીઓ વેરતી ઝબાન વડે ફવાઈદ સાંભળ્યા છે, ચાહે વાઅઝ તથા નસીહત અને ફર્માંબરદારી વિશે પ્રોત્સાહન (પ્રલોભન) હોય ચાહે મશાઈખની હિકાયતો અને તેમના અહવાલ હોય. દરેક વિષયમાં રૂહ અફઝા વાણી આ લખનારના કાને પડી છે. અને હું ચાહું છું કે તે મુઝ બિચારાનો દસ્તૂરે અમલ બલ્કે મુઝ લાચારના માટે રસ્તાનું માર્ગદર્શન બની જાય. તેને મારી સમજ મુજબ મેં લખી લીધું છે. એટલા માટે પણ કે વારંવાર ઝબાને મુબારક પર આવ્યું છે કે મશાઈખની કિતાબો તથા તેમના ફર્માનો જે તેમણે સુલૂકના બારામાં ફર્માવેલ છે તેને નજરો સમક્ષ રાખવાં જોઈએ. તો કોઈ પણ સંગ્રહ મારા મખ્દૂમના જાંબખ્શ મલ્ફૂઝાત (ફર્માનો)થી અધિક નથી થઈ શકતો. તો એ કારણે જે કાંઈ પણ બંદાએ ઝબાન મુબારકથી સાંભળ્યું તેને ભેગુ કરી લીધું અને અત્યાર સુધી તેને પ્રદર્શિત નથી કર્યું. હુકમનો મુન્તઝિર છું કે શું ફર્માન બહાર પડે છે !

જ્યારે ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરએ આ અરજ સાંભળી તો હિકાયત વર્ણવી કે જ્યારે હું હઝરત શૈખુલ ઈસ્લામ ફરીદુદ્દીન رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચ્યો તો આ જ વાત મારા દિલમાં પણ આવી હતી કે જે કાંઈ હઝરતની ઝબાન મુબારકથી સાંભળયા કરીશ તેને લખી લીધા કરીશ. પ્રથમ દિવસે દસ્તબોસીની દોલત મળી તો પ્રથમ વાત જે શયખથી સાંભળી તે એ હતી કે ઝબાન મુબારકથી ફર્માવ્યું :–

اے آتش فراقت دلہا کباب کردہ    سیلاب اشتیاقت جانہا خراب کردہ

"અય કે તારા વિરહની આગે દિલોને કબાબ બનાવી દીધાં અને તારી ચાહતના પુરે જાનોને ખંડેર કરી રાખેલ છે."

ત્યારબાદ મેં ચાહ્યું કે કદમબોસીની ચાહતનો હાલ હઝરતની ખિદમતમાં કાંઈક અર્ઝ કરું, પણ હઝરત શયખની હાજરીનો પ્રભાવ મારા પર સવાર થયો અને કેવળ એટલુ જ કહી શકયો કે હુઝૂરે આલીની કદમબોસીની આતુરતા ખૂબ જ સવાર થઈ ગઈ હતી. જ્યારે શયખે રોઅબ (પ્રભાવ)ની અસર મારા પર જોઈ તો આ શબ્દો ઝબાન મુબારક પર આવ્યા : لِکُلِّ دَاخِلٍ دہشۃٌ "દરેક આવનારો કાંઈક પ્રભાવિત થાય છે." સારાંશ કે તે દિવસે શયખથી મેં જે કાંઈ સાંભળ્યું તેને મારા ઠેકાણે જઈને લખી લીધું. ત્યારબાદ જ્યારે પણ કાંઈક સાંભળતો તેને હું લખી લેતો, ત્યાં સુધી કે એ વાત મેં શયખને બતાવી. જેથી બાદમાં જ્યારે કદી કોઈ હિકાયત અથવા કોઈ પોઈંટ (મુદ્દો) વર્ણવતા તો પૂછી લેતા કે તમે હાજર છો ?! એ વ્યવસ્થા હતી કે જો હું મૌજૂદ ન હોતો તો જ્યારે બીજીવાર હાજર થતો તો ફાયદો (વાણી) જે મારી ગેરહાજરીમાં વર્ણવી હોતી તેને દોહરાવતા. –*(ક્રમશઃ)*

تذكرتुल અવલિયા

# હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ :** આપ હઝરત સર્રી સક્તી رحمۃ اللہ علیہના ભાણીયા અને મુરીદ છે અને હઝરત મુહાસબીની સોહબતથી ફૈઝયાબ થયા. આપ શરીઅત તથા તરીક઼તના તરવૈયા, અન્વારે ઈલાહીના ખજાના તથા શ્રોત હતા અને સંપૂર્ણ ઈલ્મો પર પહોંચ ધરાવતા હતા, એના કારણે સમયના લોકોએ આપને શયખુશ્શોયૂખ, ઝાહિદે કામિલ, અને ઈલ્મ તથા અમલના શ્રોત સ્વીકારી લીધા હતા. અને આપને સૈયદુત્તાઈફા, લિસાનુલ ક઼ૌમ, તાઉસુલ ઉલમા તથા સુલ્તાનુલ મુહક્કિક઼ીનના ખિતાબોથી નવાઝયા હતા અને મોટાભાગે સૂફિયાએ કિરામે આપનો માર્ગ અપનાવ્યો, પરંતું એ સર્વ ખૂબીઓ હોવા છતાં અદાવત તથા કીનો રાખનારાઓએ આપને ઝિંદીક (અધર્મી) તથા કાફિર સુધી કહી આપ્યા.

**હાલાત :** કોઈ શખ્સે હઝરત સર્રી સક્તી رحمۃ اللہ علیہને સવાલ કર્યો કે, શું કદીક મુરીદનો દરજો મુર્શિદથી બુલંદ થઈ જાય છે ? ફર્માવ્યું, બેશક ! જેવી રીતે જુનેદ મારો મુરીદ છે, પરંતુ મર્તબાઓમાં મારાથી વધીને છે.

હઝરત સહલ તુસ્તરીથી રિવાયત છે કે, જો કે હઝરત જુનેદનો મર્તબો સૌથી ઉચ્ચ તથા આ'લા છે, પરંતુ આપ કેવળ હઝરત આદમ علیہ السلامની જેમ ઈબાદત તો કરતા હતા પણ રાહે તરીક઼તની તકલીફો સહન કરી શક્તા ન હતા, હઝરત લેખક ફર્માવે છે કે હઝરત સહલનું આ કથન એક એવું રાઝ છે જે આપણી સમજથી બહારનું છે, અને અદબનો એ તકાઝો છે કે આપણે બંને બુઝુર્ગોમાંથી કોઈની શાનમાં ગુસ્તાખીમાં ન સપડાઈએ.

બચપનથી આપને ઉચ્ચ મર્તબા હાંસલ થતા રહ્યા. એકવાર મકતબથી પરત થતાં જોયું કે આપના પિતા રસ્તા વચ્ચે રડી રહ્યા છે. આપે કારણ પૂછયું તો ફર્માવ્યું કે મારો રડવાનો સબબ છે કે આજે મેં તમારા મામાને ઝકાતના માલમાંથી અમુક દિરહમ મોકલ્યા હતા પરંતુ તેમણે લેવાથી ઈન્કાર કરી આપ્યો, અને આજે મને એ એહસાસ થઈ રહ્યો છે કે મેં મારી જિંદગી એવા માલની પ્રાપ્તિમાં ખર્ચી કાઢી જેને ખુદાના દોસ્ત પણ પસંદ નથી કરતા. જેથી હઝરત જુનેદ رحمۃ اللہ علیہએ પોતાના પિતાથી તે દિરહમ લઈને પોતાના મામાને ત્યાં પહોંચીને અવાજ આપ્યો, અને જ્યારે અંદરથી પૂછવામાં આવ્યું કે કોણ છે ? તો આપે અર્ઝ કર્યું કે જુનેદ ! આપના માટે ઝકાતની રકમ લઈને આવ્યો છું. પરંતું તેમણે ફરી ઈન્કાર કરી આપ્યો. જેના પર હઝરત જુનેદે કહ્યું કે, ક઼સમ છે એ જાતની જેણે આપના ઉપર ફઝ્લ અને મારા પિતા સાથે અદ્લ કર્યો, હવે આપને અખત્યાર છે કે આ રકમ લો કે ન લો. કેમ કે મારા પિતાના માટે જે હુકમ હતો કે હક્ક઼દારને ઝકાત પેશ કરો તે તેમણે પૂરો કરી આપ્યો. એ વાત સાંભળીને હઝરત સર્રીએ દરવાજો ખોલીને ફર્માવ્યું કે રકમથી પહેલાં હું તને ક઼બૂલ કરું છું. જેથી એ દિવસથી આપ તેમની ખિદમતમાં રહેવા લાગ્યા, અને સાત વરસની ઉમરમાં તેમની જ સાથે મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા. ત્યાં ચાર સૂફિયાએ કિરામમાં શુક્રના મસ્અલા પર બહષ છેડાઈ ગઈ હતી. અને જ્યારે શુક્રની વ્યાખ્યા વર્ણવી ચૂક્યા તો આપના મામાએ આપને શુક્રની વ્યાખ્યા દર્શાવવાનો હુકમ આપ્યો, જેથી આપે થોડીકવાર માથુ ઝુકાવી રાખ્યા

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

બાદ ફર્માવ્યું કે **શુક્રની વ્યાખ્યા** એ છે કે **જ્યારે અલ્લાહ તઆલા નેઅમત અતા કરે તો એ નેઅમતના કારણે મુન્ઈમ (ઈનામ આપનાર)ની નાફર્માની કદી ન કરે.** આ સાંભળીને સર્વ લોકોએ કહ્યું કે **ખરેખર શુક્ર આનુ નામ છે.** (કેવળ ઝબાનથી શુક્રના શબ્દો પૂરતા નથી !)

પછી આપે બગદાદ પરત આવીને આઈના બનાવવાની દુકાન શરૂ કરી લીધી અને એક પર્દો નાખીને **ચારસો રકાત નમાઝ દરરોજ એ દુકાનમાં અદા કરતા રહ્યા** અને કેટલાક અરસા બાદ દુકાનને અલવિદા કહીને હઝરત સર્રી સકતીના મકાનના એક હુજરા (ઓરડા)માં ગોશાનશીન થઈ ગયા અને **૩૦ વરસો સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ અદા કરતા અને રાતભર ઈબાદતમાં મશગૂલ રહેતા હતા.** ચાલીસ વરસ બાદ એ ખયાલ થઈ ગયો કે હવે હું કમાલની મેઅરાજ સુધી પહોંચી ગયો છું. જેથી ગયબથી નિદા આવી કે, હે જુનેદ ! હવે એ સમય આવી પહોંચ્યો છે કે તારા ગળામાં જનોઈ નાખી દેવામાં આવે. આપે અર્ઝ કરી કે, હે બારી તઆલા ! મારાથી શો કસૂર થઈ ગયો છે ? જવાબ મળ્યો કે તારુ વજૂદ તો હજી સુધી બાકી છે. એ સાંભળીને આપે ઠંડી આહ ભરતાં કહ્યું કે જે બંદો વિસાલને પાત્ર સાબિત ન થઈ શક્યો જેની સર્વ નેકીઓ ગુનાહોમાં દાખલ થઈ ગઈ. ત્યારબાદ આપને ફિત્નાખોરોએ ભલુ બુરુ પણ કહ્યું અને ખલીફાને પણ આપની શિકાયતો કરી. પરંતું ખલીફાએ કહ્યું કે જ્યાં સુધી એમની વિરુદ્ધએ જુર્મ સાબિત ન થઈ જાય કે એમના કારણે લોકો ફિત્ના ફસાદમાં સપડાય જાય છે ત્યાં સુધી સજા આપવી યોગ્ય નથી.

પછી એકવાર ખલીફાએ કસોટીરૂપે એક હસીનો જમીલ કનીઝને લિબાસ તથા ઘરેણાથી સુસજ્જ કરીને એ હિદાયત કરી આપ કે તેમની સામે પહોંચીને નકાબ ઉલટાવીને એવું કહેજે કે હું અમીરઝાદી છું, જો આપ મારી સાથે હમ બિસ્તર થઈ જાવ તો હું આપને દોલતથી નવાઝી આપીશ. અને બનાવની સ્થિતિ માલૂમ કરવા માટે તેણી સાથે એક ગુલામને પણ મોકલી આપ્યો. અને જ્યારે એ લોંડીએ ખલીફાની હિદાયત પ્રમાણે આપની સમક્ષ મુદ્દો પ્રદર્શિત કર્યો તો આપે માથુ ઝુકાવીને એક એવી ઠંડી આહ ખેંચી કે એ લોંડીએ ત્યાં જ દમ તોડી આપ્યો. અને જ્યારે ગુલામે પરત આવીને બનાવની હકીકત વર્ણવી તો ખલીફાને ખૂબ જ સદમો થયો, કેમ કે ખુદ તેણી સાથે ખૂબ જ મહોબ્બત કરતો હતો. અને તેણે કહ્યું કે જે કાર્ય મેં એમની સાથે કર્યું તે ન કરવું જોઈતુ હતું જેના કારણે મારે આ બુરો દિવસ જોવો પડયો. પછી આપની ખિદમતમાં પહોંચીને અર્ઝ કર્યું કે એ વાત આપે કેવી રીતે ગવારા (માન્ય) કરી કે આવી મહબૂબ હસ્તીને દુનિયાથી રુખસદ કરી દીધી. આપે જવાબ આપ્યો કે, અમીરુલ મો'મિનીનની હૈસિયતથી તમારી ફરજ તો મો'મિનો સાથે મહેરબાની કરવાનો છે પરંતુ મહેરબાનીના બદલે તમે મારી ચાલીસ વરસની ઈબાદતને નેસ્તોનાબૂદ કરવાનું કેવી રીતે માન્ય રાખ્યું ?!

નકલ થયેલ છે કે જ્યારે આપના મર્તબાઓમાં વધારો થતો ગયો તો આપે વઅઝ તથા તબ્લીગને પોતાનો તરીકો બનાવી લીધો, અને એ જ મજમામાં ફર્માવ્યું કે વઅઝ કહેવું મેં મારા અખ્તયારથી શરૂ નથી કર્યું બલ્કે ત્રીસ અબ્દાલોના અતિ આગ્રહ પર આ ક્રમ શરૂ કર્યો અને મેં લગભગ બસો બુઝુર્ગોના જોડા સુધી કર્યા છે. ...*(ક્રમશઃ)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તોઃ ૨૩

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. –*તંત્રી*

**હદીષ–૨૯ :** સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી. કહે છે કે રસૂલુલ્લાહ ﷺ રમઝાનની ઝકાત એટલે સદકએ ફિત્રની હિફાઝત મને સુપરત કરી હતી. એક આવવાવાળો આવ્યો અને અનાજ ભરવા લાગ્યો. મેં તેને પકડી લીધો અને કહ્યું કે તને હુઝૂરની ખિદમતમાં લઈ જઈશ. કહેવા લાગ્યો, હું જરૂરતમંદ બાલ બચ્ચાંવાળો છું સખ્ત જરૂરતમંદ છું. મેં તેને છોડી દીધો. જ્યારે સવાર થઈ હુઝૂરે ફર્માવ્યું, અબૂ હુરૈરહ ! તમારા રાતના કેદીનું શું થયું ? મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! તેણે સખ્ત જરૂરત અને બાળ બચ્ચાં હોવાની શિકાયત કરી તો મને રહેમ આવી ગયો અને છોડી દીધો. ઈર્શાદ ફર્માવ્યું, તમારાથી જુઠું બોલ્યો અને હવે તે ફરી આવશે. હું સમજી ગયો તે ફરી આવશે કેમ કે હુઝૂરે ફર્માવી દીધું. હું તેની રાહ જોઈ રહ્યો હતો તે આવ્યો અને અનાજ ભરવા લાગ્યો, મેં તેને પકડી લીધો અને કહ્યું, તને રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર કરીશ. તેણે કહ્યું, મને છોડી દો હું સખ્ત જરૂરતમંદ અને બાળકોવાળો છું, હવે પછી નહીં આવું. મને રહમ આવી ગયો છોડી દીધો. સવાર થઈ તો હુઝૂરે ફર્માવ્યું, અબૂ હુરૈરહ તમારો કૈદીનું શું થયું ? મેં અર્ઝ કરી તેણે સખ્ત જરૂરત અને બાળકોની શિકાયત કરી મને રહેમ આવ્યો છોડી દીધો. હુઝૂરે ફર્માવ્યું, એ તમારાથી જુઠું બોલ્યો અને ફરી આવશે. હું તેની રાહ જોઈ રહ્યો હતો તે આવ્યો અને અનાજ ભરવા લાગ્યો. મેં પકડયો અને કહ્યું, તને હુઝૂરની પાસે લઈ જઈશ, ત્રણ વખત થઈ ચૂક્યું, કહે છે નહીં આવું પછી આવે છે ! તેણે કહ્યું, મને છોડી દો હું તમને એવા કલેમાત શીખવાડુ છું જેનાથી અલ્લાહ તમને ફાયદો પહોંચાડશે. જ્યારે તમે પથારીમાં જાવ આયતુલ કુર્સી આખી પઢી લો સવાર સુધી અલ્લાહ તમારી ઉપર નજર રાખવાવાળો રહેશે. અને શૈતાન તમારી પાસે નહી આવે. મેં તેને છોડી દીધો. જ્યારે સવાર થઈ હુઝૂરે ફર્માવ્યું, તમારા કૈદીનું શું થયું ? મેં અર્ઝ કરી, તેણે કહ્યું કેટલાક કલેમાત તમને શીખવાડુ છું અલ્લાહ તઆલા તેનાથી ફાયદો પહોંચાડશે. હુઝૂરે ફર્માવ્યું, એ વાત તેણે સાચી કહી અને તે જૂઠો છે. અને તને ખબર છે કે ત્રણ રાતોથી તમારી સાથે વાત કરવાવાળો કોણ છે ? મેં અર્ઝ કરી, ના ! હુઝૂરે ફર્માવ્યું કે તે શૈતાન છે.

**હદીષ–૩૦ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં

અબૂ મસ્ઊદ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સૂરએ બકરહની છેલ્લી બે આયતો જે શખ્સ રાતમાં પઢી લે તે એના માટે પૂરતી છે.

**હદીષ–૩૧ :** અલ્લાહ તઆલાએ આકાશ અને જમીનને પૈદા કરવાના બે હજાર વર્ષ પહેલાં એક કિતાબ લખી. એમાંથી બે આયતો જે સૂરએ બકરહની છેલ્લે તેને ઉતારી જે ઘરમાં ત્રણ રાતો સુધી પઢવામાં આવે તો શૈતાન તેના નજીક નહીં જાય. *(તિર્મિઝી વ દારમી)*

**હદીષ–૩૨ :** સૂરએ બકરહની છેલ્લી બે આયતો અલ્લાહ તઆલાના એ ખજાનામાંથી છે જે અર્શના નીચે છે. અલ્લાહે મને આ બંનેવ આયતો આપી તેને શીખો અને પોતાની સ્ત્રીઓને શીખવાડો કે રહમત છે અને અલ્લાહની નઝદીકી અને દુઆ છે. *(દારમી)*

**હદીષ–૩૩ :** સહીહ મુસ્લિમમાં અબૂ દરદા رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સૂરએ કહફની પહેલી દસ આયતો જે શખ્સ યાદ કરી લે તે દજ્જાલથી મહેફૂઝ રહેશે.

**હદીષ–૩૪ :** જે શખ્સ સૂરએ કહફ જુમ્આના દિવસે પઢશે તેના માટે બે જુમ્આ વચ્ચે નૂર પ્રકાશિત થશે. *(બયહકી)*

**હદીષ–૩૫ :** દરેક વસ્તુ માટે દિલ છે અને કુર્આનનું દિલ "યાસીન" છે. જેણે યાસીન પઢી દસ વખત કુર્આન પઢવું અલ્લાહ તઆલા તેના માટે લખી દેશે. *(તિર્મિઝી વ દારમી)*

**હદીષ–૩૬ :** અલ્લાહ તઆલાએ જમીન અને આસમાન પૈદા કરવાના હજાર વર્ષો પહેલા "તાહા" અને "યાસીન" પઢયું. જયારે ફરિશ્તોએ સાંભળ્યું તો કહ્યું, મુબારક થાય તે ઉમ્મતને જેની ઉપર આ ઉતારવામાં આવે અને મુબારક છે તે સીનાઓ જે તેને ઉઠાવનાર છે અને મુબારક છે તે જીભોને જે એને પઢે. *(દારમી)*

**હદીષ–૩૭ :** જે શખ્સ અલ્લાહને ખુશ કરવા માટે યાસીન પઢશે તેના પાછલા ગુનાહોની મગફિરત થઈ જશે માટે તેને પોતાના મર્હૂમોની પાસે પઢો. *(બયહકી)*

**હદીષ–૩૮ :** જે શખ્સ حٰمٓ الْمُؤْمِنُ ને اِلَیْهِ الْمَصِیْرُ સુધી અને આયતુલ કુર્સી સવારે પઢશે રાત સુધી હિફાઝતવાળો રહેશે અને જે રાત્રે પઢશે સવાર સુધી હિફાઝતવાળો રહેશે. *(તિર્મિઝી વ દારમી)*

**હદીષ–૩૯ :** જે શખ્સ હામ حٰمٓ الدُّخَان જુમ્આની રાતમાં પઢે તેની મગફેરત થઈ જશે. *(તિર્મિઝી)*

**હદીષ–૪૦ :** નબીએ કરીમ ﷺ જબ તક تَبٰرَكَ الَّذِیْ بِیَدِهِ الْمُلْكُ અને الٓمٓ تَنْزِیْلُ ન પઢતા ત્યાં સૂતી ન ઊંઘતા. *(અહમદ, તિર્મિઝી, દારમી)*

**હદીષ–૪૧ :** ખાલિદ બિન મઅદાને કહ્યું, નજાત આપવાવાળી સૂરતને પઢો, અલિફ–લામ–મીમ–તન્ઝીલ છે. મને ખબર પહોંચી કે એક શખ્સ એને પઢતો હતો તેના સિવાય કાંઈ પઢતો ન હતો અને તે બહુ ગુનેહગાર હતો. આ સૂરતે પોતાના બાઝૂ તેના ઉપર પાથરી દીધા અને કહ્યું, હે ! રબ આની મગફેરત ફર્માવી દે કે આ મને ઘણીવાર પઢતો હતો. રબ તઆલાએ તેની શફાઅત કબૂલ ફર્માવી અને ફરિશ્તાઓથી ફર્માવ્યું કે તેની દરેક ખતાના બદલામાં એક નેકી લખો અને એક દરજો બુલંદ કરો. અને ખાલિદે એ પણ કહ્યું કે તે પોતાના પઢવાવાળા તરફથી કબ્રમાં ઝઘડો કરશે. કહેશે, ઈલાહી ! જો હું તારી કિતાબથી છું તો મારી શફાઅત કબૂલ ફર્માવ અને તારી કિતાબમાંથી ન હોઉં તો એમાંથી મને મિટાવી દે. અને તે પક્ષીની જેમ પોતાની પાંખો તેના ઉપર પાથરી દેશે અને શફાઅત કરશે અને કબ્રના અઝાબથી બચાવશે. અને ખાલિદે

તબારકના સંબંધે પણ આ જ રીતે કહ્યું અને જ્યાં સુધી આ બંનેવને ન પઢતા ખાલિદ સૂતા ન હતા. અને તાઊસે કહ્યું કે આ બંનેવ સૂરતો કુર્આનની દરેક સૂરતો પર ૬૦ હસનાની સાથે ફઝીલત રાખે છે. *(દારમી)*

**હદીષ-૪૨** : કુર્આનમાં તીસ આયતની એક સૂરત છે, આદમીની શફાઅત કરશે ત્યાં સુધી કે તેની મગફેરત થઈ જશે, તે تَبٰرَكَ الَّذِیْ بِیَدِهِ الْمُلْكُ છે. *(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નસાઈ, ઈબ્ને માજહ)*

**હદીષ-૪૩** : અમુક સહાબાઓએ કબ્ર પર તંબુ બાંધી દીધો એમને ખબર ન હતી કે અહીંયા કબ્ર છે. તેમાં કોઈ શખ્સે تَبٰرَكَ الَّذِیْ بِیَدِهِ الْمُلْكُ છેલ્લે સુધી પઢી જ્યારે તેમણે નબીએ કરીમ ﷺની ખિદમતમાં હાજર થઈને આ બનાવ સંભળાવ્યો તો હુઝૂરે ફર્માવ્યું, તેને રોકી રાખનારી છે, તે નજાતવાળી છે અલ્લાહના અઝાબથી તેને છૂટકારો આપે છે. *(તિર્મિઝી)*

**હદીષ-૪૪** : જે શખ્સ સૂરએ વાકેઆ દરેક રાત્રે પઢી લેશે તેને ક્યારેય ગરીબી નહીં પહોંચે. ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ પોતાની છોકરીઓને હુકમ આપતા કે દરેક રાતમાં આને પઢયા કરે. *(બયહકી)*

**હદીષ-૪૫** : શું તમે એની તાકાત નથી રાખતા કે દરરોજ એક હજાર આયતો પઢયા કરો ? લોકોએ અર્ઝ કરી, તેની કોણ તાકાત રાખી શકે છે કે દરરોજ હજાર આયતો પઢયા કરે ! ફર્માવ્યું, તેની તાકાત નથી કે "અલ્હાકુમુત્તકાષૂર" પઢી લો. ?! *(બયહકી)*

**હદીષ-૪૬** : શું તમે એ વસ્તુથી આજિઝ છો કે રાતમાં કુર્આન પઢી લો. લોકોએ અર્ઝ કરી, કુર્આન કેવી રીતે કોઈ પઢી શકે છે ? ફર્માવ્યું કે કુલહુવલ્લાહુ અહદ ત્રીજા ભાગના કુર્આનની બરાબર છે. *(બુખારી, મુસ્લિમ)*

**હદીષ-૪૭** : ઈઝા ઝુલ્ઝિલત અડધા કુર્આનની બરાબર છે અને કુલહુવલ્લાહુ અહદ ૧/૩ ભાગના કુર્આનની બરાબર છે અને કુલ યા અય્યુહલ કાફિરૂન ચોથા બરાબર છે. *(તિર્મિઝી)*

**હદીષ-૪૮** : જે એક દિવસમાં બસો વખત કુલહુવલ્લાહ પઢશે તેના પચાસ વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવશે, પરંતુ તેના પર દેવુ ન હોય તો. *(તિર્મિઝી વ દારમી)*

**હદીષ-૪૯** : જે શખ્સ સૂવાના સમયે પથારીમાં જમણી કરવટ પર સૂઈને ૧૦૦ વખત કુલહુવલ્લાહુ અહદ પઢે કયામતના દિવસે રબ તઆલા તેને ફર્માવશે હે ! મારા બંદા પોતાની જમણી બાજુ જન્નતમાં જતો રહે. *(તિર્મિઝી)*

**હદીષ-૫૦** : નબીએ કરીમ ﷺએ એક શખ્સને કુલહુવલ્લાહુ અહદ પઢતા સાંભળ્યું જન્નત વાજિબ થઈ ગઈ. *(ઈમામ માલિક, તિર્મિઝી, નસાઈ)*

**હદીષ-૫૧** : કોઈએ પૂછયું, યા રસૂલલ્લાહ ! કુર્આનમાં સૌથી મોટી સૂરત કઈ છે ? ફર્માવ્યું, "કુલહુવલ્લાહુ અહદ" તેણે અર્ઝ કરી, કુર્આનમાં સૌથી મોટી આયત કઈ છે ? ફર્માવ્યું, આયતુલ કુર્સી. તેણે કહ્યું, યા રસૂલલ્લાહ ! કઈ આયત આપને અને આપના ઉમ્મતને પહોંચવી મેહબૂબ છે ? એટલે તેનો ફાયદો અને સવાબ. ફર્માવ્યું, સૂરએ બકરહની છેલ્લી આયત કે તે અલ્લાહની રહમતના ખજાના અને અર્શે ઈલાહીના નીચેથી છે. અલ્લાહ તઆલાએ તે આયત આ ઉમ્મતને આપી કે દુનિયા અને આખેરતની ભલાઈનો આધાર જ આની ઉપર છે. *(દારમી)*

**હદીષ-૫૨** : જે શખ્સ اَعُوْذُ بِاللّٰهِ السَّمِیْعِ الْعَلِیْمِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ ત્રણ વખત પઢીને સૂરએ હશ્રની છેલ્લી ત્રણ આયતો પઢે અલ્લાહ તઆલા સિત્તેર (૭૦) હજાર ફરિશ્તાઓ નક્કી કરશે જે રાત સુધી તેના માટે દુઆ કરશે અને તે શખ્સ એ દિવસે મૃત્યુ પામે તો શહીદ મરશે અને રાતે પઢી લે તેના માટે પણ આજ છે. *(તિર્મિઝી)*

મસ્અલા-૭

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની-રૌશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ ઈલ્મે ગયબના નકારની દલીલો ★

કિતાબ તથા સુન્નતમાં એવી નસો (આયતો તથા હદીષો) પણ જોવા મળે છે જેનાથી જાહેરી રીતે આપના ગયબના જાણકાર હોવાનો નકાર થાય છે. દા.ત. :-

**આયત-૦૧ :-**

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ ؕ وَمَا يَشْعُرُوْنَ اَيَّانَ يُبْعَثُوْنَ ۝

"હે મહબૂબ ! ફર્માવી દો કે જે લોકો આસ્માનો અને જમીનમાં છે તે ગયબને નથી જાણતા પણ અલ્લાહ. અને એ પણ નથી જાણતા કે ક્યારે ઉઠાવવામાં આવશે." *(સૂરએ નમ્લ, ૨૭/૬૫)*

જ્યારે કે કુર્આન મજીદની વિવિધ આયતોમાં નબીઓ તથા રસૂલો ગયબ જાણનાર હોવાનું વર્ણન છે તો શું આ આયતોમાં ખુદાની પનાહ વિરોધાભાસ છે ?!

**આયત-૦૨ :** وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ ؕ "અલ્લાહની જ પાસે ગયબની ચાવીઓ છે, ગયબ અલ્લાહ જ જાણે છે." *(સૂરએ અન્આમ, ૬/૫૯)*

જ્યારે કે વિવિધ મુબારક આયતોમાં આપે પઢ્યું કે અલ્લાહના ખબર આપવાથી નબી પણ ગયબ જાણે છે, તો શું આ આયત એ આયતોથી વિરુદ્ધ છે ?!

**આયત-૦૩ : રબનો ઈર્શાદ છે :-**

اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ ۚ وَيُنَزِّلُ الْغَيْثَ ۚ وَيَعْلَمُ مَا فِي الْاَرْحَامِ ؕ وَمَا تَدْرِيْ نَفْسٌ مَّاذَا تَكْسِبُ غَدًا ؕ وَمَا تَدْرِيْ نَفْسٌ بِاَيِّ اَرْضٍ تَمُوْتُ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ ۝

"બેશક ! અલ્લાહની જ પાસે કયામતનો ઈલ્મ છે ❑ અને તે જ વરસાદ વરસાવે છે અને ❑ જાણે છે જે કાંઈ માના પેટમાં છે ❑ અને કોઈ નથી જાણતુ કે તે કાલે શું કરશે ❑ અને કોઈ નથી જાણતું કે તે કઈ જમીનમાં મરશે. બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે." *(સૂરએ લુકમાન, ૩૧/૩૪)*

આ પાંચેવ ચીજો جميع ما كان و ما يكون (ભૂત, વર્તમાન, ભાવિ)માં સામેલ છે એટલા માટે હુઝૂર ﷺ ખુદા પાકના બતાવ્યાથી સર્વ ગયબોથી વાકેફ છે. બલ્કે જુઝઈ તૌર પર એની ગવાહીઓ પણ નબવી હદીષોમાં મૌજૂદ છે, તો શું એ ઘણી બધી સહીહ હદીષો આ આયતે કરીમાથી વિરુદ્ધ છે ?!

હક્ક એ છે કે ન મુબારક આયતોની વચ્ચે આપસમાં કોઈ ટકરાવ છે અને ન તો આયતો તથા નબવી હદીષોનો અર્થ મતલબ અલગ અલગ છે. હવે એમના વચ્ચે તત્બીક (વર્ગીકરણ)ની વિવિધ સ્થિતિઓ જુઓ :-

## ★ તત્બીક (વર્ગીકરણ)ની વિવિધ સ્થિતિઓ ★

જે આયતો તથા હદીષોમાં ગૈરુલ્લાહથી ઈલ્મે ગયબની નફી (નકાર) કરવામાં આવેલ છે ત્યાં એનાથી મુરાદ ગયબનો ઝાતી ઈલ્મ છે. જે કોઈની અતા તથા બતાવ્યા વિના ખુદ રબની ઝાતના માટે હમેશાંથી હમેશાં માટે હાંસલ છે. એને કેટલાક ઉલમા 'ઈલ્મે

ઈસ્તેક઼લાલી' પણ કહે છે કે આ ઈલ્મ અલ્લાહની જાત માટે મુસ્તક઼િલ તૌર પર કોઈ વાસ્તા વિના હાંસલ છે.

અને જે આયતો તથા હદીષોમાં અંબિયા તથા સૈયદુલ અંબિયા ﷺના માટે ઈલ્મે ગયબની સાબિતી આપવામાં આવી છે ત્યાં એનાથી મુરાદ ગયબનો અતા કરવામાં આવેલ તથા બતાવવામાં આવેલો ઈલ્મ છે. જેના માટે કિતાબ તથા સુન્નતમાં વિવિધ તાબીરો અપનાવવામાં આવેલી છે. દા.ત. :–

☆ تنزیل، تِبیان ☆ اِطلاع علیَ الغیب ☆ اِظھار علی الغیب

☆ تعلیم ☆ وإعلام ☆ جَلاہ لِنبیّہ ☆ وَضَعَ یَدَہٗ بین کتِفَیّ

વગેરે શબ્દો જે અલ્લાહ عزوجل تعالٰیની તરફથી ગયબનો ઈલ્મ આપવામાં આવવા પર દલીલો પુરવાર કરે છે. આ વહેંચણી પહેલેથી ઉલમાએ દીન કરતા આવ્યા. દા.ત. અલ્લામા મુહમ્મદ અબ્દુર્રઉફ મુનાદી رحمۃ اللہ علیہ (હિ.સ. ૯૫૩–૧૦૩૧) લખે છે :– وقد وجدنا ذلك لغير واحد "નબી કરીમ ﷺના ઈર્શાદ : "એ પાંચ ગયબોને અલ્લાહ સિવાય કોઈ નથી જાણતુ"થી મુરાદ એ છે કે અલ્લાહ સિવાય કોઈને એ ગયબોનો ઝાતી ઈલ્મ નથી કે એ તેની જાતથી હાંસલ થાય, પરંતુ ખુદાના બતાવવાથી આ ગયબો માલૂમ થઈ જાય છે. અને બેશક ! અને બેશક ! એવા ખાસ લોકો મૌજૂદ છે જે એમને જાણે છે. *(ફયઝુલ ક઼દીર શરહુલ જામિઉસ્સગીર, ૫/૫૨૬, હ–૮૧૯૦, બૈરૂત)*

જ્યારે ગયબની સાબિતીની આયતો તથા હદીષોમાં ઈલ્મે ગયબથી મુરાદ અતાઈ તથા બતાવવામાં આવેલ ઈલ્મ છે. તો અહીંથી નિશ્ચિત થઈ જાય છે કે ગયબની આયતો તથા હદીષોમાં ગયબથી અતાઈ તથા બતાવવામાં આવેલ ઈલ્મના સિવાય કાંઈક અન્ય મુરાદ છે, એને આપણે "ઈલ્મે ગયબે ઝાતી વ ઈસ્તિક઼લાલી"થી તાબીર કરીએ છીએ.

વહાબી ફિર્કો હઝરાત અંબિયાએ કિરામ તથા સૈયદુલ અંબિયા علیہم السلامથી ઈલ્મે ગયબની નફી (નકાર)માં જેટલી આયતો તથા હદીષો પેશ કરે છે તેમનામાં ઝાતી ઈલ્મ તથા ઈસ્તિક઼લાલી ઈલ્મનો નકાર છે કે એ હઝરાત ખુદ બખુદ અલ્લાહના આપ્યા વિના અને તેના બતાવ્યા વિના ઈલ્મે ગયબ નથી ધરાવતા. એમાં اِطلاع અથવા اِظھار علی الغیب જેવો કોઈ શબ્દ નથી જેનાથી એ ખયાલ થાય કે એ હઝરાતથી અતાઈ ઈલ્મનો નકાર કરવામાં આવેલ છે.

આપણે સર્વ આયતો તથા હદીષો પર ઈમાન ધરાવીએ છીએ એટલા માટે બંને પ્રકારની આયતો તથા હદીષોમાં તેમના જ શબ્દો તથા વાક઼્યોને લક્ષમાં રાખીને તત્બીક઼ (વર્ગીકરણ) કરીએ છીએ અને **જે લોકો અંબિયાએ કિરામ તથા સૈયદુલ અંબિયા علیہ الصلوٰۃ والسلامની ગયબદાનીનો મુત્લક઼ન ઈન્કાર કરે છે તે લોકો ગયબની સાબિતીની આયતો તથા હદીષોનો ઈન્કાર કરે છે !** છેવટે જ્યારે અલ્લાહ عزوجل تعالٰیએ તેમને ઈલ્મે ગયબથી સરફરાઝ કર્યા છે, જેવું કે અમારી પેશ કરેલી આયતોથી સાબિત છે તો તેનો ઈન્કાર કેમ કરવામાં આવે છે અને ન કેવળ ઈન્કાર બલ્કે ખૂબ બહાદુરીપૂર્વક તેને શિર્ક પણ કહેવામાં આવે છે.

**તત્બીક઼ (વર્ગીકરણ)–૨ :** જે આયતો તથા હદીષોથી એ સાબિત થાય છે કે ઈલ્મે ગયબ ખાસ ખુદા માટે છે. અલ્લાહ ﷻ સિવાય કોઈ નથી જાણતુ એમાં ઈલ્મે ગયબથી મુરાદ ઈલ્મે મુહીત તફસીલી છે, અને જે આયતો તથા હદીષોમાં ખાસ બંદાઓના માટે ઈલ્મે ગયબની સાબિતી છે એમાં "ઈલ્મે ગયબ"થી મુરાદ ગૈર મુહીત ઈજમાલી છે.

રબનો ઈર્શાદ છે :–

★ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا "અલ્લાહ દરેક ચીજને જાણે છે." *(સૂરએ અહઝાબ, ૩૩/૪૦)*

★ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَیْءٍ مُّحِیْطًا "અલ્લાહે દરેક ચીજને ઘેરેલ છે." *(સૂરએ નિસાઅ્, ૪/૧૨૬)*

★ وَّاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَیْءٍ عِلْمًا "અને બેશક ! અલ્લાહના ઈલ્મે દરેક ચીજને ઘેરેલ છે."
*(સૂરએ તલાક્, ૬૫/૧૨)*

★ وَلَا یُحِیْطُوْنَ بِشَیْءٍ مِّنْ عِلْمِهٖۤ اِلَّا بِمَا شَآءَ "અને તે એની માલૂમાતમાંથી થોડાને પણ ઘેરી નથી શક્તા પણ **જેટલુ તે ચાહે.**"
*(સૂરએ બક્રહ, ૨/૨૫૫)*

★ وَمَاۤ اُوْتِیْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِیْلًا "અને તમને થોડોક જ **ઈલ્મ આપવામાં આવ્યો** છે."
*(સૂરએ ઈસ્રા, ૧૭/૮૫)*

સર્વ કાંઈ માલૂમ હોય તો "ઈલ્મે મુહીત" છે અને થોડુક માલૂમ હોય, અમુક ન માલૂમ હોય તો "ઈલ્મે ગયરે મુહીત" છે.

આ બંને પ્રકારની તત્બીક઼ો પહેલાંના ઉલમાએ કરી છે. જેમ કે ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ પોતાના "ફતાવા હદીષિયા"માં ફર્માવે છે : "આયતમાં ગૈર ખુદાથી ઈલ્મે ગયબના નકારનો એ અર્થ છે કે ★ ગયબ પોતાની જાતે કોઈના બતાવ્યા વિના જાણવો ★ અને એવો ઈલ્મ કે જમીઅ માલૂમાતને મુહીત (સર્વ ઈલ્મને ઘેરનાર) થઈ જાય છે, એ અલ્લાહ સિવાય કોઈને નથી." *(અંબાઉલ મુસ્તફા, પેજ–૨૧, ૨૨, બરૈલી)*

**હા ! એ અલગ વાત છે કે મુત્લક઼ ઈજમાલી (થોડોક) ઈલ્મ પણ જાતે એટલો અતિ અધિક છે કે علمِ ما کان و ما یکون (ભૂત, વર્તમાન, ભાવિ)ના ઈલ્મને સમાવે છે.**

**તત્બીક઼ (વર્ગીકરણ)–3** : ક્યાં તે આયતો તથા હદીષો જેમનામાં બંદાઓથી ઈલ્મે ગયબનો નકાર કરવામાં આવેલ છે, તે એવા સમયની છે જ્યારે અલ્લાહે આપને એ બનાવોનો ઈલ્મ આપ્યો ન હતો. એના અનુસંધાનમાં ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અને જ્યારે કે આ ઈલ્મ (جمیع ما کان و ما یکون) કુર્આને અઝીમના تِبْیَانًا لِّكُلِّ شَیْءٍ "દરેક ચીજનું રોશન વર્ણન" (સૂ. નહલ, ૧૬/૮૯) હોવાનો આપ્યો અને પૂરી રીતે જાહેર છે કે આ વસ્ફ (ખૂબી) સર્વ કલામ મજીદનો છે ન દરેક આયત ન સૂરતનો. જો સંપૂર્ણ કુર્આન શરીફના નુઝૂલ પહેલાં જો અમુક અંબિયા علیہم السلام ની નિસ્બત ઈર્શાદ થયો : لَّمْ نَقْصُصْ عَلَیْكَ "અમુક અંબિયાના અહવાલ તમને વર્ણન નથી થયા." (સૂ. મુઅમિન, ૪૦/૭૮) અથવા મુનાફિકોના પ્રકરણમાં ફર્માવવામાં આવે : لَا تَعْلَمُهُمْ "તમે એમને નથી જાણતા." (૯/૧૦૧) તો એ કદાપિ એ આયતોના વિરૂધ્ધ તથા ઈલ્મે મુસ્તફવીના ઘેરાવને નકારનાર નથી.

અલ્હમ્દુલિલ્લાહ ! વહાબીઓ જેવી રીતે કિસ્સાઓ તથા રિવાયતો અને ખબરો તથા હિકાયતો મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના મહાન ઈલ્મને ઘટાડવા માટે ક઼તઈ કુર્આની આયતોની સરખામણીમાં પેશ કરે છે તે સૌનો જવાબ આ જ વાક્યોમાં થઈ ગયો.

આ કિસ્સા તથા રિવાયતો બે સ્થિતિથી ખાલી નથી : (૧) ક્યાં તો કિસ્સાઓનો ઈતિહાસ માલૂમ હશે. (૨) અથવા નહીં."

મિશ્કાતના બાબુલ બકા વલ્ખૌફમાં લખ્યું છે કે બુખારીએ વર્ણવ્યું કે નકલ કર્યું ઉમ્મુલ અલાએ કે કહ્યું, પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم એ કહ્યું છે કે, ક઼સમ અલ્લાહની કે નથી જાણતો હું જ્યારે કે હું રસૂલુલ્લાહ છું કે શું મામલો થશે મારાથી, અને શું તમારી સાથે.

એટલે જે કાંઈ કે અલ્લાહ પોતાના બંદાઓથી મામલો કરશે ચાહે દુનિયામાં, ચાહે કબરમાં, ચાહે આખેરતમાં, તો એની હક઼ીક઼ત કોઈને માલૂમ નથી,

ન નબીને, ન વલીને, ન પોતાનો હાલ ન બીજાઓનો. *(તકવિયતુલ ઈમાન, પેજ–૨૩, રાશિદ કંપની, દેવબંદ)*

આ દલીલ કેટલી મજબૂત છે એને ઈમામે અહલે સુન્નતથી સાંભળો :

★ એને એક તરફ રાખીએ કે આ હદીષ ખુદ આહાદ છે.

★ એને એક તરફ રાખીએ કે આ ક્યા સમયનો આદેશ છે.

★ ખુદ બુખારી તથા મુસ્લિમની સહીહ હદીષોમાં તેની નાસિખ મૌજૂદ છે કે :–

જ્યારે આયતે કરીમા :–

لِيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ وَمَا تَاَخَّرَ જે થી અલ્લાહ તમારા સબબથી ગુનાહ માફ કરશે તમારા આગલાઓના અને તમારા પાછલાઓના. સૂ. ફતહ, ૪૮/૨) ઉતરી તો સહાબાએ અર્ઝ કરી :

هنيئا لك يا رسول الله ، لقد بيّن الله لك ما ذا يفعل بك، فماذا يفعل بنا يا رسول الله؟

હુઝૂરને મુબારક થાય ! ખુદાની કસમ ! એ તો અલ્લાહ ﷻએ સ્પષ્ટ વર્ણવી આપ્યું કે હુઝૂરની સાથે શું થશે ? હવે રહ્યું એ કે અમારી સાથે શું થશે ? એના પર આયતે કરીમા ઉતરી

لِيُدْخِلَ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَ يُكَفِّرَ عَنْهُمْ سَيِّاٰتِهِمْ ؕ وَ كَانَ ذٰلِكَ عِنْدَ اللّٰهِ فَوْزًا عَظِيْمًا ۙ

(જેથી ઈમાનવાળા પુરૂષો અને ઈમાનવાળી સ્ત્રીઓને બાગોમાં લઈ જાય જેની નીચે નહેરો વહે છે. હમેશાં એમાં રહેશે અને એમની બુરાઈઓ એમનાથી ઉતારી દે અને આ અલ્લાહને ત્યાં મહાન કામયાબી છે." સૂ. ફતહ, ૪૮/૫) *(રિસાલા અંબાઉલ મુસ્તફા, પેજ–૮, ફતાવા રઝવિય્યહ, ૧૮/૬૧૩, કિતાબુલ અકાઈદ વલ કલામ, રિસાલા અંબાઉલ મુસ્તફા, ઈમામ અહમદ રઝા એકેડમી–બેરલી શરીફ)*

આ લખાણથી અમુક વાતો માલૂમ પડી :–

**(અ)** ઈમામુત્તાઈફા (ઈસ્માઈલ દહેલ્વી)એ ઈલ્મે ગયબના નકારના માટે જે હદીષ નકલ કરી છે તે અખ્બારે આહાદથી છે, જ્યારે કે આપના માટે ઈલ્મે ગયબની સાબિતી કુર્આન હકીમની કતઈ આયતોથી છે, અને કતઈ આયતોની સામે (મુકાબલામાં) ખબરે વાહિદથી જે ઝન્ની છે દલીલ કરવી નિરર્થક છે.

**(બ)** સહીહ બુખારી તથા મુસ્લિમની ઉપરોક્ત હદીષથી જાહેર થાય છે કે "વહાબીઓના ઈમામની વર્ણવેલ હદીષ કુર્આની આયત لِيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ وَمَا تَاَخَّرَ પહેલાંની છે જેનાથી સાબિત થાય છે કે હુઝૂર ﷺને એ માલૂમ છે કે આપની સામે અલ્લાહ શું મામલો કરશે, અને એ પણ માલૂમ છે કે આપના સહાબીઓની સાથે શું મામલો કરશે અને તે "ફૌઝે અઝીમ" છે, બલ્કે જ્યારે કુર્આનમાં આવી ગયું કે અલ્લાહ તઆલા હુઝૂર ﷺની સાથે શું મામલો કરશે તો એ તો સૌને માલૂમ થઈ ગયું. એટલા માટે મુસલમાનોનો અકીદો છે કે હુઝૂર ﷺને યકીનન ! માલૂમ છે કે અલ્લાહ આપની સાથે શું મામલો કરશે. આ છે ઈમામે અહલે સુન્નતની હદીષની સમજ !

તેમજ ઈમામે અહલે સુન્નત ફર્માવે છે : અને તેનો એ કૌલ છે કે, "હુઝૂર ﷺને પોતાની તથા પોતાની ઉમ્મતના ખાત્માનો હાલ માલૂમ નથી" **એ કુફ્ર છે કેમ કે એ ઘણી બધી રોશન આયતોનો ઈન્કાર છે.**

અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى "હે મહબૂબ ! યકીનન ! આપની આખેરત દુનિયા કરતાં બેહતર છે." (સૂરએ દોહા, ૯૩/૪) અને ઈર્શાદ ફર્માવે છે : وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى "યકીનન ! નજીકમાં જ આપનો રબ આપને એટલુ આપશે કે આપ રાજી થઈ જશો." *(સૂરએ દોહા, ૯૩/૫)*

અને અલ્લાહ ફર્માવે છે :–

يَوْمَ لَا يُخْزِى اللّٰهُ النَّبِىَّ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ نُوْرُهُمْ يَسْعٰى بَيْنَ اَيْدِيْهِمْ

"એ દિવસે અલ્લાહ બેઈજ્જત (રુસ્વા) નહીં કરે નબીને, ન ઈમાનવાળાઓને જે આપની સાથે છે, તેમનું નૂર તેમની આગળ પાછળ દોડી રહ્યું હશે." *(સૂરએ તહરીમ, ૬૬/૮)* તેમજ અલ્લાહ તઆલા ફર્માવે છે : عَسٰٓى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا "નજીકમાં જ આપને આપનો રબ 'મકામે મહમૂદ' અતા ફર્માવશે." *(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૭૯)*

તેમજ ફર્માવે છે :–

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَ يُطَهِّرَكُمْ تَطْهِيْرًا

"અલ્લાહ તો એ જ ચાહે છે હે નબીનાં ઘરવાળાંઓ ! કે તમારાથી દરેક નાપાકી દૂર કરી આપે અને તમને પાક કરીને ખૂબ સુથરા કરી દે." (સૂરએ અહઝાબ, ૩૩/૩૩) તેમજ ફર્માવે છે :–

تَبٰرَكَ الَّذِيْٓ اِنْ شَآءَ جَعَلَ لَكَ خَيْرًا مِّنْ ذٰلِكَ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ وَ يَجْعَلْ لَّكَ قُصُوْرًا

"બરકતવાળો છે અલ્લાહ, તે જો ચાહે તો તમારા માટે આ (ખઝાના તથા બાગથી જેની તલબ આ કાફિર કરી રહ્યા છે)થી બેહતર કરી આપે જન્નતો, જેની નીચે નહેરો વહી રહી હશે, અને તમારા માટે ઊંચા મહેલો બનાવશે." *(સૂરએ ફુર્કાન, ૨૫/૧૦)*

આયતોની તફસીર તથા તશરીહમાં જે હદીષો મુતવાતિરુલ મઅના આવેલી છે તે એક કિનારા વિનાનો સમુદ્ર છે, પણ આ લોકો અલ્લાહ અને તેની આયતો પછી કઈ હદીષ પર ઈમાન લાવશે ?! *(અદ્દવલતુલ મક્કિયા, અન્નઝરુલ અવ્વલ, પેજ : ૨૮, ૨૯, ૩૦......., રિસાલા અંબાઉલ ગયબ, પેજ : ૨૩, ૨૪, રઝવી કિતાબ ઘર, બરેલી, ફતાવા રઝવિય્યહ્, ૧૮/૬૨૩, કિતાબુલ અકાઈદ વલ કલમ, અંબાઉલ મુસ્તફા, ઈમામ અહમદ રઝા એકેડમી)*

## શરીઅત તથા તરીકતમાં નાચવું કયાંય જાઈઝ નથી

દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہએ રકસ (ડાન્સ, નાચ)ને મના કરેલ છે. ફર્માવ્યું : **'જાણી લો ! સાંભળી લો ! સમજી લો ! કે શરીઅત હોય કે તરીકત બંનેમાંથી કોઈ એકમાં પણ રક્સ તથા ડાન્સની કોઈ સાબિતી નથી.'** જેમ કે આજકાલ કેટલીક કહેવાતી ખાનકાહો પર મુરીદો તથા મદ્રસાના તલ્બા પણ ડાન્સ કરતા જોવા મળે છે. **જાણી લો ! સાંભળી લો ! શરીઅત તથા તરીકતમાં ડાન્સની કોઈ સાબિતી નથી. એના પર 'સૂફિયાએ કિરામનો ઈજમાઅ' છે. આ ડાન્સને મશાઈખમાંથી કોઈ એક બુઝુર્ગે પણ પસંદ નથી કર્યા.** હાલમાં જ કરજણ પાસે એક ગામમાં આવેલી ખાનકાહમાં સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે દારુલ ઉલૂમના હાફિઝ, આલિમ થતા તલબા પણ જોરદાર ડાન્સ કરતા જોવા મળ્યા ! તેમજ કેટલીય વર્તમાન કહેવાતી ખાનકાહોમાં મુરીદોના ડાન્સની ક્લિપો અવાર નવાર જોવા મળે છે તેઓ તરીકતના આ મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہના કૌલને ગંભીરતાથી લેશે ?! વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહ !

*–(શયખુલ હદીષ વત્તફસીર પીર સાઈ ગુલામરસૂલ કાદરી નક્શબંદી مدظلہ العالیના બયાન પરથી)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૯

# ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ

*(હિ.સ. ૧૬૪ થી ૨૪૧)*

*(કાર્યાલય)*

## ★ ફિત્નાઓનો મુજતહિદાના મુક઼ાબલો ★

અબ્બાસી ખિલાફતમાં યૂનાનની ફિલોસોફીની અસરોએ ઈસ્લામના પાયાના અક઼ીદાઓની જડો કાપવાનું શરૂ કરી આપ્યું અને મુતકલ્લિમીનની એક મોટી જમાઅત ફિલોસોફીભર્યા ખયાલોમાં ઉલઝીને વિવિધ ગૃપોમાં વહેંચાઈ ગઈ. જેના બેહકાવવામાં આવીને અક્લિયતપરસ્તી (તર્ક સંગત)નો જોશપૂર્ણ પ્રતિનિધિ ફિર્કો મોઅતઝલાએ ઈસ્લામમાં નિતનવા નિરર્થક મસાઈલ પેદા કરી આપ્યા અને બાતિલ નઝરિયાત (માન્યતાઓ)ના પ્રચાર પ્રસારની દરેક શક્ય કોશિશ કરી. એ જ મસાઈલમાંથી એક મસ્અલો "ખલ્કે કુર્આન" (કુર્આનને મખ્લૂક઼ કહેવું)નો હતો, જેને તેમણે કુફ્ર તથા ઈમાનનો આધાર ઠરાવીને એક મહાન ફિત્નામાં ફેરવી દીધો, અને તેના પરિણામે કેટલાય ફક઼ીહો તથા મુહદ્દિષો અને આમ મુસલમાનો કૈદખાનાની તથા લડાઈ ઝઘડાની આજમાઈશોથી ભેટયા. સમયના મુજતહિદ ઈમામ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ પોતાના જાન, માલ હોદ્દા તથા મર્તબાની પરવા કર્યા વિના સબ્રની આજમાઈશ કરતી કુર્બાનીઓ પેશ કરી.

તેની શરૂઆત ખલીફા હારૂન રશીદની ખિલાફતના દૌરથી ગુપ્ત રીતે થઈ. હારૂન રશીદને એક શખ્સના બારામાં જ્યારે ખબર મળી કે તે ખલ્કે કુર્આનને માનનારો છે તો તેને ક઼ત્લ કરવાની ક઼સમ ખાધી. પણ હારૂન રશીદના પછી જ્યારે મામૂન સત્તા પર બેઠો તો ખુદ મોઅતઝલાના ખયાલો તથા માન્યતાઓથી ખૂબ જ પ્રભાવિત થયો. તેણે હિ.સ. ૨૧૨માં આમ એલાન કરાવી આપ્યું કે અલ્લાહનું કલામ (કુર્આન) મખ્લૂક઼ છે અને જે શખ્સ એને મખ્લૂક઼ માનશે નહીં તે સખતથી સખત સજાને પાત્ર ઠરશે. અને **જુલ્મ પર અતિ જુલ્મ એ છે કે પોતાના એલાનમાં હઝરત અલી رضی اللہ عنہને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ અને હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہની જાતે પાકથી અફઝલ તથા અકરમ ઠરાવી દીધા !** એના પર જ બસ નથી બલ્કે હિ.સ. ૨૧૫માં જંગના ઈરાદાથી રોમ સુધીનો સફર કર્યો.

હિ.સ. ૨૧૮માં મામૂને ખલ્કે કુર્આનના અક઼ીદાના બારામાં અગ્રગણ્ય ઉલમાની આજમાઈશ કરવા ચાહી. જેથી તેણે બગદાદમાં પોતાના નાયબ ઈસ્હાક઼ બિન ઈબ્રાહીમ ખઝાઈ મોઅ્તઝલીની પાસે બગદાદના ઉલમાના બારામાં લખ્યું કે જે ખલ્કે કુર્આનના અક઼ીદાના હમખયાલ ન હોય તેમને બેડીઓમાં જકડીને અમીરુલ મો'મિનીનના લશ્કરની તરફ મોકલી દો જેથી અમીરુલ મો'મિનીન તેમને બહષ તથા ચર્ચા થકી ખલ્કે કુર્આનને માનવાવાળા કહી દે. જો તે તૌબા ન કરે તો તેમને મૌતના ઘાટ ઉતારી દેવામાં આવે. ઈસ્હાક઼ બિન ઈબ્રાહીમે તેના હુકમનું પાલન કરતાં બગદાદના ઉલમા તથા મશાઈખની સમક્ષ મામૂનનો પત્ર વાંચી સંભળાવ્યો. પત્ર સાંભળીને હાજરજનોએ એ રીતના જવાબો આપ્યા જેમાં સ્વીકાર કે નકારનુ પાસુ સ્પષ્ટ થતુ ન હતું. જ્યારે હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہની તરફ ધ્યાનિત થઈને આપની રાય તલબ કરવામાં આવી તો આપે ફર્માવ્યું, "અલ્લાહનું કલામ છે." ફરીથી

ઈસ્હાકે સવાલ કર્યો કે, શું એ મખ્લૂક છે કે ગૈર મખ્લૂક ? આપે જવાબ આપ્યો, "તે અલ્લાહનું કલામ છે." અને એનાથી વધુ કાંઈ ન કહ્યું.

ઈસ્હાકે સૌના જવાબો લખીને મામૂનની પાસે મોકલી આપ્યા. પત્ર પામીને મામૂને સર્વ ઉલમાના બારામાં સખત શબ્દો કહ્યા અને તુચ્છકારપૂર્ણ ટીકા કરતાં ઈમામ અહમદ બિન હંબલના બારામાં લખ્યું કે અહમદને કહી દો કે અમીરુલ મો'મિનીન તેના જાહિલાના અકીદાથી વાકેફ છે અને તે જાણી લે કે એણે એનુ ફળ ભોગવવુ પડશે. હુકમનામુ સાંભળીને ઈમામ અહમદ બિન હંબલ, સજજાદા, મુહમ્મદ ઈબ્ને નૂહ, કવારી સિવાય સર્વ ઉલમાએ કુર્આનનું મખ્લૂક હોવું સ્વીકારી લીધું. ઈસ્હાકે એ ચારેવ હઝરાતને કેદમાં રાખી દીધા. પછી બીજા દિવસે તેણે કેદખાનામાં જઈને કેદીની હાલતમાં સવાલ દોહરાવ્યા તો સજજાદાએ તરત સ્વીકાર કરી લીધો. અધિક આગ્રહ કરવા પર કવારીરી પણ ખલ્કે કુર્આન (કુર્આન મખ્લૂક) હોવાને માનનાર બની ગયા. બાકીના બંને હઝરાત પોત પોતાની માન્યતા પર કાયમ રહ્યા. તો ઈસ્હાકે એ બંનેવને મામૂનની પાસે રોમ મોકલવાનું નક્કી કર્યું. પછી જ્યારે મામૂનને એ ખબર મળી કે કેટલાક લોકોએ આ અકીદાનો ઈકરાર બળ પ્રયોગને લીધે કર્યો છે તો એના પર મામૂન લાલચોળ થઈ ગયો અને ઈસ્હાકને એવું લખ્યું કે જે લોકોએ જબરદસ્તી આ અકીદો માન્યો છે તેમને અહમદ તથા મુહમ્મદની સાથે તેમને પણ રવાના કરો. ઈસ્હાકે સૌને રવાના કરી આપ્યા પણ એ સૌના પહોંચતાં પહેલાં મામૂન જ મૃત્યુ પામ્યો.

હિ.સ. ૨૧૮માં મોઅતસિમ બિલ્લાહ ખલીફા બન્યો તો મામૂનની જેમ જ અત્યંત સખત પ્રકારનો મોઅતઝલી તથા ખલ્કે કુર્આનની દાવકત આપનારો હતો. તેણે પોતાના કબજા હેઠળના પ્રદેશોમાં ફરીથી હુકમનામુ રીપીટ કર્યું કે લોકો કુર્આન મખ્લૂક હોવાનો સ્વીકાર કરી લે, સાથોસાથ મુઅલ્લિમો (ટીચરો)ને સૂચના આપવામાં આવી કે તેઓ બાળકોના દિમાગોમાં શરૂથી જ એ ઠસાવી દે કે કુર્આન મખ્લૂક છે. મોઅ્તસિમે પણ ઉલમાની સાથે જુલ્મ તથા સખતી ચાલુ રાખી અને શરૂ શરૂમાં હિલા બહાના થકી ખલ્કે કુર્આન પ્રતિ વાળવાની કોશિશ કરી, પણ જ્યારે નિષ્ફળતા હાથ આવી તો હિ.સ. ૨૨૦માં આપને દરબારમાં બોલાવ્યા અને બહષ તથા મુબાહિષાના હેતુથી મુનાઝરાની એક મજલિસ ગોઠવી. હઝરતના મુકાબલામાં અબ્દુર્રહમાન ઈબ્ને ઈસ્હાક, કાઝી અહમદ બિન અબી દાઊદ તથા અન્ય ફાઝિલોને નિયુક્ત કર્યા. આ મુનાઝરો સતત ત્રણ દિવસ સુધી ચાલતો રહ્યો. ચોથા દિવસે પણ જ્યારે ઈમામ સાહબની દલીલો તથા બુરહાનોની મજબૂત પકડ રહી તો મુનાઝરા દરમિયાન જ મોઅતસિમે કોરડા મારવાનો હુકમ આપી દીધો. જેથી જલ્લાદે ઈમામે બરહક્કના શરીર પર કોરડાઓની વર્ષા શરૂ કરી આપી. જ્યારે ઈમામને પ્રથમ કોરડો મારવામાં આવ્યો તો આપે ફર્માવ્યું : "બિસ્મિલ્લાહ" જ્યારે બીજો કોરડો મારવામાં આવ્યા તો ફર્માવ્યું : لا حول ولا قوۃ الا باللہ ત્રીજા કોરડા પર ફર્માવ્યું : القران لام اللہ غیر (અલ્લાહનું કલામ કુર્આન ગૈર મખ્લૂક છે) અને ચોથા કોરડા પર ફર્માવ્યું : لا یصیبنا الا ما کتب اللہ لنا (આપણને તે જ મળશે જે અલ્લાહે આપણા માટે લખી આપ્યું છે) છેવટે ઈમામ સાહબને ૨૯ કોરડા મારવામાં આવ્યા એની તકલીફની પીડાથી આપ બેહોશ થઈને જમીન પર પડી ગયા. આ સજા પછી આપને કુલ ૨૮ મહીના જેલમાં રાખવામાં આવ્યા. *(અલ અકમાલ ફી અસ્મારિજાલ, પેજ-૬૨૨, શયખ વલીયુદ્દીન અબી અબ્દુલ્લાહ ખતીબ સાહિબે મિશ્કાત, રઝા એકેડમી-મુંબઈ)*

હિ.સ. ૨૨૭માં મોઅતસિમનો પણ ઈન્તેકાલ થઈ ગયો. તેના બાદ તેનો પુત્ર વાષિક઼ બિલ્લાહ તખ્ત પર બેઠો. તેણે પણ ખલ્કે કુર્આનના મસ્અલામાં ઘણી સખ્તી વર્તી અને તેના હેઠળ પણ ઘણા બધા ફ઼ક઼ીહો તથા મુહદ્દિષો ક઼ત્લ તથા કેદની સજા પામ્યા. પણ વાષિક઼ે ઈમામ સાહબની સાથે કોઈ પ્રકારની સખ્તી ન કરી, અલ્બત્ત તેમને તડીપાર કરી આપ્યા. ઈમામ સાહબ તેની ખિલાફ઼તના દૌર સુધી છુપા રહ્યા. જેમ તેમ કરીને સમયની પરિસ્થિતિ બદલાઈ. ઝીલ હજ્જ હિ.સ. ૨૩૨માં વાષિક઼ બિલ્લાહના મૃત્યુ બાદ મુતવક્કિલ બિલ્લાહ ખલીફ઼ા બન્યો જેણે એ બાતિલ અક઼ીદાઓની ધડમૂળથી જડો કાપી નાખી અને એ આમ એલાન કરાવી આપ્યું કે "કુર્આન મખ્લૂક઼ નથી" જેનાથી મોઅતઝલાનું સર્વ જોર તૂટીને વિખેરાય ગયું અને છેવટે એ મહાન ફ઼િત્નાનો ખાત્મો થઈ ગયો. એ જ પ્રમાણે ઈમામ સાહબને ઈમ્તિહાન તથા આજમાઈશથી નજાત અપનાવીને સન્માન તથા ઈજ્જત કરવાનો આદેશ પણ આપી દીધો.

આ મહાન આજમાઈશમાં વર્ણવેલ સર્વ સખ્તીઓ છતાં આપ હક્ક઼ના પ્રદર્શન અને સત્ય બયાન કરવાથી કદી પાછા ન હટયા, અને અંતિમ શ્વાસ સુધી અડગતાપૂર્વક પોતાની માન્યતા પર અટલ રહ્યા. હઝરત ઈમામ સાહબની આ નોંધપાત્ર અડગતાએ હક્ક઼વાળાઓને મજબૂતી આપી અને આપની જાત મુબારક મુસલમાનો માટે હિદાયતનો શ્રોત બની ગઈ. મશહૂર મુહદ્દિષ અને ઈમામ બુખારીના ઉસ્તાદ અલી બિન મદયની ઈર્શાદ ફ઼ર્માવે છે : "અલ્લાહ ﷻ એ આ દીનને બે વ્યક્તિઓ થકી એઝાઝ (ઈજ્જત, બુઝુર્ગી) બખ્શી. એ બંને સિવાય ત્રીજાને આ સ્થાન હાંસલ ન થયું. ઝકાતના મુન્કિરોના મોક઼ા પર હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના થકી અને ખલ્કે કુર્આનના ફ઼િત્નાના દૌરમાં આજમાઈશના મોક઼ા પર હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ થકી. *(તારીખે બગદાદ, ૨/૨૧૮, અબૂ બક઼ અલી બિન અહમદ બિન ષાબિત ખતીબ બગદાદી, મિસ્ર)*

## ★ વિસાલ પર મલાલ અને મઝાર મુબારક ★

આ ઈલ્મના પયકર (પૂતળા) બુઝુર્ગ મુતવક્કિલ બિલ્લાહની ખિલાફ઼તના દૌરમાં ૭૭ વરસની ઉમર પામીને ૧૨ રબીઉન્નૂર હિ.સ. ૨૪૧ જુમ્આના રોજ આ ફ઼ાની જગતથી કૂચ કરી ગયા. બગદાદના અમીર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન તાહિરે નમાઝે જનાઝા પઢાવી. જનાઝામાં શરીક થનારાઓનો અંદાજો લગાડવામાં આવ્યો તો લગભગ આઠ લાખ પુરૂષો અને સાઈઠ હજાર સ્ત્રીઓ હતી. બાબે હર્બના મક઼બરામાં દફ઼ન થયા. **૨૩૦ વરસો પછી આપની ક઼બ્રના બાજુમાં એક ક઼બ્ર ખોદવામાં આવી રહી હતી જેનાથી આપની ક઼બ્રનો એક હિસ્સો જાહેર થઈ ગયો. જોનારાઓનું બયાન છે કે આપનું કફ઼ન સહી સલામત હતું અને શરીર મુબારકમાં કોઈ જાતનો કોઈ ફેરફાર થયો ન હતો.** ખુદાએ આપને તે બુલંદ મર્તબો અતા કર્યો કે જિંદગીના અંતિમ દિવસો સુધી આપની ઈજતેહાદી શખ્સિયત આમ પબ્લિક તથા ઉલમા તથા સાલેહ લોકોના માટે ઈલ્મ તથા હિકમતનો શ્રોત બનેલી રહી, અને વફ઼ાત બાદ પણ આપની ક઼બ્રે અન્વર મર્કઝે અક઼ીદત બની ગઈ અને આપનો હંબલી મસ્લક અને કલમના લખાણો લોકોનું શરણસ્થાન બની ગયાં.

*(તહઝીબુત્તહઝીબ, ૧/૬૫)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ–દયાદરા**

## ★ અંબિયાએ કિરામની આજમાઈશ ★

અંબિયાએ કિરામ હઝરાતને પણ અજમાવવામાં આવ્યા. હઝરત ઐયૂબ علیہ السلام, હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام, હઝરત મૂસા علیہ السلامની આજમાઈશ થઈ. હઝરત ઐયૂબ علیہ السلامને વિવિધ પ્રકારની બીમારીઓ વડે અજમાવવામાં આવ્યા. હઝરત ખલીલુલ્લાહ علیہ السلامની જાની, માલી બધી જ રીતે આજમાઈશ થઈ, પરંતુ એ હઝરાત અલ્લાહની તૌફીક઼થી અડગ રહ્યા. એ જ પ્રમાણે સૈયદુલ અંબિયા હુઝૂર તાજદારે મદીના ﷺની પણ સખત આજમાઈશ થઈ.

કોણ નથી જાણતું કે રસૂલુલ્લાહ ﷺએ દાવતે હક઼ અને તૌહીદના એલાનની રાહમાં પોતાના જ લોકોની એવી એવી મુસીબતો તકલીફો વેઠી કે કોઈ અન્ય હોત તો હિંમત હારી જાત, પણ આપ સબ્ર અડગતાના મજબૂત પહાડ હતા. ઈસ્લામના દુશ્મનોએ ડગલે ને પગલે આપને સતાવ્યા, જૂઠલાવ્યા, આક્ષેપો મૂક્યા, પાગલ તથા દીવાના કહ્યા, જાદૂગર તથા જ્યોતિષના લક઼બ આપ્યા, આપના માર્ગમાં કાંટા બિછાવ્યા, પવિત્ર શરીર પર નાપાકી નાખી, લાલચો આપી, ધમકીઓ આપી, આર્થિક તથા સામાજિક બહિષ્કાર કર્યો, આપના ચાહકો પર જુલ્મો સિતમ અને કઠણાઈઓના પહાડ તોડયા, આપને ક઼ત્લ કરવા તૈયાર થયા.

ખુદ રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદે ગિરામી છે : ''મુસીબતો તથા આજમાઈશમાં જેટલો મને નાખવામાં આવ્યો એટલો કોઈ અન્યને નથી નાખવામાં આવ્યો.

એ જ પ્રમાણે આપના સહાબીઓ પર જેટલા જુલ્મો કરવામાં આવ્યા તે કોઈ અન્ય ઉમ્મત પર નથી કરવામાં આવ્યા.

આમ ઈન્સાનો પર જે પણ પરેશાની તથા મુશ્કેલીઓ આવે છે અથવા એશો આરામ મળે છે એ સૌ આજમાઈશના પ્રકારો છે.

રબ તઆલાનું ફર્માન છે :–

وَ لَنَبْلُوَنَّكُمْ بِشَیْءٍ مِّنَ الْخَوْفِ وَ الْجُوْعِ وَ نَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَ الْاَنْفُسِ وَ الثَّمَرٰتِؕ وَ بَشِّرِ الصّٰبِرِیْنَ ﴿۱۵۵﴾ الَّذِیْنَ اِذَاۤ اَصَابَتْهُمْ مُّصِیْبَةٌۙ قَالُوْۤا اِنَّا لِلّٰهِ وَ اِنَّاۤ اِلَیْهِ رٰجِعُوْنَؕ ﴿۱۵۶﴾ اُولٰٓىٕكَ عَلَیْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَ رَحْمَةٌ۫ وَ اُولٰٓىٕكَ هُمُ الْمُهْتَدُوْنَ ﴿۱۵۷﴾

''અને જરૂર અમે તમને અજમાવીશું કાંઈક ડર તથા ભૂખ વડે અને કાંઈક માલો તથા જાનો અને ફળોની કમીથી. અને ખુશખબરી સંભળાવ એ સબ્રવાળાઓને જ્યારે એમના પર કોઈ મુસીબત પડે તો કહે, અમે અલ્લાહના માલ છીએ અને અમારે એની જ તરફ ફરવાનુ છે. આ લોકો છે જેમના પર તેમના રબની દુરૂદો છે અને રહમત, અને એ જ લોકો રાહ પર છે.'' *(સૂ. બકરહ, ૧૫૫, ૧૫૬, ૧૫૭ કન્ઝુલ ઈમાન)*

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : ઈમામ શાફઈ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ આ આયતની તફસીરમાં ફર્માવ્યું કે, ખૌફથી અલ્લાહનો ડર, ભૂખથી રમઝાનના રોઝા, માલોની કમીથી ઝકાત તથા સદકા આપવા, જાનોની કમીથી બીમારીઓ થકી મૃત્યુઓ

થવાં, ફળોની કમીથી ઔલાદનું મૃત્યુ મુરાદ છે એટલા માટે કે **ઔલાદ દિલનું ફળ** હોય છે. હદીષ શરીફમાં છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, જયારે કોઈ બંદાનું બાળક મરે છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે, તમે મારા બંદાના બાળકની રૂહ કબ્ઝ કરી ? તેઓ અર્ઝ કરે છે કે, હા ! યા રબ ! પછી ફર્માવે છે : તમે એના દિલનું ફળ લઈ લીધુ ? અર્ઝ કરે છે, હા ! યા રબ ! ફર્માવે છે, એના પર મારા બંદાએ શું કહ્યું ? અર્ઝ કરે છે, તેણે તારી હમ્દ કરી, અને اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ પઢયુ. ફર્માવે છે : **એના માટે જન્નતમાં મકાન બનાવો** અને એનુ નામ બયતુલ હમ્દ રાખો.

## ★ નેઅમતોના બારામાં પૂછવામાં આવશે ★

દીન તથા દુનિયાની ઘણી નેઅમતોની પ્રાપ્તિ અને તેનાથી ફાયદો ઉઠાવવું તંદુરસ્તીની નેઅમત પર જ મૌકૂફ છે. તંદુરસ્ત શરીર જ તંદુરસ્ત બુધ્ધિ તથા દિમાગ ધરાવી શકે છે. જેથી સારી તદબીર, ઉચ્ચ વિચારધારા અને મજબૂત નિશ્ચય શક્તિ વગેરે જેવી ઉમદા અને આ'લા સિફતો (ખૂબીઓ, ગુણો) વડે સજધજવું તંદુરસ્તીની નેઅમતની સાથે જ શક્ય છે. કુર્આને કરીમ ઈર્શાદ ફર્માવે છે : ثُمَّ لَتُسْـَٔلُنَّ یَوْمَىٕذٍ عَنِ النَّعِیْمِ ''પછી બેશક ! જરૂર એ દિવસે તમને નેઅમતો વિશે પૂછતાછ થશે.'' *(સૂ. તકાષુર, આ. ૮, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહ તઆલાએ માણસને જે પણ નેઅમતો અતા કરી છે, જેમ કે : તંદુરસ્તી તથા રાહત, અમ્ન તથા એશ, અને માલ વગેરે જેનાથી દુનિયામાં લિજ્જતો ઉઠાવતા હતા, પૂછવામાં આવશે કે આ ચીજો કયા કામમાં વાપરી ? એનો શુક્ર અદા કર્યો ? અને શુક્ર ત્યજવા પર અઝાબ કરવામાં આવશે.

وَ اِذْ تَاَذَّنَ رَبُّكُمْ لَىٕنْ شَكَرْتُمْ لَاَزِیْدَنَّكُمْ وَ لَىٕنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِیْ لَشَدِیْدٌ

''અને યાદ કરો જયારે તમારા રબે સંભળાવી આપ્યું કે જો એહસાન માનશો તો હું તમને અધિક આપીશ અને જો નાશુક્રી કરો તો મારો અઝાબ સખ્ત છે.'' *(સૂ. ઈબ્રાહીમ, આ. ૭, કન્ઝુલ ઈમાન)*

આ આયતની તફસીરમાં હઝરત સદરુલ અફાઝિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ લખે છે : આ આયતથી જાણવા મળ્યું કે શુક્રથી નેઅમતમાં વધારો થાય છે. શુક્રની અસ્લ એ છે કે માણસ નેઅમતનો ખયાલ અને તેનુ પ્રદર્શન કરે, અને શુક્રની હક઼ીક઼ત એ છે કે મુન્ઈમ (નેઅમત આપનાર)ની નેઅમતનો તેની તાઝીમની સાથે સ્વીકાર કરે અને નફસને તેનો આદી બનાવે. અહીં એક બારીકી છે તે એ કે બંદો જયારે અલ્લાહ તઆલાની નેઅમતો અને તેના વિવિધ જાતના ફઝલો કરમ તથા એહસાનનો અભ્યાસ કરે છે તો એના શુક્રમાં મશગૂલ થાય છે એનાથી નેઅમતોમાં વધારો થાય છે અને બંદાના દિલમાં અલ્લાહ તઆલાની મહોબ્બત વધતી ચાલી જાય છે. આ મકામ ખૂબ જ ઉચ્ચતર અને એનાથી આ'લા મક઼ામ એ છે કે મુન્ઈમ (નેઅમત આપનાર)ની મહોબ્બત ત્યાં સુધી ગાલિબ થાય કે દિલને નેઅમતોની તરફ ધ્યાન બાકી ન રહે. આ મક઼ામ સિદ્દીક઼ોનો છે. અલ્લાહ તઆલા પોતાના ફઝ્લથી આપણને શુક્રની તૌફીક઼ અતા કરે.

*(ખઝાઈનુલ ઈર્ફાન)*

નબી કરીમ ﷺનો ઈર્શાદ મુબારક છે :–

إِنَّ أَوَّلَ مَا يُسْتَئَلُ عَنْهُ الْعَبْدُ يَوْمَ الْقِيَامَةِ مِنَ النَّعِيمِ أَنْ يُقَالَ لَهُ : أَلَمْ نَصِحَ لَهُ جِسْمَكَ، أَلَمْ نَرْوِكَ مِنَ الْمَاءِ الْبَارِدِ؟

''ક઼યામતના દિવસે બંદાથી સૌથી પહેલાં નેઅમતો સંબંધે જે સવાલ થશે તે એ કે કહેવામાં આવશે કે શું અમે તને તંદુરસ્ત શરીર નથી આપ્યું અને શું અમે તને ઠંડા પાણીથી તૃપ્ત નથી કર્યો ?

*(મિશ્કાત, કિતાબુર્રિક઼ાક઼, વિભાગ–૨, ૩/૧૪૩૪)*

આપણો ઈસ્લામ જેવી રીતે એવું ચાહે છે કે ઈન્સાન પોતાની તંદુરસ્તીથી ફાયદો ઉઠાવીને તેનો સહીહ ઉપયોગ કરે, એ જ પ્રમાણે તે એવું પણ ચાહે છે કે તંદુરસ્તીની આ મહાન નેઅમતની હિફાઝત કરવામાં આવે અને તેની સલામતીના સબબો તથા માધ્યમો અપનાવવામાં આવે.

નબી કરીમ રઊફો રહીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :

اَلْمُؤْمِنَ الْقَوِيُّ خَيْرٌ وَأَحَبُّ إِلَى اللهِ مِنَ الْمُؤْمِنِ الضَّعِيْفِ وَفِي كُلٍّ خَيْرٌ

''શક્તિવાન મો'મિન કમજોર મો'મિનની સરખામણીમાં અલ્લાહ તઆલાની નજીક અધિક બેહતર તથા પસંદીદા છે અને દરેકમાં ભલાઈ છે. *(સહીહ મુસ્લિમ, કિતાબુલ કદર, બાબુલ અમ્ર બિન કુવ્વત, ૪/૨૦૫૨)*

ઈસ્લામમાં તંદુરસ્તીની હિફાઝતની વિવિધ પાસાંથી ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે અને એવી તાલીમાત તથા હિદાયતો આપવામાં આવી છે જેના થકી તંદુરસ્તીની હિફાઝત થઈ શકે. આ તાલીમાત પાકી તથા પાકીઝગી, સૂવા તથા જાગવા, બીમાર તથા પરહેઝગાર, ખાવા તથા પીવા અને તે સર્વ ચીજોથી સંબંધિત છે જેના વાસ્તા સાથે કે વિના વાસ્તાએ ઈન્સાનની તંદુરસ્તી સાથે સંબંધ છે.

ઈસ્લામે સર્વ ખબીસ (ગંદી) તથા નાપાક અને નુકસાનકર્તા ચીજોને હરામ ઠરાવી છે અને કેવળ ફાયદાકારક તથા પવિત્ર ચીજો ખાવાની હિદાયત આપી છે જેથી તંદુરસ્તીની રક્ષા થઈ શકે. જેમ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : يَسْـَٔلُوْنَكَ مَاذَآ اُحِلَّ لَهُمْ ؕ قُلْ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ''હે મહબૂબ ! તમને પૂછે છે કે તેમના માટે શું હલાલ થયું ? તમે ફર્માવી દો કે હલાલ કરવામાં આવી તમારા માટે પાક ચીજો. *(સૂ. માઈદા, આ. ૪, કન્ઝુલ ઈમાન)*

આ આયતથી સ્પષ્ટ છે કે પાકીઝા ચીજો હરામ નથી કરવામાં આવી. વધુમાં નબી કરીમ ﷺના બારામાં અલ્લાહ તઆલા ફર્માવે છે : وَ يُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَ يُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ ''અને સ્વચ્છ ચીજો તેમના માટે હલાલ કરશે અને ગંદી ચીજો તેમના પર હરામ કરશે.'' *(સૂ. અઅરાફ, આ. ૧૫૭, કન્ઝુલ ઈમાન)*

ઈસ્લામે જે ચીજોને તેમની ખબાષત (ગંદકી) તથા નુકસાનકર્તા હોવાના કારણે હરામ ઠરાવી છે એમનામાં અમુક તો તે છે જેમની અંદર રૂહાની નાપાકી જોવામાં આવે છે જે ઈન્સાનની રૂહ અને તેની દીની તથા રૂહાની જિંદગીના માટે તબાહી લાવે છે, અને કેટલીક તે છે જેના નુકસાનનો શિકાર ઈન્સાનનું શરીર હોય છે. નીચે જણાવેલ આયતમાં આ બંને પ્રકારની કેટલીક ચીજોની હુર્મત વર્ણવતાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَ الدَّمُ وَ لَحْمُ الْخِنْزِيْرِ وَ مَآ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ وَ الْمُنْخَنِقَةُ وَ الْمَوْقُوْذَةُ وَ الْمُتَرَدِّيَةُ وَ النَّطِيْحَةُ وَ مَآ اَكَلَ السَّبُعُ اِلَّا مَا ذَكَّيْتُمْ ۟ وَ مَا ذُبِحَ عَلَى النُّصُبِ وَ اَنْ تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ ؕ ذٰلِكُمْ فِسْقٌ ؕ

''તમારા પર હરામ છે મુરદાર અને લોહી અને સુવ્વરનો ગોશ્ત અને જેના ઝબહમાં ગૈરે ખુદાનું નામ પોકારવામાં આવ્યું, અને તે જે ગળુ, ઘોંટવાથી મરે અને ધાર વિનાની તલ્વારથી મારવામાં આવેલું અને જે પડીને મરી ગયું અને જેને કોઈ જાનવરે શીંગડુ માર્યું અને જેને કોઈ જંગલી જાનવર ખાય ગયું, પણ જેને તમે ઝબહ કરી લો (તે હલાલ છે) અને જે કોઈ સ્થાનક પર ઝબહ કરવામાં આવ્યું અને પાસા નાખીને વહેંચ્યા કરવું એ ગુનાહનું કામ છે.

*(સૂ. માઈદા, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

## શરાબ, અફીણ, તંબાકુ અને સિગરેટ પીવા વિશે હુકમ

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّمَا الْخَمْرُ وَ الْمَيْسِرُ وَ الْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۝ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِي الْخَمْرِ وَ الْمَيْسِرِ وَ يَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَ عَنِ الصَّلٰوةِ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ۝

"હે ઈમાનવાળાઓ ! દારૂ તથા જુગાર અને મૂર્તિ તથા પાસા નાપાક જ છે શૈતાની કામ, તો એનાથી બચતા રહેશો કે તમે ભલાઈ પામો. શૈતાન એ જ ચાહે છે કે તમારામાં વેર તથા દુશ્મની નંખાવી દે દારૂ તથા જુગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે, તો શું તમે દૂર રહ્યા ?!"

*(સૂ. માઈદા, આ. ૯૦,૯૧, કન્ઝુલ ઈમાન)*

એક મક઼ામ પર ઈર્શાદ છે :–

يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَ الْمَيْسِرِ قُلْ فِيْهِمَاۤ اِثْمٌ كَبِيْرٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ وَ اِثْمُهُمَاۤ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا

"લોકો આપને દારૂ તથા જુગારનો મસ્અલો પૂછે છે, તમે કહી દો, એ બંનેમાં ઘણો જ મોટો ગુનોહ છે, અને લોકોને એનાથી દુનિયવી ફાયદો પણ થાય છે, પરંતુ એનો ગુનોહ એના નફાથી ઘણો જ વધારે."

*(સૂ. બક઼રહ, આ. ૨૧૯, કન્ઝુલ ઈમાન)*

હદીષે પાકમાં છે :–

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ، عَنْ أَبِيهِ، أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: لَعَنَ اللّٰهُ الْخَمْرَ. وَلَعَنَ سَاقِيَهَا. وَشَارِبَهَا، وَعَاصِرَهَا ، وَمُعْتَصِرَهَا ، وَحَامِلَهَا. وَالْمَحْمُولَةَ إِلَيْهِ، وَبَايِعَهَا وَمُبْتَاعَهَا. وَآكِلَ ثَمَنِهَا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ શરાબ પર, શરાબ પીનારાઓ પર, શરાબ પીવડાવનારાઓ પર, શરાબ વેચનારાઓ પર, શરાબ ખરીદનારાઓ પર, શરાબ નીચોવનારાઓ પર, શરાબ ઊંચકીને લાવનારાઓ પર અને મંગાવનારાઓ પર લઅનત કરી છે. *(મુસ્તદરક લિલ હાકિમ, કિતાબુલ બુયૂઅ, હદીષ ઈસ્માઈલ બિન જઅફર બિન અબી કષીર, ૨/૩૭)*

હદીષે પાકમાં છે :–

مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْآخِرِ فَلَا يَقْعُدْ عَلٰى مَائِدَةٍ يُشْرَبُ عَلَيْهَا الْخَمْرُ

"જે પણ અલ્લાહ તઆલા અને આખેરતના દિવસ પર ઈમાન ધરાવે છે તે એવા દસ્તરખાન પર ન બેસે જ્યાં શરાબ પીવામાં આવતી હોય."

*(મુસ્નદે અહમદ, જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, ૨૩/૧૯)*

## તંબાકુ પીવાનો (ધુમ્રપાન વિશે) હુકમ

તંબાકુ પીવાના બારામાં ઉલમાએ કિરામના વિવિધ કથનો છે : અમુકે હરામ, અમુકે મકરૂહ અને અમુકે મુબાહ ઠરાવેલ છે.

અર્વાચીન સંશોધનથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે તંબાકુ પીવું શરીર તથા તંદુરસ્તીના માટે અત્યંત નુકસાનકર્તા છે. એનાથી કેવળ ફેફસાંનું કેન્સર જ નહીં, બલ્કે અંધાપો, ડાયાબિટિશ, જિગર તથા મોટા આંતરડાનું કેન્સર જેવી બીમારીઓ પણ થઈ શકે છે, તદ્ ઉપરાંત સ્ત્રીઓમાં સિગરેટ પીવાની અસરો સગર્ભા દરમિયાન તકલીફો, સાંધાઓનું દર્દ અને શરીરની રોગ પ્રતિકારક વ્યવસ્થાની કમજોરીના સ્વરૂપમાં જાહેર થઈ શકે છે. વિશ્વ સ્તરે તંદુરસ્તીને લાગુ થતા ખતરાઓમાં તંબાકુનું સેવન (ધુમ્રપાન)ની વબા સૌથી વિનાશક છે.

અમેરિકા અને બ્રિટનના વૈજ્ઞાનિકો વરસો

વરસના રિસર્ચ અને સંશોધન પછી એ નિર્ણયે પહોંચ્યા છે કે ૯૦% મૃત્યુ ફેફસાંઓના કેન્સરથી, ૬૫% દિલની બીમારીઓથી ૭૫% લોહી તથા શ્વાસોશ્વાસની વ્યવસ્થાની ખરાબીઓથી થાય છે.

તંબાકુ તથા સિગરેટ પીવાથી આંધળાપણુ, શુગર, દિલની બીમારીઓ અને મોટા આંતરડાના કેન્સર જેવી બીમારીઓ પેદા થઈ શકે છે. ધુમ્રપાનને મૃત્યુ પહેલાં મૃત્યુનો સબબ બનવાની બીમારી પણ કહેવામાં આવી શકે છે. ધુમ્ર પાન કરનાર પોતે તો એ બીમારીઓના શિકાર બને જ છે પરંતું તે લોકો જેમને એ ધૂમાડા સ્પર્શીને પસાર થાય છે તેઓ દિલની બીમારીના શિકાર થઈ શકે છે. ધુમ્રપાન કરનારાને નજરની કમજોરી જેવી બીમારી પેદા થઈ શકે છે. એવી સ્ત્રીઓ જેઓ સગર્ભાવસ્થા દરમિયાન તંબાકુનું ધુમ્રપાન કરે છે તેમને ત્યાં બાળકોની પેદાઈશમાં અસર પામી શકે છે, હોઠ કપાયેલા બાળકની પેદાઈશ પણ થઈ શકે છે. તદ્ ઉપરાંત સગર્ભાવસ્થા દરમિયાન મુશ્કેલીઓ પણ પેદા થઈ શકે છે. શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં તથા સાંધાઓનું દર્દ પણ પેદા થઈ શકે છે.

જે ઉલમાએ સિગરેટ તથા તંબાકુના ધુમ્રપાનને હરામ ઠરાવેલ છે, તેમની નજરમાં અલ્લાહ તઆલાનું આ ફર્માન છે : وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ ۭ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا ''પોતે પોતાને કત્લ ન કરો, યકીનન ! અલ્લાહ તઆલા તમારા પર મહેરબાન છે.''

*(સૂ. નિસાઅ, આ. ૨૯, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ ''પોતાના હાથે પોતાને મૃત્યુ તથા તબાહી તરફ ન નાખો.''

*(સૂ. બકરહ, આ. ૧૯૫, કન્ઝુલ ઈમાન)*

ડોક્ટરી લેહાઝથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે આ પ્રકારની ચીજોનો ઉપયોગ નુકસાનનો સબબ છે. (દરરોજ સેંકડો તથા હજારો વ્યક્તિઓનાં મૃત્યુ સિગરેટ તથા તંબાકુના ધુમ્રપાનથી પેદા થનારી વિવિધ બીમારીઓ ખાસ કરીને કેન્સરથી થાય છે) જ્યારે એ નુકસાનકર્તા છે તો તેના મના હોવામાં શંકા ન હોવી જોઈએ.

જો કોઈ શખ્સ કેવળ તબીઅતની અરૂચી અને કરાહતના કારણે કોઈ ચીજને વાપરતો નથી તો એમાં કોઈ વાંધો નથી બલ્કે તંદુરસ્તી અને મેડિકલના એતબારથી એમાં ફાયદાનું પાસુ છે.

નબી કરીમ ﷺની ખિદમતે પાકમાં સાંઢનો શેકેલો ગોશ્ત પેશ કરવામાં આવ્યો તો આપે ખાધો નહીં. પૂછવામાં આવ્યું કે શું આ હરામ છે ? તો આપે ફર્માવ્યું : નહીં ! وَلٰكِنْ لَمْ يَكُنْ بِاَرْضِ قَوْمِىْ فَاَجِدُنِىْ اَعَافُهٗ પરંતું અમારે ત્યાં એ જાનવર નથી જોવામાં આવતુ, જેથી મારી તબીઅત એને નથી સ્વીકારતી.'' *(મુસ્લિમ, શરીફ, કિતાબુસ્સૈદ વઝ્ઝબાએહ, બાબુ અબાહતુઝ્ ઝિબ્હે, ૩/૧૫૪૩)*

અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ શરહે સહીહ મુસ્લિમમાં વિવિધ ફકીહોના ખયાલો લખ્યા બાદ જણાવે છે :

''લેખકનું મંતવ્ય એ છે કે જો માણસ કદી કદી તંબાકુ પી લે (ધુમ્રપાન કરે) તો એ મુબાહ છે, પરંતું તંબાકુ પીવાની, ધુમ્રપાનની આદત બનાવી લેવી અને સતત (કાયમી ધોરણે) ધુમ્રપાન કરવું જાઈઝ નથી. કેમ કે હવે અર્વાચીન મેડિકલ સાયન્સની આ તેહકીકને સર્વ દુનિયામાં સ્વીકારી લેવામાં આવેલ છે કે તમાકુનું ધુમ્રપાન માણસની તંદુરસ્તી માટે નુકસાનકારક છે. તંબાકુથી સામાન્યપણે લોકોને ખાંસી થઈ જાય છે એ એક સામાન્ય અનુભવ છે જેનો ઈન્કાર નથી કરી શકાતો ................ આપણી પાસે આ શરીર અલ્લાહની અમાનત છે, આપણને એ શરીરને નુકસાન પહોંચાડવાનો કોઈ અધિકાર નથી. અને દરેક તે ચીજ જેનાથી શરીરને વધુ પેજ 43 પર..

# રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

**(હફ્તો : ૨)**

**ફારસી લેખક :** વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફતી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

## ★ અમલ વિનાના ઈલ્મનું દષ્ટાંત ★

હઝરત ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, મેં રસ્તામાં એક પથ્થર પડેલો જોયો તેના પર લખ્યું હતું કે મને પલટાવીને જુઓ. જ્યારે મેં પલ્ટાવીને જોયો તો લખ્યુ હતું : اَنۡتَ لَا تَعۡمَلُ بِمَا تَعۡلَمُ فَكَيۡفَ تَطۡلُبُ مَا لَا تَعۡلَمُ ''જ્યારે તમે તમારા ઈલ્મ પર અમલ નથી કરતા તો એની તલાશ શા માટે કરો છો જેનો તમને ઈલ્મ નથી ?'' મતલબ એ છે કે જ્યારે તમે ઈલ્મ પર અમલ નથી કરી શકતા તો હવે એ અશક્ય છે કે જે વાતોનો હજી ઈલ્મ નથી તેને તમે તલાશ કરી શકો. જેથી પ્રથમ તમારા ઈલ્મ પર અમલ કરો કે જેથી એના બાદ એની બરકતથી અન્ય ઈલ્મોના માર્ગો તમારા પર ખુલી જાય.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે, ''ઉલમાનું ધ્યાન દિરાયત એટલે ચિંતન તથા વિચારણા કરવામાં છે અને નાસમજોનું ધ્યાન રિવાયત કરવામાં એટલે નકલ કરવામાં છે, પરંતું તે શખ્સ જે ઈલ્મને દુનિયાવી ઈજ્જત તથા પ્રતિષ્ઠાના હેતુથી હાંસલ કરે છે તે હક઼ીક઼તમાં આલિમ કહેવડાવવાને પાત્ર જ નથી. કેમ કે દુનિયાવી ઈજ્જત તથા પ્રતિષ્ઠાની ખ્વાહિશ કરવી એ ખુદ જેહાલતના વર્ગથી છે. એટલે ઈલ્મ સ્વજાતે ઉચ્ચતર મર્તબો છે, એનાથી વધીને અન્ય કોઈ મર્તબો છે જ નથી. જ્યારે તે આ જાહેરી ઈલ્મના મર્તબાથી જ નાદાન છે તો ભલા તે રબ્બાની લતાઈફ (બારીકીઓ) તથા રહસ્યોને કેવી રીતે જાણી શકશે ?

## ★ ઈલ્મના પ્રકારો ★

હે તાલિબે હક઼ ! યાદ રાખો કે ઈલ્મ બે પ્રકારના છે : એક ઈલ્મ અલ્લાહ તઆલાનો છે અને બીજો ઈલ્મ મખ્લૂક઼નો છે. અલ્લાહ તઆલાનો ઈલ્મ તેની સિફત છે જે તેની સાથે કાયમ છે, અને તેની કોઈ

સિફતની કોઈ હદ તથા સીમા નથી. તેનો ઈલ્મ હાજર તથા અન અસ્તિત્વ (મૌજૂદ તથા મઅદૂમ) સૌના પર છવાયેલો છે, અને આપણો ઈલ્મ એટલે મખ્લૂક઼નો ઈલ્મ આપણી સિફત (ખૂબી) છે જે ખુદાની અતા કરેલી છે અને આપણી સાથે ક઼ાયમ છે. મખ્લૂક઼ની સર્વ સિફતો (ગુણો, ખૂબીઓ) સીમિત તથા લિમિટવાળી છે. મખ્લૂક઼નો ઈલ્મ અલ્લાહના ઈલ્મની સરખામણીમાં કોઈ હક઼ીક઼ત તથા નિસ્બત જ નથી ધરાવતો. કેમ કે રબ તઆલા ફર્માવે છે : وَمَآ اُوۡتِيۡتُمۡ مِّنَ الۡعِلۡمِ اِلَّا قَلِيۡلًا﴿۸۵﴾ "અને તમને ઈલ્મ નથી મળ્યો પણ થોડો." *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૮૫)*

સારાંશ કે ઈલ્મ પ્રશંસાપાત્ર ખૂબીઓ (સિફતો)માંથી છે અને તેની વ્યાખ્યા માલૂમને ઘેરવું અને માલૂમનું પ્રદર્શન તથા વર્ણન કરવું છે. પરંતું સૌથી શ્રેષ્ઠ વ્યાખ્યા આ છે : اَلعِلْمُ صِفَةٌ يَصِيرُ الْجَاهِلُ بِهَا عَالِماً "ઈલ્મ એવી સિફત (ગુણ) છે જેના થકી જાહિલ આલિમ બની જાય છે."

અલ્લાહ તઆલા ફર્માવે છે : وَاللّٰهُ مُحِيۡطٌۢ بِالۡكٰفِرِيۡنَ﴿۱۹﴾ "અને અલ્લાહનો ઈલ્મે કાફિરોને ઘેરેલ છે." (સૂ. બક઼રહ, ૨/૧૯) તેમજ ઈર્શાદ છે : وَاللّٰهُ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمٌ﴿۲۸۲﴾ "અને અલ્લાહ સર્વ કાંઈ જાણે છે." (સૂ. બક઼રહ, ૨/૨૮૨) અલ્લાહ તઆલાનો ઈલ્મ તેની જાતી સિફત (ખૂબી) છે. તે દરેક અસ્તિત્વ તથા અન અસ્તિત્વને જાણે છે, એમાં ન કોઈ મખ્લૂક઼ શરીક છે અને ન એનો ઈલ્મ વિભાજીત તથા વહેંચાય શકે છે અને ન એનાથી અલગ થઈ શકે છે. એના ઈલ્મ માટે દલીલ એના ફેઅલ (કાર્ય)નું અંજામ પામવું છે એટલે ઈલ્મના હુકમ મુજબ કર્તા (ફાઈલ) કર્મ (ફેઅલ)નું અનુસરણ કરે છે એનો ઈલ્મ રહસ્યોની સાથે લાહિક (જોડાયેલ) અને ઈઝહાર (જાહેર થવા)ની સાથે ઘેરાયેલ હોય છે હક્ક઼ના તાલિબે જોઈએ કે ખુદાના મુશાહિદામાં અમલ કરે. મતલબ એ છે કે **બંદો એતેક઼ાદ (યક઼ીન) રાખે કે તે ખુદાના ઈલ્મ (જાણ)માં છે અને તે તેના કાર્યોને જોઈ રહ્યો છે.**

### ★ રબના નિરીક્ષણ (જોવા)નું દૃષ્ટાંત ★

બસરામાં એક રઈસ હતો. એક દિવસ તે પોતાના બાગમાં ગયો તો માળીની પત્નીના હુસ્નો જમાલ પર તેની નજર પડી ગઈ. રઈસે તેની પતિને કોઈક બહાના હેઠળ બહાર મોકલી આપ્યો અને તે સ્ત્રીને કહ્યું કે દરવાજાઓ બંધ કરી દો. સ્ત્રીએ આવીને કહ્યું કે મેં મકાનના સર્વ દરવાજા બંધ કરી આપ્યા છે, પરંતું **એક દરવાજો હું બંધ નથી કરી શકતી.** રઈસે પૂછયું, એ કયો દરવાજો છે ?! સ્ત્રીએ કહ્યું, **તે દરવાજો આપણા તથા ખુદાની દરમિયાનવાળો છે.** રઈસ શર્મિંદા અને પરેશાન થઈને તૌબા વ ઈસ્તિગફાર કરવા લાગ્યો.

### ★ ચાર બોધદાયક વાતો ★

હાતિમ અસમ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારથી મને ચાર વાતોનો ઈલમ હાંસલ થયો છે હું આલમના સર્વ ઈલ્મોથી બેપરવા થઈ ગયો છું. લોકોએ પૂછયું તે કઈ ચાર વાતોનો ઈલ્મ છે ? તેમણે ફર્માવ્યું : **એક** એ કે મેં જાણી લીધુ છે કે મારી રોજી મુક઼દ્દર થઈ ચૂકી છે જેમાં ન ઘટાડો થઈ શકે છે ન વધારો, જેથી અધિકની ખ્વાહિશથી બેનિયાઝ છું. **બીજી** એ કે મેં જાણી લીધું છે કે ખુદાનો મારા પર હક્ક઼ છે જેને મારા સિવાય કોઈ બીજો અદા નથી કરી શકતો, જેથી હું તેની અદાયગીમાં મશગૂલ છું. **ત્રીજુ** એ કે મારો કોઈ તાલિબ (મને શોધી રહેલ) છે, એટલે મૌત મારી ઈચ્છુક છે જેનાથી હું ભાગવાનો માર્ગ નથી અપનાવી શકતો. જેથી મેં એને પહેચાની લીધું છે. અને **ચોથી** એ કે મેં જાણી લીધુ છે કે મારો કોઈ માલિક છે જે દરેક વખતે મને જોઈ રહેલ છે, હું તેનાથી શરમ અનુભવું છું અને નાફર્માનીઓથી દૂર રહું છું. બંદો

જ્યારે એનાથી માહિતગાર થઈ જાય છે કે અલ્લાહ તઆલા તેને જોઈ રહ્યો છે તો તે કોઈ કામ એવું નથી કરતો જેના કારણે કયામતના દિવસે તેને શર્મિંદા થવું પડે.

### ★ ફર્ઝ ઈલ્મો ★

દરેક શખ્સ પર લાઝિમ છે કે રબના હુકમો અને રબની મઅરેફતના ઈલ્મની પ્રાપ્તિમાં મશગૂલ રહે. બંદાનો ઈલ્મ સમયની સાથે ફર્ઝ કરવામાં આવેલો છે, એટલે જે સમયે જે ઈલ્મની જરૂરત હોય ચાહે તે જાહેરમાં હોય કે બાતિનમાં તેને હાંસલ કરવું ફર્ઝ કરવામાં આવ્યું છે. એ ઈલ્મના બે હિસ્સા છે : એકનું નામ ઈલ્મે ઉસૂલ (પાયાની વાતોનો ઈલ્મ), બીજાનું નામ ઈલ્મે ફુરૂઅ (શાખાકીયા બાબતોનો ઈલ્મ). જાહેર ઈલ્મે ઉસૂલમાં કલ્મએ શહાદત એટલે

اَشْهَدُ أن لَا اِلٰهَ اِلَّا اللهُ وَ أَشْهَدُ أَنَّ سَيِّدِنَا مُحَمَّداً عَبْدُهُ وَ رَسُوْلُهُ

છે બાતિન ઈલ્મે ઉસૂલમાં મઅરેફતની તેહકીક એટલે હક્ક તઆલાની મઅરેફત (ઓળખ)માં કોશિશ કરવી. અને જાહેરી ઈલ્મે ફુરૂઅમાં લોકો સાથે સારો વહેવાર, અને બાતિની ઈલ્મે ફુરૂઅમાં નિય્યત સહીહ તથા દુરુસ્ત રાખવું છે. એમાંથી દરેકનું સ્થાપિત રહેવું બીજાના વગર અશક્ય છે, એટલા માટે કે જાહેર હાલ બાતિની (અંતરની) હકીકત વિના નિફાક (મુનાફિકપણુ) છે અને જે પ્રમાણે બાતિન જાહેરના વગર અધર્મીપણુ તથા બેદીની છે. જાહેરી શરીઅત બાતિનના વિના અધૂરી છે અને બાતિન જાહેર વિના હવસ તથા લાલચ છે.

### ★ ઈલ્મે હકીકતના અરકાન ★

ઈલ્મે હકીકત એટલે બાતિની ઈલ્મે ઉસૂલના ત્રણ રુકન (સ્તંભ) છે : (૧) રબ તઆલાની જાત અને તેની વહદાનિયત (એક હોવું) અને તેના ગૈરથી મુશાબેહત (મળતાપણા)ના નકારનો ઈલ્મ. (૨) રબ તઆલાની સિફતો અને તેના હુકમોનો ઈલ્મ. (૩) રબ તઆલાના અફઆલ એટલે તકદીરનો ઈલ્મ અને તેની હિકમતનો ઈલ્મ.

### ★ ઈલ્મે શરીઅતના અરકાન ★

ઈલ્મે શરીઅત એટલે જાહેર ઈલ્મે ઉસૂલના ત્રણ રુકન છે : (૧) કિતાબ એટલે કુર્આન (૨) રસૂલનું અનુસરણ એટલે સુન્નત (૩) ઉમ્મતનો ઈજમાઅ.

### ★ એના માટે દલીલો ★

અલ્લાહ તઆલાની જાત તથા સિફતો અને તેના અફઆલની સાબિતીના ઈલ્મમાં ખુદ તેનો જ ઈર્શાદ દલીલ તથા બુરહાન છે : فَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَوْلٰىكُمْ "જાણી લો ! યકીનન ! અલ્લાહ જ તમારો મૌલા તથા કારસાઝ છે."(સૂ. અન્ફાલ, ૮/૪૦) અને ફર્માવે છે : اَلَمْ تَرَ اِلٰى رَبِّكَ كَيْفَ مَدَّ الظِّلَّ "શું તમે તમારા રબની કુદરતની તરફ નજર નથી કરી કે તેણે છાયડાને કેવો લાંબો કર્યો." (સૂ. ફુર્કાન, ૨૫/૪૫) અને ફર્માવે છે : اَفَلَا يَنْظُرُوْنَ اِلَى الْاِبِلِ كَيْفَ خُلِقَتْ "તો શું ઊંટને નથી જોતા કેવું બનાવવામાં આવ્યું ?"

*(સૂ. ગાશિયહ, ૮૮/૧૭)*

આ પ્રકારની ખૂબ જ પ્રમાણમાં કુર્આની આયતો છે જેમાં અલ્લાહ તઆલાના કાર્યો (અફઆલ) પર ચિંતન વિચારણા કરવાથી તેની ફાઈલ તરીકેની સિફતોની મઅરેફત હાંસલ થાય છે. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે :

مَنْ عَلِمَ أَنَّ اللهَ رَبَّهُ وَ أَنِّي نَبِيُّهُ حَرَّمَ اللهُ تَعَالٰى لَحْمَهُ وَدَمَهُ عَلَى النَّارِ

**"જેણે જાણી લીધુ કે અલ્લાહ તઆલા જ તેનો રબ છે અને એ કે હું તેનો જ નબી છું તો અલ્લાહ તઆલા તેના ગોશ્ત તથા તેના**

લોહી પર આગને હરામ કરી દેશે.

## ★ રબ તઆલાની જાતના ઈલ્મની શરતો★

રબ તઆલાની જાતના ઈલ્મની શરતો એ છે કે દરેક આકિલ બાલિગ એ એતેકાદ રાખે કે હક્ક તઆલા મૌજૂદ છે, પોતાની જાતમાં કદીમ (હમેશાંથી) છે, હદ તથા સીમા વિનાનો છે અને તેનું કોઈ મકાન અને છત નથી. તેની જાતના માટે ન ફેરફાર કે બદલાવ છે અને ન કોઈ આફતનું જાહેર થવું. કોઈ મખ્લૂક એના જેવી નથી અને ન તેનાં બીવી બચ્ચાં છે. તમારી અક્કલ તથા ખયાલમાં જે જે સૂરત તથા શબીહ (ચેહરો) આવે તે તેની પેદા કરેલી છે, સૌનો તે જ ખાલિક છે, તે જ બાકી છે. ઈર્શાદ છે : لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ ۚ وَهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ "એના જેવો કોઈ નથી, તે જ સાંભળતો જાણતો છે."

(સૂ. શૂરા, ૪૨/૧૧)

## ★ ખુદાની સિફતોના ઈલ્મની શરતો ★

બારી તઆલાના ઈલ્મની સિફતોની શરતો આ પ્રમાણે છે કે આકિલ તથા બાલિગ એ એતેકાદ રાખે કે તેની સર્વ સિફતો તેની સાથે છે. મતલબ એ કે તેની સિફતો ન તો તેની જાત છે અને ન તેની ગૈર. તે પોતાની જ જાત તથા સિફતોની સાથે કાયમી છે. જેમ કે ઈલ્મ, કુદરત, ઈરાદો, સાંભળવું, જોવું, કલામ અને બકા વગેરે. જેમ કે ફર્માવે છે :–

★ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ "બેશક ! તે જ સીનાઓના ભેદોને જાણે છે." (સૂ. આલે ઈમરાન, ૩/૧૧૯)

★ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ "અને અલ્લાહ દરેક ચીજ પર શક્તિમાન છે." (સૂ. બકરહ, ૨/૨૦)

★ هُوَ السَّمِيْعُ الْبَصِيْرُ "એ જ સાંભળનાર જોનાર છે. (સૂ. ગાફિર, ૪૦/૨૦)

★ فَعَّالٌ لِّمَا يُرِيْدُ "તમારો રબ જયારે જે ચાહે કરે." (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૮)

★ هُوَ الْحَيُّ لَآ اِلٰهَ اِلَّا هُوَ "તે જ ઝિંદા બાકી છે, તેના સિવાય કોઈ મઅબૂદ નથી." (સૂ. મુઅ્મિન, ૪૦/૬૫)

★ قَوْلُهُ الْحَقُّ ۭ وَلَهُ الْمُلْكُ "એનું કલામ સાચુ છે અને એનો જ મુલ્ક છે." (સૂ. અન્આમ, ૬/૭૩)

## ★ અફઆલે બારી તઆલાના ઈલ્મ વિશે ★

અફઆલે બારી તઆલાની સાબિતીમાં એ છે કે બંદો એતેકાદ રાખે કે સર્વ મખ્લૂક અને જે કાંઈ આ કાઈનાતમાં છે સૌને પેદા કરનાર અને તેની તદબીર કરનાર તે જ છે. રબનો ઈર્શાદ છે : وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا تَعْمَلُوْنَ "અલ્લાહે તમને પેદા કર્યા અને સૌને જેનું તમે આયોજન કરો છો."

(સૂ. સાફ્ફાત, ૩૭/૯૬)

આ દુનિયા અન અસ્તિત્વ હતી તેની જ તખ્લીક (સર્જન)થી અસ્તિત્વમાં આવી. તેણે જ દરેક ભલાઈ બુરાઈ, નેક તથા બદની તકદીર ફર્માવી અને તે જ દરેક નફા નુકસાનનો પેદા કરનાર છે. જેમ કે ફર્માવ્યું: اَللّٰهُ خَالِقُ كُلِّ شَيْءٍ "અલ્લાહ તઆલા જ દરેક ચીજને પેદા કરનાર છે." (સૂ. ઝુમર, ૩૯/૬૨)

## ★ શરીઅતના હુકમોની સાબિતીમાં ★

શરીઅતના હુકમોની સાબિતીમાં દલીલ એ છે કે બંદો એતેકાદ રાખે કે અલ્લાહ તઆલાની તરફથી આપણી તરફ મોજિઝાઓ અને ખારિકે આદાત (કરિશ્માઓ)ની સાથે ખુદાના ખૂબ જ અધિક પ્રમાણમો રસૂલ આવ્યા છે અને આપણા રસૂલ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ ખુદાના બરહક્ક રસૂલ છે. આપના મોજિઝાઓ ઘણા છે અને આપે જે પણ ગયબ તથા જાહેરની વાતો વર્ણવી સૌ બરહક્ક છે.

ઈસ્લામી શરીઅતનો પ્રથમ રુકન (પાયો) કલામે મજીદ છે, એના બારામાં હક્ક઼ તઆલા ફર્માવે છે : مِنْهُ اٰيٰتٌ مُّحْكَمٰتٌ هُنَّ اُمُّ الْكِتٰبِ "આમાં મોહકમ (સ્પષ્ટ) આયતો છે જે કિતાબની અસ્લ છે."

*(સૂ. આલે ઈમરાન, ૩/૭)*

બીજો સ્તંભ (પાયો) રસૂલુલ્લાહ ﷺની સુન્નત છે. તેના બારામાં હક્ક઼ તઆલા ફર્માવે છે : مَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۚ وَمَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ "આ રસૂલ જે તમને આપે તેને લઈ લો અને જેનાથી રોકે તેનાથી દૂર રહો." *(સૂ. હશ્ર, ૫૯/૭)*

ત્રીજો રુકન (પાયો, સ્તંભ) ઉમ્મતનો ઈજમાઅ છે, એના બારામાં હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ છે :

لَا تَجْمَعُ أُمَّتِي عَلَى الضَّلَالَةِ عَلَيْكُمْ بِالسَّوَادِ الْأَعْظَمِ. "મારી ઉમ્મત ગુમરાહી પર કદી ભેગી ન થશે, તમે મોટી જમાઅતની સાથે રહો."

એ જ પ્રમાણે હક઼ીક઼તના અહકામ પણ ખૂબ જ અધિક પ્રમાણમાં છે, જો તેને કોઈ એક જગાએ એકત્ર કરીને લખવા ચાહે તો અશક્ય છે, એટલા માટે અલ્લાહ તઆલાના લતાઈફ તથા અસ્રાર (બારીકીઓ તથા રહસ્યો)ની કોઈ હદ નથી.

### ★ અધર્મી તથા બેદીનોની બુરાઈ ★

યાદ રાખવું જોઈએ કે મુલ્હિદ તથા બેદીનોનું એક ગુમરાહ ગૃપ છે (અલ્લાહની લઅનત તેમના પર) તેમનો મઝહબ એ છે કે કોઈ પ્રકારનો ઈલ્મ દુરુસ્ત નથી અને ઈલ્મ જાતે પોતે કોઈ ચીજ નથી. એના જવાબમાં અમે એમને પૂછીએ છીએ કે, બતાવો ! એ જે તમે જાણ્યું કે કોઈ ચીજનો ઈલ્મ દુરુસ્ત નથી, એ વાત પણ એની જગાએ સહીહ છે કે નથી ? જો એ જવાબ આપે કે એ વાત સહીહ છે તો તમે ખુદ ઈલ્મનો સ્વીકાર કરી લીધો. અને જો એવું કહો કે એ પણ સહીહ નથી, તો જે ચીજ જાતે પોતે સહીહ તથા દુરુસ્ત ન હોય તેના વડે જાંચ પરખ કરવી અશક્ય છે, એવી વ્યક્તિથી વાત કરવી પણ દાનાઈ નથી. બેદીનોનો તે ગિરોહ જે આ ખયાલ (માન્યતા) પર વાતો કરે છે, અને ખયાલ ધરાવે છે કે અમારો ઈલ્મ કોઈ ચીજમાં સહીહ નથી, જે દરેક ચીજના ઈલ્મને છોડી દેવો તેને સાબિત કરવા કરતાં અધિક પૂરતું છે. તો તેમનો આ ખયાલ તેમની મૂર્ખામી તથા જહાલત પર આધારિત છે. જો કોઈ ઈલ્મને ત્યજી દેવામાં આવે તો ન ઈલ્મ કોઈ ઈલ્મની નફી (નકાર) કરે છે અને ન વિરોધ તથા મુકાબલામાં આવે છે, જેથી ઈલ્મના થકી ઈલ્મને નકારવું તથા ત્યજવું અશક્ય છે તો ચોક્કસપણે કોઈ ઈલ્મને ત્યજવું જેહાલત તથા નાદાનીથી જ થશે. એ સહીહ છે તો તેનાથી ઈલ્મની નફી (નકારવું) એકદમ જેહાલત અને ત્યજવું સરાસર મૂર્ખાઈ તથા જેહાલત છે, કેમ કે જેહાલત બુરાઈ કરવાને પાત્ર તથા ખરાબ ગુણ છે અને એ કે જેહાલત કુફ્ર તથા બાતિલનો તરીકો છે, હક્ક઼ને જેહાલત સાથે કોઈ સંબંધ નથી. એ વાત તમામ તરીક઼તના મશાઈખની વિરૂધ્ધની છે.

પબ્લિક જ્યારે તેમની મૂખાઈ ભરેલી વાતો સાંભળશે તો તેમને એ કહેવાની હિંમત આવશે કે સર્વ તસવ્વુફવાળાઓનો એતેક઼ાદ ડગુમગુ તથા અસ્ત વ્યસ્ત થઈ જશે અને હક્ક઼ તથા બાતિલમાં ફરક કરવાની ક્ષમતા જતી રહેશે જેથી એમની વાતોને ખુદાના હવાલે કરીએ છીએ કે જેથી મુલ્હિદ તથા બેદીન પોતાની ગુમરાહીમાં ભટકતા રહે. જો દીને હક્ક઼ તેમને કાબૂમાં લઈને તેમની ગરદન પકડતો તો તેમની હાલત એનાથી બેહતર હોત અને દીનની રિઆયત (ખયાલ રાખવુ, રક્ષિત રાખવું)ના હુકમને હાથથી ન છોડતા, ખુદાના મહબૂબોને નાપસંદ તથા મકરૂહ ન કહેતા અને પોતાની સ્થિતિને બેહતર બનાવવાની કોશિશ ન કરતા.

અધર્મીઓનો એ ગિરોહ (ગૃપ) જે હઠધર્મી તથા

જીદમાં સપડાયેલો છે જો દીનના હુસ્નો જમાલ થકી પોતાની આફતોથી છૂટકારો પામતો અને ઈજ્જત તથા મર્તબાના સાયામાં પોતાની જિંદગી ગુજારતો અને હક્કવાળાઓની સાથે બડાઈ જતાવનાર તથા વાદ વિવાદથી પેશ ન આવત અને તેમની ઈજ્જત તથા કરામતને પાયમાલ ન કરત તો તેમના માટે એ કેટલુ સારુ થાત.

સૈયદના હઝરત દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મને એક એવા શખ્સથી બહષનો પ્રસંગ બન્યો જેને લોકો ઈલ્મ પ્રતિ સંબંધિત કરીને ઈલ્મવાળો ખયાલ કરતા હતા, જ્યારે કે ઘમંડ તથા અભિમાનની ટોપીનું નામ ઈલ્મ અને નફસની પયરવીનું નામ સુન્નત અને શૈતાનની મુવાફિકત (અનુરૂપતા)નું નામ ઈમામોની સીરત રાખેલ હતો. બહષ દરમિયાન તેણે કહ્યું કે મુલ્હિદો (અધર્મીઓ)ના બાર ગિરોહ (ગ્રુપો) છે, એમાંથી એક ગિરોહ સૂફીઓનો છે. મેં જવાબમાં કહ્યું, જો એક ગિરોહ તસવ્વુફવાળાઓનો છે તો બાકીના અગ્યાર ગિરોહ તમારામાંથી હશે. પણ એક ગિરોહ ખુદને તમારામાંના અગ્યાર ગિરોહાની સરખામણીમાં ખૂબ સારા તરીકાથી મેહફૂઝ રાખી શકે છે.

આ સર્વ આફતો તથા ખરાબીઓ (ફસાદ) વર્તમાન સમયની ખરાબીનું પરિણામ છે તથા ઉપજ છે. વિના શંકાએ અલ્લાહ તઆલાએ હમેશાં પોતાના અવલિયા અને દોસ્તોની એક જમાઅતને મખ્લૂકથી છુપાવીને રાખેલ છે અને લોકોને એમના ખાતર એમનાથી અલગ રાખેલ છે. શયખુલ મશાઈખ હઝરત અલી ઈબ્ને બંદાર સીર્ફીએ શું સરસ કહ્યું છે : فَسَادُ الْقُلُوبِ عَلٰی حَسْبِ فَسَادِ الزَّمَانِ وَ أَھْلِہٖ ''દિલોનો ફસાદ (ખરાબી જમાના અને જમાનાવાળાઓના ફસાદના એતબાર પર છે.''

હવે અમે તરીકતના મશાઈખના નિર્ણયાત્મક કથનો રજૂ કરીએ છીએ કે જેથી તમને જાણ થઈ જાય કે સૂફિયાએ કિરામ પર અલ્લાહની કેવી સાદિક તથા સાચી ઈનાયતો રહી છે અને તેમના મુન્કિરો કેવા નિષ્ફળ તથા નુકસાનમાં રહ્યા. وباللہ التوفیق *(ક્રમશઃ)*

પેજ 37 નું ચાલુ..

નુકસાન પહોંચે તેનાથી બચવું લાઝિમ છે અને તેમાં પડવું મના છે.

## ચરસ, અફીણ અને અન્ય નશાકારક ચીજો હરામ છે

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું : كُلُّ مُسْكِرٍ خَمْرٌ وَكُلُّ مُسْكِرٍ حَرَامٌ ''દરેક નશાકારક ચીજ શરાબ છે અને દરેક નશાકારક ચીજ હરામ છે.''

એમાં દરેક નશાકારક ચીજ હરામ છે, ચાહે તે નશાકારક ખાવાની ચીજ હોય કે પીવાની, ઘન હોય કે પ્રવાહી, જો તે શરાબની (નશો લાવવાની) તાષીર ધરાવે છે તો હરામ છે. જો કોઈ હશીશ, ચરસ વગેરેને પ્રવાહી સ્વરૂપમાં ઢાળીને પી લે તો એ પણ હરામ થશે. નબી કરીમ ﷺ જવામિઉલ કિલમથી સંબોધિત હતા. આપ એવા સમૃધ્ધ શબ્દ બોલતા જે ઉપયોગના એતબારથી આમ અને પોતાના ભાવાર્થમાં સામેલ સર્વ ચીજો પર આધારિત હોતો, ચાહે તે આપના જમાનામાં મૌજૂદ હોય કે ન હોય.

આના આધારે નશાકારક ચીજોના સર્વ પ્રકારો (ચરસ, અફીણ, હેરોઈન વગેરે) હરામ છે અને તેના પર ખમ્ર (શરાબ)નું નામ લાગુ થાય છે, કેમ કે એ નશાકારક છે અને બુધ્ધિને ગુમ કરી દે છે. ફાસિક તથા ફાજિર લોકો મસ્તી આનંદની કૈફિયત પેદા કરવા માટે તેને લે છે, અને એ ગુણો શરાબમાં જોવા મળે છે. ...*(ક્રમશઃ)*

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૩)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*

**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ કુર્આનમાં સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની ફઝીલત ★

કુર્આન શરીફની ઘણી બધી આયતોથી દલીલો કરતાં ઉલમાએ કિરામ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ એ સૈયદના સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની ફઝીલતને સાબિત કરી છે અને જાહેર છે કે કુર્આન તો જાહેરી ખિલાફત મળતા પહેલાં નાઝિલ થઈ ચૂક્યૂં હતું. કુર્આની આયતો જુઓ :–

**આયત–૧ :–**

لَا يَسْتَوِىْ مِنْكُمْ مَّنْ اَنْفَقَ مِنْ قَبْلِ الْفَتْحِ وَ قٰتَلَ اُولٰٓئِكَ اَعْظَمُ دَرَجَةً مِّنَ الَّذِيْنَ اَنْفَقُوْا مِنْۢ بَعْدُ وَ قٰتَلُوْا

"તમારામાંથી જે લોકોએ ફતહે મક્કાથી પહેલાં પહેલાં અલ્લાહની રાહમાં માલ ખર્ચ કર્યો અને અલ્લાહના માર્ગમાં જંગ લડી તેમનો દરજો ખૂબ જ બુલંદ છે, ત્યારબાદ ખર્ચ કરનારા અને જંગ લડનારા એમના સમાન નથી થઈ શક્તા.

*(સૂરએ હદીદ, ૫૭/૧૦)*

આ આયતની તફસીરમાં વિવિધ ઉલમાએ કિરામે એવી જબરદસ્ત ચર્ચા લખી છે કે એકથી વધીને એક ! દા.ત. તફસીરે બગ્વીમાં છે કે આ આયત સૈયદના સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہના બારામાં નાઝિલ થઈ હતી. આપ સૌથી પહેલાં ઈસ્લામ લાવ્યા. સૌથી પહેલાં અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો. સૈયદના ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે ઈસ્લામના ખાતર સૌ પ્રથમ નબી કરીમ ﷺ અને સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ તલ્વાર ઉઠાવી. (બગ્વી, ૪/૨૯૫) એ જ વાત તફસીરે ખાઝિન, ૪/૨૨૮ અને મદારિક, ૪/૨૨૮ પર પણ મૌજૂદ છે.

**તફસીરે ઈબ્ને કષીરમાં છે કે ઈમાનવાળાઓને એમાં કોઈ શક નથી કે આ આયતમાં સિદ્દીકે઼ અકબર** رضی اللہ عنہ **સૌથી ટોપ પર છે.** لَهُ الْحَظُّ الْاَوْفَرُ અને સર્વ અંબિયાની ઉમ્મતોમાંથી તેના પર અમલ કરવામાં આપ સૈયદ તથા સરદાર છે. તેમણે પોતાનો સઘળો માલ અલ્લાહની રઝા માટે ખર્ચ કરી આપ્યો.

*(ઈબ્ને કષીર, ૪/૪૦૪)*

**તફસીરે કુર્તબી**માં છે કે આ આયત અબૂબક્ર رضی اللہ عنہની અફઝલિયતની ઉઘાડી સાબિતી છે. આપ સૌથી આગળ છે, એટલા માટે કે આપ સૌથી પ્રથમ ઈમાન લાવ્યા, સૌ પ્રથમ જેહાદ કર્યો અને સૌથી પહેલાં અલ્લાહના નબી પર પોતાનો માલ ખર્ચ કર્યો.

*(તફસીરે કુર્તબી, ૧૭/૨૦૬)*

**ઈમામ ફખ્રુદ્દીન રાઝી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે વાહિદીનો ક઼ૌલ છે કે અબૂબક્ર પ્રથમ શખ્સ છે જેમણે

ઈસ્લામની ખાતર જંગ લડી, જ્યારે કે અલી ઈસ્લામના શરૂઆતના દિવસોમાં નાના બાળક હતા. *(તફસીરે કબીર, ૧૦/૪૫૨)*

**બયઝાવી**માં છે કે આ આયત અબૂબક્ર رضی اللہ عنہના બારામાં નાઝિલ થઈ, એટલા માટે કે આપ رضی اللہ عنہ સૌ પ્રથમ ઈમાન લાવ્યા અને અલ્લાહની રાહમાં માલ ખર્ચ કર્યો અને કાફિરો સાથે લડયા, ત્યાં સુધી કે એટલા જબરદસ્ત માર ખાધા કે માણસ તેનાથી મૃત્યુ પામી શકે છે. *(તફસીરે બયઝાવી, ૨/૪૬૮)*

મક્કાના મુશ્રિકોએ જ્યારે નબી કરીમ ﷺના ગળામાં કપડુ નાખીને શ્વાસ મુબારક દબાવવાની કોશિશ કરી તો સિદ્દીકે અકબર رضی اللہ عنہએ મુશ્રિકો સાથે ઝપાઝપી કરીને તેમને દૂર કર્યા અને ફર્માવ્યું, તમે એ માણસને કત્લ કરવા ચાહો છો કે જે એવું કહે છે કે મારો રબ અલ્લાહ છે અને તે તમારા પાસે રબની તરફથી મો'જિઝા પણ લાવેલ છે.

*(બુખારી, હદીષ નં. : ૪૮૧૫, ૩૮૫૬, ૩૬૭૮)*

એક અન્ય હદીષમાં છે કે લોકોએ પૂછયું કે મુહમ્મદ ﷺનો આ હમદર્દ કોણ છે ? અન્ય લોકોએ જવાબ આપ્યો કે આ અબૂ કહાફાનો પુત્ર છે પાગલ ! *(મુસ્તદરક, હાકિમ, હદીષ નં. : ૪૪૮૦)*

આખરમાં **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી** عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانْનો ઈર્શાદ રજૂ કરીએ છીએ, જે પોતાની સદીના મુજદ્દિદ અને ઈસ્લામી જગતની અઝીમતરીન ઈલ્મી તથા રૂહાની શખ્સિયતોમાં ગણના પામે છે. ફર્માવે છે :–

આ આયત એ વિષય પર દલીલ (નસ) છે કે **ફતહથી પહેલાં કુર્બાનીઓ આપનાર બાદવાળાઓ કરતાં બેહતર છે.** قَالَ اِلٰی اَنْ સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હિજરતથી પહેલાં જંગ પણ કરી અને અલ્લાહની રાહમાં ખર્ચ પણ કર્યો. ફારૂકે આ'ઝમે હિજરત પહેલાં જંગ પણ કરી અને અલ્લાહની રાહમાં ખર્ચ પણ કર્યો. ફારૂકે આઝમે હિજરતથી પહેલાં જંગ કર્યો, અન્ય સર્વ સહાબાથી વિપરિત. હઝરત મુર્તઝા હોય કે તેમના સિવાયના સ હાબા, તેમણે હિજરતથી પહેલાં લડાઈ નથી કરી. જેથી આ આયતથી સાબિત થઈ ગયું કે શૈખેન رضی اللہ عنہما હઝરત મુર્તઝા رضی اللہ عنہથી અફઝલ છે.

*(ઈઝાલતુલ ખફા, ૧/૨૯૬, ૨૯૭)*

**ઈમામ બગવી** رحمۃ اللہ علیہએ આ જ આયતની તફસીરમાં શાને સિદ્દીકે અકબર رضی اللہ عنہમાં એક જબરદસ્ત હદીષ પોતાની સંપૂર્ણ સનદની સાથે નકલ ફર્માવી છે. લખે છે :–

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર હતો. હઝરત અબૂબક્ર પણ મૌજૂદ હતા. આપે અબા (જબ્બો) પહેરેલ હતી જેને સામે કાંટા વડે બખિયો કરેલો હતો. એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા. તેમણે અર્ઝ કરી, અબૂબક્ર (رضی اللہ عنہ)એ આ કેવો લિબાસ પહેરી રાખ્યો છે ? આપે ફર્માવ્યું, તેણે પોતાનો પૂરો માલ ફતહે મક્કાથી પહેલાં મારા પર ખર્ચી નાખ્યો છે. હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કર્યું, **અલ્લાહ તઆલા** عَزَّوَجَلَّ **ફર્માવે છે કે અબૂબક્રને મારા સલામ પહોંચાડો અને એમને પૂછો કે શું તમે આ ફકીરીના હાલતમાં મારાથી ખુશ છો કે નારાજ છો ?** રસૂલુલ્લાહ ﷺએ સિદ્દીકે અકબર رضی اللہ عنہને સલામ પહોંચાડયા અને આ સવાલ પૂછયો. અબૂ બક્રએ અર્ઝ કરી, હું મારા રબથી નારાજ થઈ શકુ છું ?! હું મારા રબથી રાજી છું ! હું મારા રબથી રાજી છું ! (બગ્વી, ૪/૨૯૫, ઈબ્ને કષીર, ૪/૪૦૪, અબૂ નુઐમ, ૭/૧૦૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૨/૨૨૮) قَالَ ابْنُ كَثِيْر اِسْنَادُهٗ ضَعِيْفٌ

**ઈમામ કુર્તબી** رحمۃ اللہ علیہ લખે છે, આ જ કારણ છે કે તમામ સહાબાએ અબૂબક્રને પોતાનાથી અગ્રેસર

સમજયા છે અને અબૂ બક્રના અફઝલ હોવાનું અને આગળ નીકળુ જવાનું સ્વીકાર્યું છે. સૈયદના અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ ફર્માવે છે કે **નબી કરીમ** ﷺ **અવ્વલ (પ્રથમ) છે, અબૂબક્ર બીજા છે અને ઉમર ત્રીજા છે અને જે શખ્સે મને અબૂબક્ર તથા ઉમરથી અફઝલ કહ્યો તેને હું તોહમત લગાડનારની સજાના રૂપે એંસી કોરડા મારીશ** અને તેને શરઈ ગવાહીના માટે અપાત્ર ઠરાવીશ. પહેલાવાળાઓએ બાદવાળાઓની સરખામણીમાં અધિક તકલીફો ઉઠાવી છે, અને તેમની રાય તથા મશ્વરા લાગુ થયા છે જેનાથી ઈસ્લામે પ્રગતિ કરી છે. *(તફસીરે કુર્તબી, ૧૭/૨૦૬)*

સર્વ અહલે સુન્નતને એ વાત પર એટલા પ્રમાણમાં યકીન તથા સમર્થન હાંસલ છે કે **અમે આ હદીષને પાયો બનાવીને અમારી કિતાબનું નામ પણ "ઝર્બે હૈદરી" રાખ્યું છે. આજે જો મૌલા અલી** رضی اللہ عنہ**, મૌજૂદ હોત તો એ તફઝીલીઓને એંસી એંસી કોરડા મારતા.** જેથી અમારાથી નારાજ થતાં પહેલાં વિચારી લેશો કે અમારા માથા પર મૌલા અલી رضی اللہ عنہના સમર્થનનો દસ્તે પાક મૌજૂદ છે જેનો જીવ ચાહે મૌલા અલી رضی اللہ عنہ પર ઈમાન લઈ આવે અને જેનો જીવ ચાહે તેમનાથી જંગ કરીને જોઈ લે.

આના ઉપરાંત ઉલમાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ ઘણી બધી આયતો વડે અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પર દલીલો કરી કરી છે. જેમાંથી અમુક આયતો નીચે મુજબ છે :

**આયત-૨ :** وَثَانِيَ اثْنَيْنِ اِذْ هُمَا فِي الْغَارِ "બેમાંથી બીજો, જ્યારે તે બંનેવ ગુફામાં હતા." (સૂ. તૌબા, આ. ૪૦) એની તફસીરમાં સૈયદના હસ્સાન બિન ષાબિત ફર્માવે છે કે : يَعْدِلُ بِهٖ رَجُلاً "અબૂબક્ર જેવો કોઈ નથી. *(મુસ્તદરક, હાકિમ, હદીષ નં. ૪૪૬૮)*

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "હે અલ્લાહ ! હસ્સાનની જિબ્રઈલ થકી મદદ ફર્માવ." (બુખારી, હદીષ નં. ૪૫૩, ૩૨૧૨, ૬૧૫૨, મુસ્લિમ, હદીષ-૬૩૮૪) અને જિબ્રઈલ અલ્લાહના હુકમ વિના નથી ચાલતા. તો હઝરત હસ્સાને જે કાંઈ ફર્માવ્યું તે અસલમાં ખુદાનું ફર્માન છે.

**આયત-3 :-**

وَ مَنْ يُّطِعِ اللّٰهَ وَ الرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ
عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِيْنَ

"જે અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારી કરે તો તે લોકો એમની સાથે હશે જેમના પર અલ્લાહે ઈનામ કર્યું જેઓ અંબિયા, અને સિદ્દીક અને શહીદ તથા સાલેહીન છે. *(સૂ. નિસાઅ, આ. ૬૯)*

**આયત-૪ :-**

اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِي الْاَرْضِ اَقَامُوا الصَّلٰوةَ وَ اٰتَوُا الزَّكٰوةَ
وَ اَمَرُوْا بِالْمَعْرُوْفِ وَ نَهَوْا عَنِ الْمُنْكَرِ

"એ લોકો એવા છે કે જો અમે તેમને જમીનમાં સલ્તનત અતા કરીએ તો તેઓ નમાઝ કાયમ કરે અને ઝકાત આપે અને નેકીનો હુકમ આપે અને બુરાઈથી મના કરે." *(સૂ. હજ્જ, આ. ૪૧)*

**આયત-૫ :** કુર્આન મજીદ કેટલીય આયતો નકલ કર્યા બાદ وَسَيُجَنَّبُهَا الْاَتْقَى "અને ઘણો જ એનાથી દૂર રાખવામાં આવશે જે સૌથી મોટો પરહેઝગાર." (સૂરએ લૈલ, આ. ૧૭)ની તફસીરમાં **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ લખે છે કે,

بس صدیقِ اکبر اتقی امت است و اتقی امت اکرم امت است وھو المطلوب بایں اسوب کہ تقریر نمودیم کتاب اللّٰہ بو جوہ بسیار بر افضلیت صدیق و فاروق دلالت می نماید

"બસ ! સિદ્દીકે અકબર رضی اللہ عنہ પૂરી ઉમ્મતમાં સૌથી અધિક મુત્તકી છે. અને જે ઉમ્મતમાં સૌથી અધિક મુત્તકી હોય છે તે સૌથી વધુ અકરમ હોય છે. અને અમે એ જ સાબિત કરવા ચાહીએ છીએ. અલ્લાહની કિતાબ ઘણા બધા કારણોસર સિદ્દીકે અકબર رضی اللہ عنہ તથા ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની અફઝલિયત પર દલીલો કરી રહી છે." *(અઝ : ઈઝાલતુલ ખિફા, ૧/૩૦૧)*

**હઝરત અલ્લામા ઈબ્ને જવઝી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : اَجْمَعُوْا اَنَّهَا نَزَلَتْ فِیْ اَبِیْ بَکْرٍ "એના પર ઈજમાઅ છે કે આયત હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના બારામાં નાઝિલ થઈ." (સવાઈકે મુહર્રિકા, પેજ : ૬૬) ઈમામ ફખ્રુદ્દીન રાઝી લખે છે કે :–

اَجْمَعَ الْمُفَسِّرُوْنَ مِنَّا عَلٰی اَنَّ الْمُرَادَ مِنْهُ اَبُوْ بَکْرٍ رضی اللہ عنہ
اِنَّ بَعْضَهُمْ حَکَی الْاِجْمَاعَ مِنَ الْمُفَسِّرِیْنَ عَلٰی ذَالِکَ

"અમારા સર્વ મુફસ્સિરોનો એના પર ઈજમાઅ છે કે આ આયતમાં સૌથી અધિક તક્વાવાળા હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને ઠરાવવામાં આવેલ છે."

*(તફસીરે કબીર, ૧૧/૧૮૭)*

**હઝરત અલ્લામા ઈમાદુદ્દીન ઈબ્ને કષીર** લખે છે કે :–

وَ فِیْهَا التَّصْرِیْحُ بِاَنَّهٗ اَتْقٰی مِنْ سَائِرِ الْاُمَّةِ وَالْاَتْقٰی هُوَ الْاَکْرَمُ عِنْدَ اللّٰهِ لِقَوْلِهٖ تَعَالٰی اِنَّ اَکْرَمَکُمْ عِنْدَ اللّٰهِ اَتْقَاکُمْ وَالْاَکْرَمُ عِنْدَا اللّٰهُ هُوَ اَفْضَلُ فَنَتَجَ اَنَّهٗ اَفْضَلُ مِنْ بَقِیَّةِ الْاُمَّةِ

"અમુક મુફસ્સિરોએ એના પર ઈજમાઅ વર્ણવ્યો છે કે આ આયત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના બારામાં ઉતરી."

*(તફસીરે ઈબ્ને કષીર, ૪/૭૦૭)*

**અલ્લામા ઈબ્ને હજર મક્કી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : اَلْاَتْقٰی "આ આયતમાં સ્પષ્ટતા છે કે અબૂબક્ર આખી ઉમ્મતથી વધીને મુત્તકી છે. અને કુર્આનની રોશનીમાં જે મુત્તકી હોય છે તે અકરમ હોય છે. અને જે અલ્લાહને ત્યાં અકરમ છે, એ જ અફઝલ છે. પરિણામ એ નીકળ્યું કે અબૂબક્ર رضی اللہ عنہ પૂરી ઉમ્મતમાં અફઝલ છે, અને આયતને હઝરત અલી رضی اللہ عنہ પર ફીટ કરવી શક્ય નથી, જેવું કે અમુક જાહિલોએ અત્યંત કક્ષાનું જૂઠ ઘડયું છે."

*(સવાઈકે મુહર્રિકા, પેજ : ૬૬)*

**અલ્લામા જલાલુદ્દીન સિયૂતી** عَلَیْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે કે,

قَدْ تَوَارَدَتْ خَلَائِقُ مِنَ الْمُفَسِّرِينَ لَا يُحْصَوْنَ عَلَى أَنَّهَا نَزَلَتْ فِي أَبِي بَكْرٍ

નો શબ્દ સિદ્દીકે અકબર رضی اللہ عنہના બારામાં ખાસ છે અને નહવી કાયદાના લેહાઝથી કોઈ બીજો એમાં સામેલ નથી થઈ શક્તો." (અલ ઈત્કાન, ૧/૩૦) તેમજ ફર્માવે છે કે, "દુનિયાના મુફસ્સિરો જેમની સંખ્યા હદ તથા હિસાબથી બહાર છે તેઓ એ વાત પર એકમત છે કે આ આયત હઝરત અબૂબક્ર رضی اللہ عنہના બારામાં નાઝિલ થઈ." *(અલ્હાવી લિલ્ફતાવા, ૧/૩૧૪)*

**અલ્લામા સિયૂતી** رحمۃ اللہ علیہએ આ આયતની તફસીરમાં પૂરી કિતાબ લખી છે જેનું નામ છે, 'અલ્ હબ્લુલ વષીક ફી નુસ્તુસ્સિદ્દીક.' આ રિસાલો અલ હાવી લિલ્ ફતાવામાં મૌજૂદ છે. લેખક رضی اللہ عنہએ આયત થકી અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ સાબિત કરવાની અતિશય કોશિશ કરી છે અને મુન્કિરોને તફઝીલી જ નહીં બલ્કે રાફઝીઓના સાથી અને ખબીષ (ગંદા) અકીદાવાળા કહી દીધા છે.

**હઝરત અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી** رحمۃ اللہ علیہ લખી છે :–

لِا تَفَاقِ الْمُفَسِّرِينَ عَلٰى اَنَّ الْاٰيَةَ نَزَلَتْ فِيْ أَبِيْ بَكْرِ الصِّدِّيقِ رضی اللہ عنہ

"એના પર મુફસ્સિરોનો ઈજમાઅ તથા એકમતી છે કે આ આયત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہના બારામાં નાઝિલ થઈ." *(તફસીરે મઝહરી, ભાગ : ૧૦, તફસીરે સૂરએ લૈલ–૧૭)*

**ઈમામે અહલે સુન્નત શાહ ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہએ પણ આ આયતની તફસીરમાં અરબી ઝબાનમાં સો પેજો પર આધારિત એક સવિસ્તાર રિસાલો લખ્યો છે જેનું નામ : اَلزُّلَالُ الْاَنْقٰی مِنْ بَحْرِ سَبْقَةِ الْاَتْقٰی છે જે ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૨૮માં છપાઈ ચૂક્યો છે.

*અસ્દકુસ્સાદિક઼ીન સૈયદુલ મુત્તક઼ીન*

*ચશ્મો ગોશે વઝારત પે લાખોં સલામ*

જ્યાં સુધી મુત્તક઼ી હોવાનો સંબંધ છે તો દરેક સહાબી મુત્તક઼ી છે, પરંતુ અહીં વાત મુત્તક઼ીની નથી બલ્કે اَلْاَتْقٰیની થઈ રહી છે. જેમ કે તફસીરે ઝિયાઉલ કુર્આનમાં છે : હુઝૂર સરવરે આલમ ﷺની અક઼ીદતના વર્તુળમાં દાખલ થનારા સર્વ એ જ સિફતો (ગુણો)થી સજ્જ હતા, અને તેનું સર્વ શ્રેષ્ઠ દષ્ટાંત હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના અમલમાં મળે છે. *(ઝિયાઉલ કુર્આન, ૫/૫૮૨)*

કુર્આન મજીદમાં સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہના માટે નીચે મુજબના શબ્દો વપરાયા છે : (૧) اَلْاَتْقٰی (સૂરએ લૈલ, આ. ૧૭) (૨) મહાન દરજાવાળા (સૂરએ હ઼દીદ, આ. ૧૦) (૩) સાબિક઼ (અગ્રતાવાળા) (સૂરએ વાક઼િઆ, આ. ૧૦) (૪) મુકર્રબ–નઝદીકીવાળા (સૂરએ વાક઼િઆ, આ. ૧૧) (૫) સાહિબુ રસૂલ (સૂરએ તૌબા, આ. ૪૦) (૬) ષાની અષ્નૈન (સૂરએ તૌબા, આ. ૪૦) (૭) સમર્થન કરનાર (સૂરએ ઝુમર, આ. ૩૩) (૮) સિદ્દીક઼ને રબ રાજી કરશે. *(સૂરએ લૈલ, આ. ૩૧)*

આયત وَلَسَوْفَ يَرْضٰیની સાથે જરા તે હદીષ જોડીને જુઓ કે, "અબૂ બક઼ رضی اللہ عنہ ના એહસાનોનો બદલો ક઼યામતના દિવસે ખુદ અલ્લાહ તઆલા આપશે." હવે જણાવો ! આ શબ્દોનો તેમજ સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની ખૂબીઓ (વિશિષ્ટતાઓ) પણ ગણતા જાવ. આ કેવળ કુર્આન છે, હવે જરા હદીષ પણ જુઓ. .....*(ક્રમશઃ)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

સુન્નિયતની મજબૂતી માટે **બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા**ના ગ્રાહક બનો.

બેંકની વિગત
બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000301
IFSC Code : BARB0DAYADR
ISLAMIC WELFARE MISSION

PhonePe
Paytm/GPay
9427464411

**વાર્ષિક લવાજમ**
Rs. 300/-
Mob. 9427464411

**સરનામુ :** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા

## શબે મેઅરાજના નવાફિલ

- **૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ**. ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ.

  **ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કબૂલ થશે.

- **૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

  **૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

- **૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ**, બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે.

  **ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

- **૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

**اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهِ للطَّاهِرِيْنَ**
**وَلَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔**

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.)*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

- **ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

- **રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે.

*(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

**ઈન્તેકાલ પુરમલાલ !**

❒ **દયાદરા** : ખાતે બુધવાર તા. ૧૬–૧૧–૨૦૨૪ મુ.તા. ૨૦ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૬ના રોજ અહમદ ઈસ્માઈલ મૂસા ઉમરનો ઈન્તેકાલ થયો છે. ❒ **દયાદરા** : ખાતે જુમ્આ તા. ૧૩–૧૨–૨૦૨૪, મુ. ચાંદ ૧૦ જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૪૬ના રોજ હજીયાણી રશીદાબેન આદમ મૂસા ઉમરનો ઈન્તેકાલ થયો છે. ❒ **દયાદરા** : ખાતે તા. ૧૪–૧૨–૨૦૨૪, મુ. તા. ૧૨ જમાદિઉલ આખરના રોજ હજીયાણી ઝુલેખાંબેન ગુલામ પોસ્ટ માસ્તરનો ઈન્તેકાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*

## મોડાસાના મખ્દૂમ (દાતા ગંજબખ્શ અલી હિજવૈરી)ના પરિવારનો પુત્ર બન્યો ફિઝિયો થેરાપિસ્ટ ડૉક્ટર, રાજસ્થાનના ગવર્નર (રાજ્યપાલ)ની ઉપસ્થિતિમાં સૈયદ ડૉ. આકિબ કાઝીને ફિઝિયોથેરાપિસ્ટની ડિગ્રી અર્પણ.....

તારીખ ૨૫ ઓકટોબર ૨૦૨૪ના રોજ એપેક્સ યુનિવર્સિટી જયપુર રાજસ્થાન ખાતે કોન્વોકેશન ૨૦૨૪માં રાજસ્થાનના ગવર્નર (રાજયપાલ)ની ઉપસ્થિતિમાં સૈયદ ડૉ. આકિબ કાઝીને બીપીટી ફિઝિયોથેરાપી ડૉકટરની ડિગ્રી આપી સમ્માન કરવામાં આવ્યું હતું. ડૉ. આકિબ કાઝીએ ફિઝિયોથરોપીની ડિગ્રી ફર્સ્ટ ડિવિઝનથી પાસ કરી છે. ડૉ. કાઝીએ બીપીટી ફિઝિયોથેરાપીની ઈન્ટર્નશિપ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ગુજરાતથી કરી છે. ડૉ. આકિબ કાઝીને ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભચ્છા ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની મુજાહિદ હાફિઝ મૂસા વેમી ઝંઘારવીએ દુનિયાને અલવિદા કહી !

**પ્રેસ્ટન (યુ.કે.)** : તા. ૧૪–૧૨–૨૦૨૪, ૧૧–જમા. આખર હિ.સ. ૧૪૪૬ શનિવારના રોજ એક મર્દે મુજાહિદ, સુન્નિયતના નિરાલા ખાદિમ **'જનાબ હાફિઝ મૂસા વેમી ઝંઘારવી'**નો પ્રેસ્ટન યુ.કે. ખાતે લગભગ ૮૫–૮૬ વરસની વયે ઈન્તેકાલ થયો એના સમાચાર મળતાં દિલમાં રંજની કૈફિયત છવાઈ ગઈ કે સુન્નિયતની ખિદમતના એક યુગનો અસ્ત થઈ ગયો ! આપે દીનો સુન્નિયત માટે યુ.કે. પ્રેસ્ટન ખાતે પાયાનાં કામો કર્યા છે. કોઈ સમજે તો પાયો અગત્યની ચીજ છે, પછી પાછળથી આવનારા તેના પર આસ્માનને સ્પર્શતી બિલ્ડિંગો બનાવી આપે તો એ પણ સારુ કામ છે, પણ પાયો સ્થાપવું કઠિન કામ હોય છે. વરસો પહેલાં સુન્ની મસ્જિદોની ઉણપ હતી ત્યારે સૌ પ્રથમ રઝા મસ્જિદ, ત્યારબાદ નૂર મસ્જિદ તેમજ નૂરાની મસ્જિદની સ્થાપ્નામાં આપે મહત્વનો તથા આગળ પડતો રોલ ભજવ્યો. મુદર્રિસ તરીકે આપના અથાક પ્રયત્નોથી અસંખ્ય તલબા હાફિઝે કુર્આન બન્યા. મર્હૂમે દીની સાહિત્યના પ્રચારમાં પણ અગત્યનો રોલ ભજવ્યો છે. આપે કાનૂને શરીઅત, સીરતે રસૂલ અરબી ﷺ (લેખક : નૂર બખ્શ તવક્કુલી رحمۃ اللہ علیہ પાક.) શફાઅતે મુસ્તફા (આ'લા હઝરત رحمۃ اللہ علیہ), હજજ તથા ઝિયારતના મસાઈલ (જે અનેકવાર છપાઈ), બુઝુર્ગોના અક઼ીદા...... વગરે કિતાબોને ગુજરાતી અનુવાદ કરીને તેમજ પોતાના ભાઈ મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી પાસે પણ તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (અર્શદુલ કાદરી), હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની કરામતો, કાનૂને શરીઅત, ભાગ–૨ વગેરે અનુવાદ કરાવી તેમજ સુન્ની માસિકોમાં આપના ઈમાન અફરોઝ આર્ટિકલ્સ છપાતા રહ્યા. તેમજ અહલે સુન્નતના અગ્રગણ્ય ઉલમા મશાઈખને યુ.કે. આમંત્રિત કરીને તેમની વઅઝો નસીહત ફેલાવી સુન્ની અવામમાં ઈલ્મે દીનનો ફેલાવાની કોશિશો કરી. **મોહસિને સુન્નિયત પીરે તરીક઼ત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા પેટલાદી** رحمۃ اللہ علیہના આપ મુરીદ હતા તથા પોતાના મુર્શિદની રહબરીમાં આ સર્વ કામો કરતા રહ્યા હતા. જીવનભર જ્યાં સુધી શારીરિક શક્તિ રહી આપ ખિદમતે દીનમાં મશગૂલ રહેતા હતા. હિંદુસ્તાનમાં આવતા તો સુન્ની ઈદારાઓની મુલાકાત લઈ સહકાર કરતા હતા તેમજ યોગ્ય માર્ગદશન પણ આપતા હતા. આપની સાથે નાચીઝે મારહરા શરીફ, બરેલી શરીફ, પીલીભીત શરીફ, દિલ્હીમાં પણ હઝરત નિઝામુદ્દીન અવલિયા, કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી, શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ વગેરે બુઝુર્ગોના આસ્તાનાઓની હાજરી આપી હતી. અલ્લાહ તઆલા આપની દીની ખિદમતોને તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં ક઼બૂલ ફર્માવે, આપની ક઼બ્રને તેની રહ્મતના નૂરથી ભરી આપે, ક઼બ્રમાં જન્નતની ખિડકી ખોલી આપે, ક઼યામતના અઝાબથી બચાવે, જન્નતુલ ફિરદોસમાં આ'લાથી આ'લા મક઼ામ અતા કરે, આપના ચાહકો, ઘરવાળાઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*